
**સરપરસ્ત**



પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)



અખિલ ગુજરાત શીઆહ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

# જાફરી આવાઝ

વર્ષ : ૩૦ ❖ અંક : ૪ ❖ ૧૦, ડિસેમ્બર-૨૦૧૦

૩, મોહર્રમ, હિ.સન-૧૪૩૨ ❖ સળંગ અંક : ૩૫૨

**આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા**

**માનદ તંત્રી**

કાસમભાઈ વિજાપુરા (મોબા. : ૯૪૨૬૫ ૪૧૪૭૨)

સહતંત્રી : માસૂમ મહેરપુરી
મો.૯૬૮૭૬૭૯૫૧૩

વ્યવસ્થાપક : ઈબ્રાહીમ ડી. વાઘ
✆ ૨૨૭૨૯૬ મો.૯૪૨૮૬૪૬૪૭૬

મશાયખ કમ્પ્યૂટર : જાફરી આવાઝ ૯૯૨૫૭૩૦૧૦૭

સહ વ્યવ. : અકબરઅલી એ. મસી
મો.૯૮૨૫૪૯૭૧૭૮, ૯૪૨૯૩૭૦૮૫૨
હનીફભાઈ વી. મતિયા

**સલાહ અને માર્ગદર્શન**

મોલ્વી હાસમભાઈ વલીભાઈ ગાંધી(સિધ્ધપુર)

**મુખપૃષ્ઠ સજાવટ**

શબ્બીરઅલી ગુલામમહંમદ રેવાસીયા(જેઠીપુરા)

**કાર્યાલયનું સરનામુ**

'જાફરી આવાઝ'(માસિક)
મુ.પો. ઈલોલ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા
પીન-૩૮૩ ૨૨૦. ફોન : ૦૨૭૭૨-૨૨૭૨૯૬

Website : www.jafariaawaz.com
Email : jafariaawaz@gmail.com

વાર્ષિક લવાજમ રૂા.૬૦/-
પંચવર્ષિય લવાજમ રૂા.૨૮૦/-
(મોહર્રમ માસથી જ ગ્રાહક થવાય છે.)

SUBJECT TO HIMATNAGAR JURISDICTION


## લેખ સૂચિ


| | |
|---|---|
| ❊ ઊઘડતે પાને | ૦૧ |
| ❊ અહાદીસ | ૦૭ |
| ❊ કુરઆન શિક્ષણ | ૦૯ |
| ❊ ગડમથલ | ૧૦ |
| ❊ ફકીરી એ જ મહાનતા | ૧૧ |
| ❊ હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)એ પઢેલ મજલિસ | ૧૫ |
| ❊ ઝિબ્હે અઝીમ | ૧૯ |
| ❊ કુરઆને મજીદના સૂરાઓનો પરિચય | ૨૭ |
| ❊ મેઅરાજ : સ્વર્ગ આરોહણની રાત | ૨૯ |
| ❊ આરોગ્યની સાચવણી | ૩૨ |
| ❊ સુપરમેન ઈન ઈસ્લામ : હ.ઈમામ જાફર સાદિક(અ.) | ૩૩ |
| ❊ નહજુલ બલાગહ | ૩૭ |
| ❊ અરબી મૂળાક્ષરોનો પરિચય | ૪૦ |
| ❊ જુંબિશે લબ | ૪૧ |
| ❊ તૌહીદ | ૪૩ |
| ❊ શેખ સાઅદીની શાયરીનો રસાસ્વાદ | ૪૫ |
| ❊ મશાયખવાણી | ૪૭ |
| ❊ સર્વશ્રેષ્ઠ સ્મરણ | ૫૧ |
| ❊ જ્ઞાનગોષ્ઠિ | ૫૪ |
| ❊ આપણા ઘરની વાતો | ૫૭ |
| ❊ 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન | ૫૯ |


## ઊઘડતે પાને...

ખરા બપોરનો સમય.

ગરમી કહે મારું કામ.

ચો તરફ લૂ ફૂંકાતી હતી.

રણની ગરમ ગરમ રેતીના કણો શરીરને દઝાડી રહ્યા હતા. સૂર્યનાં ગરમ કિરણો ધરતીની છાતીને શેકી રહ્યાં હતાં.

કાફલામાંથી એક જણે બુલંદ અવાજે તકબીર કહી. ઈમામ હુસૈન(અ.)એ તકબીર કહેવાનું કારણ પૂછ્યું,

સહાબીએ અરજ કરી,

'અય ફરઝંદે રસૂલ ! અહીંથી થોડે દૂર મને

ખજૂરનાં ઝાડ હોય તેવું દેખાયું છે.'

બીજા સહાબીએ કહ્યું,

'ખુદાની કસમ, આ જગ્યાની આસપાસ અમે ક્યારેય ખજૂરનાં ઝાડ જોયાં નથી.'

ઈમામે ફરમાવ્યું,

'તો પછી તપાસ કરો કે શું છે ?'

બારીક નજરે જોયું તો ભાલાની અણીઓ દેખાઈ. ઘોડાઓના કાન દેખાયા. ધૂળ ઉડતી દેખાઈ. એક લશ્કર આવી રહ્યું હતું.

ઈમામે ફરમાવ્યું,

'શું અહીં કોઈ એવું સ્થળ છે ખરું કે જેની તરફ પીઠ કરીને આપણે આ લોકોનો મુકાબલો કરી શકીએ ?'

એક જણે અરજ કરી,

'મૌલા ! ડાબી તરફ ચાલો. એ તરફ ઝુહસમની ટેકરીઓ પણ છે અને અન્સારોનો કબીલો પણ છે.'

ઈમામે આ સૂચન સ્વીકાર્યું અને ત્યાં ગયા પછી આપે ખૈમા ઊભા કરીને એહલેહરમને નીચે ઉતારવાનું કહ્યું.

થોડી વારમાં જ લશ્કર આવી પહોંચ્યું. એક હજારનું દુશ્મન લશ્કર. લશ્કરના સરદારનું નામ હુર ઈબ્ને યઝીદ રિયાહી. પરંતુ આ શું... ? ઈમામે જોયું કે લશ્કર તરસ્યું છે. માણસોના જીવ હોઠે આવી ગયા છે. કરીમ ઈબ્ને કરીમ એવા ઈમામે દુશ્મનોના નેઝાઓ તરફ ન જોયું. તલવારોની ચમક અને ભાલાઓની લચક તરફ ન જોયું. માનવતાના એ ઉપકારકે તરસને લીધે કરમાયેલા માણસોના ચહેરાઓ તરફ જોયું અને તેમને પાણી પાવાનો હુકમ છોડ્યો,

છેલ્લી મંઝિલથી એટલે કે મંઝિલે શરાફથી જ્યારે આપ નીકળ્યા ત્યારે આપે હુકમ કર્યો હતો કે મશકો ભરી લો. લોકો એવું સમજ્યા હતા કે ગરમીની ઋતુ છે, જંગલનો પ્રવાસ છે, બાળકો સાથે છે એવું સમજીને ઈમામે મશકો ભરાવી છે. પરંતુ કોને ખબર હતી કે સાકીએ કૌસરના લાલ હુસૈને આ મશકો તો દુશ્મનો માટે ભરાવી છે.

ઈમામનો હુકમ થતાં જ હુસૈની કાફલાના બધા જ સભ્યો દુશ્મનોને પાણી પાવામાં પરોવાઈ ગયા. માણસો તો માણસો પણ જાનવર સુધ્ધાંને સયરાબ કરી દીધાં.

અય કુરઆનની તિલાવત કરનારાઓ ! શું તમને કુરઆનની આ આયતની ખબર નથી ?

**લકદ ખલકનલ ઈન્સાન ફી અહસને તકવીમ શુમ્મ રદદનાહો અસ્ફલ સાફેલીન.**

(અમોએ માણસને શ્રેષ્ઠતાના અંદાજથી પેદા કર્યો પરંતુ તે પતન(ની ઊંડી ખીણ) તરફ પાછો ફરી ગયો.)

ઈમામ હુસૈન(અ.) **અહસને તકવીમ**ની તફસીર હતા. દુશ્મનો સાથે પણ સદવર્તન કરનાર લોકો માટે નમૂનારૂપ હતા.

દુશ્મનો ઈમામના આ ઉપકારને થોડા સમયમાં જ ભૂલી ગયા. કરબલામાં ઈમામના ખૈમાઓને ફુરાતના કિનારેથી ખસેડીને દૂર લઈ જવાની ફરજ પાડી અને આપના ઉપર પાણી બંધ કરી દીધું.

કરબલામાં કુરઆનના કારી પણ હતા. કુરઆનના હાફિઝ પણ હતા, પરંતુ મુહાફિઝ ન હતા. ઉમર સાઅદ પોતે પણ મોટો આલિમ હતો

**ઉઠાતે હૈ જો અપને નફ્સ પર ઝેહમત મુહર્રમમેં,**
**ઉન્હીં પર હૈ ખુદાએ પાકકી રહેમત મુહર્રમમેં.**

(જે લોકો મોહર્રમ મહિનામાં પોતાના નફસને તકલીફ આપે છે તેમના ઉપર મોહર્રમમાં ખુદા પાકની રહેમત ઉતરે છે.)

પરંતુ કુરઆને તેને શું ફાયદો પહોંચાડ્યો ? આ બાજુ હુર બિન રિયાહી એટલો બધો અભણ અને નિરક્ષર હતો કે તેનામાં દીનનું ઊંડું જ્ઞાન પણ ન હતું. હા, સિપાહી હતો. બહાદુર પણ હતો. રૈ મુલક લેવાની લાલચમાં આવ્યો હતો. પરંતુ જ્યારે તેણે ઈમામ હુસૈન(અ.)ના ઘોડાની લગામ પકડી તો હુસૈન(અ.)એ કહ્યું,

'હુર ! તારી મા તારા માતમમાં બેસે... આ શું કરે છે તું ?'

બસ આટલા શબ્દો સાંભળતાં જ હુર એકદમ ધ્રુજી ઊઠ્યો અને પાછળ હટી ગયો અને કહેવા લાગ્યો,

'અય ફરઝંદે રસૂલ ! આપના સિવાય આખા ય મુલકમાંથી જો કોઈ બીજાએ આવા શબ્દો ઉચ્ચાર્યા હોત તો હું પણ તેને આવા જ શબ્દોમાં વળતો જવાબ આપત. પરંતુ શું કરું ? આપને હું કંઈ કહી શકતો નથી કેમકે આપની મા જનાબે ફાતેમા(અ.) ઉપર તો દુરૂદો સલામ મોકલવા સિવાય બીજું કંઈ કહી શકાય તેમ જ નથી.'

દોસ્તો ! કદાચ હુરનું આ વાક્ય જ તેને જન્નત તરફ ખેંચી ગયું. અગર કોઈના દિલમાં એહલેબયત પ્રત્યેની અઝમત હોય, મોહબ્બત હોય તો તે જહન્નમમાં જઈ શકતો નથી. જન્નત તેને ખેંચીને પોતાની તરફ લઈ લે છે. આશુરાની રાત્રે આ વાક્ય જ હુરને તડપાવી રહ્યું હતું ને ?'

આશુરાની રાત્રે હુર પોતાના તંબુની આગળ ટહેલતો રહ્યો. હુરનો પુત્ર, ભાઈ, ગુલામ બધા જ તેને વારંવાર પૂછતા હતા,

'હુર ! શું બાબત છે ?'

દીકરો કહેતો હતો,

'બાબા ! શું બાબત છે ?'

ગુલામ પૂછતો હતો,

'આકા ! શું મુઝવણ છે ?'

નાનો ભાઈ કહેતો હતો,

'ભૈયા ! શું તકલીફ છે ? આટલી બધી પરેશાની શા માટે છે ? બેચેની કેમ છે ? સામે તો નાનકડું જ લશ્કર છે ?'

હુર ખામોશ... કોઈ જવાબ નહીં.

આશુરાનું પ્રભાત થયું. હુરે કહ્યું,

'શું તમે બધા એવું સમજતા હતા કે હું લડવાથી ગભરાતો હતો ? શું હું લશ્કરના ડરને લીધે ટહેલી રહ્યો હતો ? ના... ના... હું તો આખી રાત જન્નત અને દોઝખની વચ્ચે ટહેલી રહ્યો હતો.'

ભાઈએ કહ્યું,

'તો પછી શું નિર્ણય લીધો ?'

હુરે કહ્યું,

'જન્નતનો નિર્ણય કર્યો છે. ઉમર સાઅદને કહી દઉં કે હું હુસૈન(અ.)ની માફી માગવા જઈ રહ્યો છું.'

આ સમાચાર સાંભળીને ઉમર સાઅદ દોડતો હુરની પાસે આવી પહોંચ્યો. હુરમલા પણ આવ્યો અને કહેવા લાગ્યો,

'હુર ! ક્યાં જઈ રહ્યો છે ?'

હુરે જવાબ આપ્યો,

'હુસૈન(અ.)ની તરફ જઈ રહ્યો છું.'

ઉમર સાઅદે કહ્યું,

'લાખોનું લશ્કર લઈને બેઠો છું કદાચ કોઈ એકાદ જણ જતો હોય તો જવા દો. ખુશામદ વળી

**કિસી જાહિલને ઝાહિર કી હૈ ઈલ્મીયત મુહર્રમમેં,**
**લિખ્ખા હૈ ઈશ્તિહારે બિદ્અતો સુન્નત મુહર્રમમેં.**

(કોઈ અજ્ઞાની માણસે પોતાની (અપૂર્ણ) જ્ઞાનનું પ્રદર્શન કર્યું છે અને લખ્યું છે કે મોહર્રમના મહિનામાં બિદ્અત અને સુન્નતનો કુપ્રચાર કરવો જોઈએ.)

શાની કરવાની ?'

દોસ્તો ! આના ઉપરથી તમે સમજો કે પેલી બાજુ માત્ર બોત્તેર જ હતા અને આ બાજુ લાખ્ખો જણ હતા છતાં પણ કેટલો બધો રોબ હતો, કેટલો બધો ડર હતો કે એક જણ ઓછો થાય તેને પણ સહન કરી શકતા ન હતા.

હુરે કહ્યું,

'રોકાઈ જવાનો તો સવાલ જ નથી. નબી (સ.)ના નવાસાના કદમોમાં માથું મૂકીને માફી માગી લઈશ.'

ઉમર સાઅદે કહ્યું,

'અય હુર ! રૈ મુલક નથી લેવો ?'

હુરે કહ્યું,

'શું બકવાસ કરે છે ? હું જન્નત લેવા જઈ રહ્યો છું, જન્નત લેવા. તું માત્ર રૈ મુલક જ આપી શકે તેમ છે. બસ, બીજું કંઈ નહીં, જ્યારે હુસૈન જન્નત આપી શકે છે.'

ઉમર સાઅદે કહ્યું,

'અય હુર ! યઝીદ તારા બાળકોને કતલ કરી નાખશે, તારું ઘર પડાવી નાખશે અને હળ ફેરાવી નાખશે.'

હુરે જવાબ આપ્યો,

'કોઈ પરવા નથી. જ્યારે નબીનું ઘર બરબાદ થઈ રહ્યું હોય ત્યારે શું મારું ઘર રસૂલિલ્લાહ(સ.)ના ઘર કરતાં અધિક છે ?'

આટલું કહીને હુરે ઘોડાને એડી લાગવી. હુર નીકળ્યા. દીકરો પણ સાથે ગયો. ગુલામ પણ સાથે રવાના થયો. થોડુંક આગળ વધ્યા પછી હુરે ઘોડાને રોકી લીધો. દીકરાએ પૂછ્યું,

'બાબા ! શા માટે રોકાઈ ગયા ?'

હુરે કહ્યું,

'મારા લાલ ! હું કેવી રીતે જાઉં ? બેટા ! મારા બન્ને હાથ રૂમાલથી બાંધી દે. અરેરે ! આ હાથ મેં ઈમામ હુસૈન(અ.)ના ઘોડાની લગામ ઉપર મૂક્યો હતો. આ હાથે મેં ઘોડાની લગામ પકડી હતી.'

દીકરાએ રૂમાલથી હુરના બન્ને હાથ બાંધી દીધા. હુર એક ગુનેગારની માફક આગળ વધવા લાગ્યા. પરંતુ આ શું... ? પાછા રોકાઈ ગયા.

દીકરાએ પૂછ્યું,

'બાબા ! વળી પાછા કેમ રોકાઈ ગયા ?'

હુરે કહ્યું,

'બેટા ! ખૈમામાંથી **'અલ અતશ'**, **'અલ અતશ'**ના અવાજો આવી રહ્યા છે. બાળકો તરસ્યાં છે. મારાથી આ પાણીના પોકારો સાંભળ્યા જતા નથી. મારો ચહેરો ચાદરથી બાંધી દે. હું હુસૈન(અ.)ને શું મોઢું બતાવીશ ? અરે આ કોનાં બાળકો તરસ્યાં છે ? સાકીએ કૌસરનાં બાળકો તરસ્યાં છે. આ એમનાં બાળકો તરસ્યાં છે કે જેમણે મારા લશ્કરને સયરાબ કર્યું હતું. હુર ચહેરાને ચાદરથી સંતાડીને આગળ વધ્યા. દીકરાએ કહ્યું,

'અલ્લાહો અકબર !'

હુરે પૂછ્યું,

'અય મારા લાલ ! શું દેખાય છે ?'

દીકરાએ કહ્યું,

'બાબા ! હુસૈન(અ.)ના અન્સારો આવી રહ્યા છે અને બધા **'મરહબા - શાબાશ'** કહી રહ્યા છે અને કહે છે કે અમને આકા હુસૈને તમારા સ્વાગત

**જો કટ મુલ્લાં સમઝતા હી ન હો સમઝાએ ક્યા ઉસકો,**
**કે ક્યા બિદ્અત હૈ ઔર ક્યા ચીઝ હૈ સુન્નત મુહર્રમમેં.**

(ઉપરછલ્લા જ્ઞાનવાળો જે મૌલ્વી એ બાબત સમજતો ન હોય તો તેને કેવી રીતે સમજાવવો કે મોહર્રમમાં કઈ બાબતો બિદ્અત છે અને કઈ બાબતો સુન્નત છે.)

માટે મોકલ્યા છે.'

આ સાંભળતાંની સાથે જ હુર હુસૈન(અ.)ની આ કૃપા પર રડવા લાગ્યા. પછી આગળ વધ્યા. દીકરાએ ફરીથી પાછું **'અલ્લાહો અકબર'** કહ્યું તો હુરે પૂછ્યું,

'બેટા ! હવે શું જોયું ?'

દીકરાએ જવાબમાં કહ્યું,

'બાબા ! કમરે બની હાશિમ અબ્બાસ આવી રહ્યા છે. બાબા ! હમશકલે પયમ્બર અલી અકબર પણ આવી રહ્યા છે.'

બસ હવે હુરની હાલત વિષે વધુ ન પૂછતા. વળી પાછું દીકરાએ અલ્લાહો અકબર કહ્યું તો હુરે પૂછ્યું,

'હવે કોણ આવી રહ્યું છે, બેટા ?'

દીકરાએ કહ્યું,

'હવે તો ખુદ મૌલા હુસૈન(અ.) આવી રહ્યા છે.'

આ સાંભળતાંની સાથે જ હુર ઘોડા ઉપરથી નીચે કૂદી પડ્યા અને દીકરાને કહ્યું કે મારો હાથ પકડ અને મને લઈને ચાલ. જેવા હુસૈન(અ.) સામે આવે કે તરત જ મને જણાવજે. થોડી વાર પછી દીકરાએ કહ્યું,

'બાબા ! મંઝિલ તમારી સામે છે.'

હુરે નમીને ઈમામના કદમોમાં પોતાનું માથું મૂકી દીધું અને કહ્યું,

'અય નબીના નવાસા ! શું મારી ભૂલ માફ થઈ શકે તેમ છે ?'

હુસૈન(અ.) નીચે નમ્યા અને હુરનો હાથ પકડીને પગમાંથી ઊભા કર્યા. છાતી સાથે લગાવ્યા અને કહેવા લાગ્યા,

'ભાઈ હુર ! જા, મેં તને માફ કરી દીધો. મારા ખુદાએ પણ તને માફ કરી દીધો.'

હુરે અરજ કરી,

'શું આપે મને માફ કરી દીધો ?'

ઈમામે કહ્યું,

'હાં, હાં, હુર ! માફ કરી દીધો, બિલકુલ માફ કરી દીધો.'

હુરે કહ્યું,

'આકા ! જો આપે મને માફ કરી દીધો હોય તો હવે મને મરવાની રજા આપો.'

ઈમામે કહ્યું,

'અય હુર ! તું તો મારો મહેમાન છે. કોઈ પોતાના મહેમાનને વળી મરવા મોકલતો હશે?'

આ સાંભળીને હુર કમકમી ઉઠ્યા અને કહ્યું,

'આકા ! હું આપનો મહેમાન છું કે આપ અમારા મહેમાન છો ?'

ઈમામે કહ્યું,

'એ બધું ભૂલી જા. ચાલ, ખૈમામાં ચાલ.'

હુરે કહ્યું,

'આકા ! ખૈમાગાહ સુધી ન લઈ જતા.'

ઈમામે પૂછ્યું, 'કેમ ?'

હુરે કહ્યું, 'બાળકોથી શરમ આવે છે. બીબી ઝયનબની શરમ લાગે છે. બધી બીબીઓની શરમ લાગે છે. મૌલા ! બસ હવે તો અહીં જ રહીશ. રણમાં જવાની રજા આપો.'

મહા મુશ્કેલીએ ઈમામે રજા આપી. હુરે પ્રથમ પોતાના દીકરાને કહ્યું,

'બેટા ! તું આગળ આવ.'

**વો હૈ બિદ્અત કે જો શિકનંદએ હુક્મે શરીઅત હૈ,**
**નબી જિસસે ન રોકેં ક્યું હૈ વો બિદ્અત મુહર્રમમેં.**

(બિદ્અત તો એને કહેવાય કે જેનાથી શરીઅતના હુકમનો ભંગ થતો હોય. ખુદ નબી(સ.) જે કાર્ય કરવાથી આપણને રોકતા ન હોય તે બાબત બિદ્અત કેવી રીતે હોઈ શકે ?)

અઝાદારો ! શું કોઈ બાપ પોતાની હયાતીમાં પોતાના યુવાન દીકરાને મરવા માટે મોકલે ખરો? પરંતુ કરબલાના સંજોગો જ કંઈક જુદા જ પ્રકારના હતા. હુરે પોતાના દીકરાને લડવા માટે મોકલ્યો. બહાદુર બાપનો બહાદુર બેટો મેદાનમાં ગયો. કોઈ વાર જમણી બાજુએ તો કોઈ વાર ડાબી બાજુએ તો કોઈ વાર વચ્ચેના ભાગમાં દુશ્મનો પર હુમલો કર્યો. દુશ્મનો કપાતા ગયા. ઉમર સાઅદે પોતાના લશ્કરને સંબોધીને કહ્યું,

'અરે ! તમે કોની સાથે લડી રહ્યા છો ? આ તો હુરનો બેટો છે, હુરનો. ચારે ય બાજુથી ઘેરી લો.'

હુરનો દીકરો ઘેરાઈ ગયો. જ્યારે ઘોડા ઉપર રહી ન શક્યો તો બૂમ પાડીને કહ્યું. હુરના બેટાએ એક નહીં પણ બે બૂમો પાડી. એક ઈમામને ઉદ્દેશીને અને બીજી પોતાના બાપને ઉદ્દેશીને. ઈમામને ઉદ્દેશીને કહ્યું,

'આકા ! મારા છેલ્લા સલામ કબૂલ ફરમાવજો.'

હુરને સંબોધીને કહ્યું,

'બાબા ! હું દુશ્મનોમાં ઘેરાઈ ગયો છું. જરા મારી પાસે આવી જજો.'

હુર ઘોડા ઉપર સવાર થયા. તલવાર બહાર કાઢીને કહ્યું,

'અય કુફીઓ અને શામીઓ ! બતાવો મારો દીકરો ક્યાં છે ?'

લોકો હસી રહ્યા છે. હુરની મજાક ઉડાવી રહ્યા છે અને હુર ગુસ્સામાં હુમલો કરી રહ્યા છે. એટલામાં તો હુરના કાને અવાજ સંભળાયો,

'અય હુર ! અહીં આવ, અહીં. તારો દીકરો અહીં છે.'

ઈમામ તો હુરના બેટા પાસે પહેલેથી જ પહોંચી ગયા હતા. હુર ઈમામનો અવાજ સાંભળીને તે દિશામાં ગયા. શું જોયું ? હુસૈન(અ.) જમીન પર બેઠેલા છે અને તેમના બેટાનું મસ્તક ઈમામના ખોળામાં છે. ઈમામ દુઆ આપી રહ્યા છે.

આ જોઈને હુર પોતાના બેટાનો ગમ ભૂલી ગયા. ઘોડા ઉપરથી કૂદી પડ્યા અને કહેવા લાગ્યા,

'આકા ! આપ શા માટે તશરીફ લાવ્યા છો?'

દોસ્તો ! ઈમામનો જવાબ સાંભળો.

'અય હુર ! શું કહ્યું તેં ? હું ન આવત તો શું તને તારા જવાન બેટાની મૈયત ઉઠાવવા મોકલત?'

હું અરજ કરીશ,

'આકા ! અય મૌલા હુસૈન ! આપે હુરને તો એવો જવાબ આપ્યો પરંતુ જ્યારે અલી અકબરે છેલ્લી સલામ કરી ત્યારે કોણ હાજર હતું કે જે આપના કડીયલ જવાનની લાશને ઉપાડવા માટે આવે ?' *

**અલા લાઅનતુલ્લાહે અલલ કૌમિઝ્ ઝાલેમીન.**


## 'જાફરી તારીખ દર્શિકા'


## કેલેન્ડર-૨૦૧૧

**'જાફરી તારીખ દર્શિકા' કેલેન્ડર-૨૦૧૧** તૈયાર થઈ ગયેલ છે. જે મોમિન ભાઈ-બહેનોને મેળવવાની ઈચ્છા હોય તેમણે તા.૨૦/૧૨/૨૦૧૦ પછી રૂા.૧૦/-ની કિંમતે જાફરીબાગ, સિધ્ધપુર ખાતેથી સત્વરે મેળવી લેવા વિનંતી.

**-સહતંત્રી**


**મુબાહ, મન્દુબ, મહ્મૂદ ઔર વાજિબ ચાર કિસ્મેં હૈ,**
**વો જાએઝ હો તો જાએઝ હૈ બહર સૂરત મુહર્રમમેં.**

(ઈસ્લામી શરીઅતમાં મુબાહ, મન્દુબ, મહ્મૂદ અને વાજિબ આ ચાર કાર્યો કરવાના પ્રકારો છે. આ ચાર પ્રકારો જો જાઈઝ હોય તો મોહર્રમના મહિનામાં પણ કોઈ પણ સ્વરૂપે જાઈઝ જ છે.)



# અહાદીસ



### સગા સંબંધીઓ સાથેના સંબંધ વિષે

સામૂહિક જીવનમાં ઈસ્લામની દૃષ્ટિએ સગા સંબંધીઓ સાથેનો સંબંધ ખૂબ જ મહત્વ ધરાવે છે અને અગાઉ આપણે જોઈ ગયા છીએ તેમ આ પવિત્ર ધર્મ સ્વજનો અને સગા સંબંધીઓની મદદ કરવામાં લોકોની સંપત્તિમાં આર્થિક અધિકારોનો એક ભાગ સમજવામાં આવે છે. આ કારણને લીધે જ કુરઆને મજીદ જ્યાં જ્યાં સગા સંબંધીઓની મદદ કરવાની વાત કહે છે ત્યાં ત્યાં હાજતમંદોની મદદને મુખ્ય ગણે છે. આ સંદર્ભમાં સૂરએ અસ્રની છવ્વીસમી આયત અને સૂરએ રૂમની આડત્રીસમી આયત નમૂના તરીકે રજૂ કરી શકાય તેમ છે.

ઈસ્લામના પ્રતિષ્ઠિત પેશવાઓના વચનામૃતો દ્વારા એવી તાકીદ કરવામાં આવી છે કે સગા સંબંધીઓ સાથેના સંબંધને મહત્વ આપવું અને તેને સન્માનનીય ગણવું ઉંમરમાં વૃધ્ધિ, સંપત્તિ અને આ'માલ અને ઈબાદતોનો સ્વીકાર થવાનું કારણ છે.

ઈમામ અર્રરઝા(અ.) ફરમાવે છે :

**'કેટલીક વાર એવું બને છે કે એક માણસ કે જેની બાકીની ઉંમર ત્રણ વર્ષથી વધારે નહીં હોય (પરંતુ જો) તે પરિવારજનો સાથે પ્રેમ કરે છે અને પોતાના સંબંધીઓને આશ્વાસન આપે છે તો ખુદા તઆલા તેની ઉંમર ત્રીસ વર્ષની કરી દે છે (અર્થાત તેની ઉંમર દસ ગણી વધારી દે છે) અને ખુદા તઆલા જેવું ઈચ્છે છે તેવું કરે છે.'**

ઈમામ અસ્સાદિક(અ.) ફરમાવે છે :

**'પરિવારજનો સાથે પ્રેમ દર્શાવો ભલેને પછી એક ઘૂંટડો પાણી કેમ ન હોય. જેને તું સહાય કરી શકતો હોય તેમાં સર્વશ્રેષ્ઠ બાબત એ છે કે તેમને (અર્થાત સગા સંબંધીઓને) બીજાઓના ત્રાસ અને જુલ્મથી સુરક્ષિત રાખ. સગા સંબંધીઓને સહાયતા કરવાનું કાર્ય મોતને મુલ્તવી કરી દે છે અને માણસને મહેબૂબ (પ્રિય) બનાવી દે છે.'**

ઈમામ અલ બાકિર(અ.) ફરમાવે છે :

**'પરિવારજનો સાથેનો પ્રેમભાવ આ'માલને પવિત્ર બનાવી દે છે અને બલાઓને ટાળી દે છે અને દોલતમાં વૃધ્ધિ અને ઉંમરને લાંબી કરે છે અને રોઝીને વિસ્તૃત કરે છે અને પ્રેમ-સ્નેહનું કારણ બને છે તેથી ખુદાથી ડરો અને પરિવારજનો સાથે પ્રેમ કરો.'**

સગા સ્નેહીઓના સંબંધનું રક્ષણ કરવું માત્ર ધાર્મિક દૃષ્ટિએ જ મહત્વનું નથી પરંતુ સામાજિક અને સામૂહિક દૃષ્ટિએ પણ ખૂબ મહત્વનું છે.

ઈમામ અલી મુર્તઝા(અ.) ફરમાવે છે :

**'તમારા સગા-સંબંધીઓનું સન્માન જાળવો કેમકે તેઓ બધા તારા બાલ અને પાંખ (એટલે કે શક્તિ સમાન) છે, જેના આધાર પર તું ઉડી શકે**

**ગિઝાલીને લિખ્ખા હૈ દેખ અહયાઉલ ઉલૂમ ઉનકી,**
**જો યું જાએઝ હૈ ફિર ક્યું હો ગઈ બિદ્અત મુહર્રમમેં.**

(એહલે સુન્નતના મહાન આલિમ ગિઝાલીએ લખેલ કિતાબ અહયાઉલ ઉલૂમ ઉઘાડીને જોઈ લો. તેમણે ઉપરોક્ત ચારેય પ્રકારનાં કાર્યોની વાત લખી છે કે જાઈઝ છે તો પછી તે કાર્યો મોહર્રમ મહિનામાં બિદ્અત કેવી રીતે થઈ ગયાં ?)

**છે અને તેઓ તારાં મૂળિયાં (સમાન) છે જેમના તરફ તું પાછો જઈ શકે છે અને તેઓ તારાં બાવડાં (સમાન) છે જેમના દ્વારા તું દુશ્મન પર આક્રમણ કરી શકે છે.'**

આ બધાં કારણોને લીધે હઝરત રસૂલે અકરમ(સ.)એ લોકોની બાબતમાં કે જેઓ સંબંધ તોડી નાખે છે, આ રીતે ફરમાવ્યું છે :

**'જે લોકો પોતાના સ્વજનો સાથેનો સંબંધ તોડી નાખશે તે જન્નતમાં પ્રવેશી શકશે નહીં.'**

ઈસ્લામની દૃષ્ટિએ સગા સંબંધીઓ સાથેનો પ્રેમસંબંધ કોઈ પણ પરિસ્થિતિમાં સન્માનને પાત્ર છે, એટલે સુધી કે આ બાબતમાં મુસલમાન અને કાફર બન્ને બરાબર છે.

એક વ્યક્તિએ ઈમામ અસ્સાદિક(અ.)ને પ્રશ્ન કર્યો :

**'મારા કેટલાક સગા સંબંધીઓ છે કે જેઓ મારી માફક(મુસલમાન) નથી. આથી શું તેઓ મારા પર કોઈ હક ધરાવે ખરા ?** તો હઝરતે ફરમાવ્યું, **'હા, સગા સંબંધીઓના હકને કોઈ બાબત તોડી શકતી નથી. જો તે મુસલમાન હોત તો તેના તારા પર બે હક હોત : એક તો સગા-સંબંધી(તરીકે)નો હક અને બીજો મુસલમાન હોવાનો હક.'**

સગા સંબંધીઓ સાથેનો પ્રેમ સંબંધ એટલો બધો મજબૂત છે કે જો કદાચ એક બાજુથી તે સંબંધ કપાઈ જાય તો બીજી વ્યક્તિ ઉપર વાજિબ છે કે તે સંબંધને કાયમ રાખે.

એક વ્યક્તિએ હઝરત રસૂલે અકરમ(સ.)થી અરજ કરી : **'મારા કુટુંબીજનો મારા પર જુલ્મ કરવા સિવાય અને મારી સાથે અળગાપણું અને જુદાઈ રાખ્યા સિવાય અને મને ગાળો દેવા સિવાય બીજું કાંઈ કામ કરતા નથી અને મેં પણ તેમને છોડી દીધા છે.** તો આપે ફરમાવ્યું, **'આ પરિસ્થિતિમાં તો ખુદા તઆલા પણ તને છોડી દેશે.'** તેણે અરજ કરી, **'તો પછી હું શું કરું ?'** આપે ફરમાવ્યું, **'જેઓ તારાથી કપાઈ ગયા છે તેમની સાથે જોડાઈ જા અને જે કોઈ વસ્તુએ તને (તેમની સાથેના સંબંધથી) વંચિત કરી નાખ્યો છે તે તેમને અર્પણ કરી દે અને જેણે તારા ઉપર જુલમ કર્યો છે તું તેને માફ કરી દે. જો તું આવું કરીશ તો ખુદા પણ તારી મદદ કરશે.'**❋




**મુહર્રમસે હુઈ રૂહાનિયત ઈસ્લામમેં દાખિલ,**
**મુસલમાનોંકો યું લાઝિમ હુઈ શિર્કત મુહર્રમમેં.**

(મોહર્રમની અઝાદારીથી તો ઈસ્લામ ધર્મમાં રૂહાનિયતનું તત્વ ઉમેરાયું છે તેથી તો મોહર્રમની અઝાદારીમાં ભાગ લેવાનું મુસલમાનો માટે આવશ્યક બની ગયું છે.)

# કુરઆન શિક્ષણ

અઝ
આકાએ નામદાર
પીર સૈયદ મોહંમદ
મુશાહિદહુસૈન
જાફરી(મદ્દે.)

بسم الله الرحمن الرحيم

## મનુષ્ય જીવન સંબંધી હુકમો વિષયક આયતો

✻ હે ઈમાન લાવનારાઓ ! તમે તમારા પોતાના ઘરો સિવાય બીજાઓના ઘરોમાં જ્યાં સુધી તમે રજા ન મેળવો અને તેના રહેવાસીઓને સલામ ન કરો (હરગીઝ) દાખલ થશો નહીં; એ જ તમારા માટે બહેતર છે કે જેથી તમે બોધ ગ્રહણ કરો. ✻ પણ જો તમને જણાય કે તે(ઘર)માં કોઈ નથી તો પણ જ્યાં સુધી તમને રજા ન મળે તેમાં હરગીઝ જાઓ નહીં, અને અગર તમને (એમ) કહેવામાં આવે કે પાછા ચાલ્યા જાઓ તો (તરત જ) પાછા જાઓ, એ જ તમારા માટે વધારે ચોકખાઈ ભરેલું છે; અને તમે જે કાંઈ કરો છો તેનાથી અલ્લાહ વાકેફ છે. ✻ જે ઘરોમાં કોઈ રહેતું ન હોય અને તેમાં તમારો કોઈ સામાન હોય તો તેવા ઘરોમાં જાઓ તો તમારા પર કોઈ દોષ નથી; અને તમે જે કાંઈ કરો છો તથા જે કાંઈ તમે સંતાડો છો તેનાથી અલ્લાહ સારી પેઠે વાકેફ છે.

**(પારો-૧૮, સૂરએ નૂર, આયત-૨૭ થી ૨૯)**

✻ (હે રસૂલ !) મોમિનોને કહે કે તેઓ તેમની આંખો હેઠી રાખે અને પોતાના ગુપ્ત ભાગોનું રક્ષણ કરે; આ તેમના માટે વધુ પવિત્રતાભર્યું છે : બેશક તેઓ જે કાંઈ કરતા રહે છે તેનાથી અલ્લાહ સારી પેઠે ખબરદાર છે.

**(પારો-૧૮, સૂરએ નૂર, આયત-૩૦)**

✻ (પણ) જ્યારે મોમિનોને અલ્લાહ તથા રસૂલ તરફ એ માટે બોલાવવામાં આવે છે કે તે તેમના વચ્ચે(ના ઝઘડાનો) નિર્ણય કરે તો તેમનું કહેવું આ સિવાય બીજું કાંઈ જ હોતું નથી કે અમોએ સાંભળ્યું અને અમોએ આજ્ઞા માની; અને તેઓ જ સંપૂર્ણ ભલાઈ મેળવનારા છે.

**(પારો-૧૮, સૂરએ નૂર, આયત-૫૦)**

✻ હે ઈમાન લાવનારાઓ ! (આ) લાઝિમ છે કે તમારા લોંડી ગુલામ તથા તમારામાંથી પણ જે કોઈ યુવાવસ્થાએ પહોંચ્યા ન હોય (તેઓ તમારી પાસે આવવા માટે રાત દિવસમાં) ત્રણ વખત તમારી રજા મેળવ્યા કરે; (એક તો) સવારની નમાઝ પહેલાં, (બીજી) બપોરે (સૂતી વખતે કે જ્યારે તમે) તમારાં લુગડાં ઉતારી નાખો છો અને (ત્રીજી) ઈશાની નમાઝ બાદ; આ ત્રણે ય તમારા એકાંતના સમય છે; એ સિવાય (વગર રજાએ) આવવા જવામાં ન તમારા માથે કાંઈ દોષ છે અને ન તેમના માથે, (કારણ કે) તમને એકબીજા પાસે વારંવાર આવવું જવું પડે છે; આવી રીતે અલ્લાહ તમારા માટે પોતાના હુકમો સ્પષ્ટ કરીને વર્ણવે છે; અને અલ્લાહ મોટો જાણનાર (અને) હિકમતવાળો છે.

**(પારો-૧૮, સૂરએ નૂર, આયત-૫૮)**

**જાફરી આવાઝનું કુરિઅર સરનામુ**

મશાયખ કમ્પ્યૂટર, જાફરી આવાઝ(માસિક)
આરઝૂ કોમ્પલેક્ષ, બીજે માળે, એલ.આઈ.સી.
ઓફિસની બાજુમાં, ન્યાય મંદિર, હિંમતનગર.
મો.૯૯૨૫૭૩૦૧૦૭

**વો મોમિન મુત્તકી હૈ જિનકે હકમેં 'યુન્ફેકું' આયા,**
**ખિલાતે હૈ જો ભૂકોંકો બસદ રગબત મુહર્રમમેં.**

(જે લોકો મોહર્રમ મહિનામાં ભૂખ્યા લોકોને પ્રેમપૂર્વક જમાડે છે એવા મુત્તકી મોમિનોની શાનમાં તો અલ્લાહે 'યુન્ફેકું'ની આયત નાઝિલ કરી છે.)

# ગ ડ મ થ લ ૨૨૦

:::: સંપાદક::::

મો.કમરઅલી શરીફભાઈ
શેખ(હિંમતનગર)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | | ૪ | | ૫ |
| | ■ | ૬ | | ૭ | ■ | ■ | | ■ | |
| ૮ | | | ■ | ૯ | | ■ | ૧૦ | ૧૧ | |
| | ■ | | ■ | ૧૨ | | ૧૩ | ■ | ૧૪ | |
| ■ | ૧૫ | ■ | ૧૬ | | ■ | ૧૭ | ૧૮ | | ■ |
| ૧૯ | | | | ■ | ૨૦ | | | ■ | ૨૧ |
| ■ | | ■ | | ■ | | ■ | ૨૨ | | |
| ૨૩ | | ૨૪ | | ■ | ૨૫ | ૨૬ | | ■ | |
| | ■ | | ■ | ૨૭ | ■ | | ■ | ૨૮ | |
| ૨૯ | | | ■ | ૩૦ | | ■ | ૩૧ | | |

## ::::: આડી ચાવીઓ :::::

(૧) કરબલાના કડીયલ જવાન(૪)
(૩) ધ્વજધારક, અલમ ઉપાડનાર (૫)
(૬) દોસ્ત, મિત્ર, સહચરી (૩)
(૮) પ્રભુત્વ, સત્તા, અતિશયતા (૩)
(૯) મખ્લૂકને પેદા કરનાર (૨)
(૧૦) નિષ્ફળ, અસફળ, નિરાશ (૩)
(૧૨) વર્ષ, સાલ (૩)
(૧૪) મૂર્તિ, પ્રતિમા (૨)
(૧૬) બદલો, વળતર (૨)
(૧૭) વધારાનું, અતિરિક્ત (૩)
(૧૯) કાતિલ, ઝેર સાથે વપરાય છે. 'ઝહરે....'(૪)
(૨૦) માગનાર, યાચક, સવાલ કરનાર (૩)
(૨૨) દળદાર, મોટું, જાડું (૩)
(૨૩) મદમસ્ત, નશામાં ચકચૂર (૪)
(૨૫) કુટુંબ, પરિવાર માટે અરબી શબ્દ (૩)
(૨૮) પયગમ્બરનો ઉત્તરાધિકારી (૨)
(૨૯) ખૈબરનો પ્રખ્યાત કિલ્લો (૩)
(૩૦) પોકાર, ઢંઢેરો (૨)
(૩૧) તાજુ દૂધ (અરબી શબ્દ) (૩)

## ::::: ઊભી ચાવીઓ :::::

(૧) કરબલાના સૌથી નાના શહીદ (૪)
(૨) વિનાશ, નાશ, નષ્ટ (૪)
(૪) નબી(સ.)ની નગરી (૩)
(૫) કરૂણા, દયા, મહેરબાની (૪)
(૭) ઈમામ હુસૈન(અ.)ની શહાદતગાહ (૪)
(૧૧) અફઘાનિસ્તાનનું પાટનગર (૩)
(૧૩) સ્વચ્છતા, ચોખ્ખાઈ (૩)
(૧૫) નિશાની, ચિહ્ન (૪)
(૧૬) વંશવેલો, પરંપરા (૪)
(૧૮) ધરતીકંપ, ભૂકંપ (૪)
(૨૦) સાચો, સત્યવક્તા (૩)
(૨૧) દુર્ભાગ્યશાળી (૫)
(૨૩) ફરિશ્તો (૩)
(૨૪) વારસદાર, ઉત્તરાધિકારી (૩)
(૨૬) કૂવો, ખ્રિસ્તી પૂજારી (૨)
(૨૭) મુસ્લિમ બિન અકીલ કુફામાં તેમના ઘેર મહેમાન બન્યા હતા. (૨)
(૨૮) અલ્લાહનો દોસ્ત (૨)

## ગડમથલ નં.૨૧૯નો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ દા | ૨ સ | ■ | ૩ જો | ૪ શ | ■ | ૫ ખી | ૬ મા | ■ | ૭ ખૂં |
| ■ | ૮ ના | ૯ ર | ■ | ૧૦ મા | ૧૧ ય | ■ | ૧૨ લી | ૧૩ ન | ■ |
| ૧૪ દ | ■ | ૧૫ બ | ૧૬ લા | ■ | ૧૭ ક | ૧૮ મ | ■ | ૧૯ વા | ૨૦ દા |
| ૨૧ ર | ૨૨ દ | ■ | ૨૩ મ | ૨૪ ના | ■ | ૨૫ સા | ૨૬ દા | ■ | ઈ |
| ■ | ૨૭ ફ | ૨૮ લ | ■ | ૨૯ ફ | ૩૦ ના | ■ | ૩૧ દ | ૩૨ મ | ■ |
| ૩૩ હ | ■ | ૩૪ બ | ૩૫ દી | ■ | ૩૬ ન | ૩૭ બી | ■ | ૩૮ તા | ૩૯ ક |
| ૪૦ રા | ૪૧ હ | ■ | ૪૨ ન | ૪૩ મી | ■ | ૪૪ ના | ૪૫ કા | ■ | શ્તી |
| ■ | ૪૬ ક | ૪૭ બ | ■ | ૪૮ ર | ૪૯ ઝા | ■ | ૫૦ મ | ૫૧ સ | ■ |
| ૫૨ ખુ | ■ | ૫૩ કા | ૫૪ બૂ | ■ | ૫૫ લ | ૫૬ ત | ■ | ૫૭ દા | ૫૮ મ |
| ૫૯ દ | ર્દ | ■ | ૬૦ રા | ન | ■ | ૬૧ ર | સ્મ | ■ | ૬૨ ર્દ |

# ફકીરી એ જ મહાનતા

: લેખન :
પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન
જાફરી બાવા સાહેબ(મદ્દે.)

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

અલ્લાહ તઆલા કુરઆન શરીફમાં ફરમાવે છેઃ પારો-૨૯, સૂરા-૭૬, આયત-૮

**'અને નિરાધાર તથા અનાથ તથા કેદીઓને અલ્લાહની મહોબ્બતમાં ખાવાનું ખવડાવે છે.'**

આ આયત એ પ્રસંગે નાઝિલ થઈ હતી કે જયારે ઈમામ હસન(અ.) અને ઈમામ હુસૈન(અ.) માંદગીમાંથી સાજા થયા હતા અને હઝરત અલી(અ.), હઝરત ફાતેમા(અ.), હઝરત હસન(અ.), હઝરત હુસૈન(અ.) અને હઝરત ફિઝઝાએ ત્રણ દિવસ સુધી મન્નતના રોઝા રાખ્યા હતા અને ત્રણે ય દિવસે ઈફતારના સમયે અનુક્રમે નિરાધાર, અનાથ અને કેદીએ આવીને અલ્લાહના નામ પર માગણી કરતાં એહલેબયત પોત પોતાની રોટલીઓ આપતા હતા અને અલ્લાહની મહોબ્બતમાં પોતે ભૂખ્યા રહેતા હતા. તો અલ્લાહે એહલેબયતની શાનમાં આ આયત નાઝિલ કરી છે.

આ પ્રસંગ રમઝાન મહિનાનો નથી પરંતુ રમઝાન સિવાયના કોઈ દિવસનો પ્રસંગ છે. અને હઝરત હસન(અ.) અને હઝરત હુસૈન(અ.)ની તંદુરસ્તીની નઝર(મન્નત) માનેલી છે માટે આ બાબત ફક્ત એહલેબયત જ જાણતા હતા. રોઝા રાખ્યા છે તેની ખબર બધા મુસલમાનોને નહોતી. સાબિત થયું કે ઈફતાર સમયે જે અસીર, યતીમ અને કેદી બનીને આવતા હતા તે માણસો નહીં, પરંતુ ફરિશ્તાઓ હતા કેમકે -

પારા-૬, સૂરા-૫, આયત-૫૫ પ્રમાણે..

**તમારો રક્ષક, માલિક તો બસ આ જ ખુદા અને રસૂલ છે અને મોમિનો કે જે નિયમિત નમાઝ અદા કરે છે અને રૂકૂઅની સ્થિતિમાં ઝકાત આપે છે.**

તફસીરે કબીર મિસર જીલ્દ-૩, પાનુ-૬૧૮માં હઝરત અલી(અ.), રૂકૂઅની સ્થિતિમાં ઝકાત આપનાર છે.

આ પ્રસંગમાં હઝરત અલી(અ.) મસ્જિદમાં નમાઝ પઢી રહ્યા હતા ત્યારે એક સાઈલે (માગનારે) ભીખ માગી હતી અને હઝરત અલી(અ.)એ રૂકૂઅની સ્થિતિમાં આંગળીનો ઈશારો કરીને તેને પોતાની અંગૂઠી આપી હતી. આ સાઈલ પણ ફરિશ્તો હતો કેમકે આપણો અનુભવ છે કે ભીખ માગનારા ઘરના દરવાજે આવે છે મસ્જિદના દરવાજે ઈબાદતના સમયે કોઈ ભિખારી ભીખ માગવા જતો નથી.

આ ફરિશ્તાઓ એહલેબયત પાસેથી કંઈક માગવાની તક ગુમાવતા નથી, ભલેને પછી તે મસ્જિદનો પ્રસંગ હોય કે ઘરનો પ્રસંગ હોય.

પારા-૨૭, સૂરા-૫૫, આયત-૨૯ પ્રમાણે

**આસમાન જમીનના રહેવાવાળા બધા તેનાથી (અલ્લાહથી જ) માગે છે તે (ખુદા) દરરોજ (દરેક સમયે) મખ્લૂકના (દરેકના કોઈને કોઈ) કામમાં**

**ગમે આલે નબી ઈસ્લામકી ઘુટ્ટીમેં શામિલ હૈ,**
**બુકા, માતમ મુસલમાનોંકી હૈ આદત મુહર્રમમેં.**

(નબીએ કરીમ(સ.)ની ઓલાદનો ગમ કરવો એ તો ઈસ્લામ ધર્મના સ્વભાવમાં શામેલ થયેલી બાબત છે. મોહર્રમમાં રૂદન કરવું, માતમ કરવું એ તો સાચા મુસલમાનોની આદત છે.)

**રોકાયેલો છે.**

ફરિશ્તાઓને આપણી માફક ભૂખ તરસ લાગતી નથી. તેઓ તો જે સ્થિતિમાં અલ્લાહે પેદા કર્યા છે એ જ સ્થિતિમાં કયામ, રૂકૂઅ અને સિજદામાં અલ્લાહની ઈબાદત કર્યે જાય છે, થાકતા પણ નથી કે ઊંઘતા પણ નથી.

જો આપણે વિચાર કરીએ તો જાણવા મળે છે કે ઈફતારના સમયે રોટલીની વધારે જરૂર તો એહલેબયતને છે. ફરિશ્તાઓને વળી રોટલીની શી જરૂર? પરંતુ ફરિશ્તાઓ અલ્લાહના હુકમથી પોતાની જાતને એહલેબયતના ફકીર જાહેર કરવા માટે માગવા આવે છે. અને તેઓ એહલેબયતના ગુણને જાહેર કરે છે. ઘરમાં જ્યારે મર્યાદિત જમવાનું હોય અને કોઈ માગવાવાળો ચઢી આવે તો સામાન્ય માણસ તો ગુસ્સે થઈ જાય, તેને ધમકાવીને કાઢી મૂકે પરંતુ આવા સમયે પણ એહલેબયત પ્રેમથી ખવડાવે છે અને તેની પાસે બદલાની કોઈ ઈચ્છા ધરાવતા નથી.

ફરિશ્તાઓ આપણને એમ સમજાવવા માગે છે કે અમે આસમાનમાં બધે ફરનારા છીએ તેમ છતાં પણ ફક્ત એહલેબયતના દરવાજેથી જ અમને મહાનતા મળે છે. અમે અમારી જાતને એહલેબયત આગળ તુચ્છ સમજીએ છીએ. જો તમે પણ અલ્લાહની નજરમાં માનનીય બનવા માગતા હો તો એહલેબયતની બરાબરી ન કરતા નહિતર અલ્લાહ આગળ તમારું કોઈ માન નહીં રહે. પરંતુ જો તમે એહલેબયત કરતાં તમારી જાતને તુચ્છ ગણશો તો તમારું માન અલ્લાહની દૃષ્ટિમાં વધી જશે.

ફરિશ્તાઓ આપણને એ પણ બતાવવા માગે છે કે એહલેબયત દરેક સ્થિતિમાં મહાન છે. જો તેઓ અર્શ પર રહે તો પણ મહાન છે અને જમીન પર રહે તો પણ મહાન છે. તેમની મહાનતામાં કોઈ ફેર પડતો નથી. એહલેબયતની મહાનતા કોઈ પણ વસ્તુની મોહતાજ નથી.

જો તેમની પાસે દુનિયાનું રાજ આવી જાય તો પણ મહાન અને રાજ છિનવાઈ જાય તો પણ એટલા જ મહાન છે, સત્તાધારી છે. આપણે ઈતિહાસમાં જોઈએ છીએ કે દુનિયાના બાદશાહોમાં શાહજહાં પણ એક બાદશાહ છે અને તેનો દીકરો ઔરંગઝેબ પણ બાદશાહ છે પરંતુ જ્યારે ઔરંગઝેબ પોતાના બાપને કેદ કરીને ગાદી પર બેસી ગયો તો સિપાહીઓ અને પ્રજા ઔરંગઝેબની જ આજ્ઞા માનતા હતા. શાહજહાંને ભૂલી ગયા. જો એમ ન થયું હોત તો ઔરંગઝેબ શાહજહાંને કેદ ન કરી શકત. સિપાહીઓ ઔરંગઝેબને કેહતા કે જેમ તમે અમારા બાદશાહ છો તેમ શાહજહાં પણ અમારો બાદશાહ છે. અમે તેમને પકડીને કેદમાં નહીં નાખીએ. પરંતુ દુનિયામાં તો એમ જ ચાલે છે.

**દુનિયા ઝુકતી હૈ ઝુકાનેવાલા ચાહીએ.**

કરબલામાં જ્યારે ઈમામ હુસૈન(અ.) યઝીદીઓથી ઘેરાઈ ગયા અને એકલા પડી ગયા હતા એવી સ્થિતિમાં પણ ઈમામ હુસૈન(અ.)ને જોઈને હઝરત ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી સાહેબે કહ્યું કે ઈમામ હુસૈન(અ.) બેકસીની સ્થિતિમાં પણ લાચાર કે મજબૂર નથી.

**શાહ અસ્ત હુસૈન** - હુસૈન શાહ છે.
**બાદશાહ અસ્ત હુસૈન** - હુસૈન શાહોના શાહ છે.

**સુનાયા થા નબીને કરબલાકા વાકિઆ સબકો,**
**હુસૈન ઈબ્ને અલીકા ઝિક્ર હૈ સુન્નત મુહર્રમમેં.**

(નબીએ કરીમ(સ.)એ પોતાની હયાતીમાં કરબલાનો પ્રસંગ બધાને કહી સંભળાવ્યો હતો. તેથી જ તો મોહર્રમ મહિનામાં ઈમામ હુસૈન ઈબ્ને અલી(અ.)નો ઝિક્ર કરવો નબી સાહેબની સુન્નત છે.)

**કુરઆન શરીફમાં દુઆના સ્વરૂપે આવેલ આયતો**

## કુરઆની દુઆઓ

૧૦

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

رَبَّنَآ إِنَّكَ مَنْ تُدْخِلِ النَّارَ فَقَدْ أَخْزَيْتَهٗ ؕ وَمَا لِلظّٰلِمِيْنَ مِنْ أَنْصَارٍ ﴿۱۹۲﴾

**રબ્બના ઈન્નક મિન્ તુદખેલિન્નારે ફકદ અખ્ઝય્તહુ વમા લિઝઝાલેમીન મિન્ અન્સાર.**

(પારો-૩, સૂરએ આલે ઈમરાન, આયત-૧૯૨)

અર્થ : અય અમારા પરવરદિગાર ! જેને તું આગમાં દાખલ કરશે તો તેને તેં સાચે જ ફજેત કર્યો; અને જુલમગારોનો કોઈ હિમાયતી બનશે નહીં.

---

**દીન અસ્ત હુસૈન** - હુસૈન પોતે જ દીને ઈસ્લામ છે.

**દીંપનાહ અસ્ત હુસૈન** - ઈસ્લામના રક્ષક હુસૈન છે.

**સર દાદ ............** - માથું અલ્લાહના માર્ગમાં આપી દીધું.

**ન દાદ દસ્ત દર દસ્તે યઝીદ** - પણ યઝીદના હાથે બયઅત કરી નહીં.

**હક્કાકે બિનાએ લાએલાહ અસ્ત હુસૈન** - સાચું તો એ છે કે દીને ઈસ્લામનો પાયો હુસૈન છે કે જેના પર ઈસ્લામ ટકી રહ્યો છે.

કરબલામાં બેકસીની સ્થિતિમાં પણ હઝરત ઈમામ હુસૈન(અ.) ખુદાઈના માલિક છે અને હઝરત ઈમામ હુસૈન(અ.)ના કાફલાને લૂંટી લેવા છતાં અને કેદી બનાવવા છતાં ય યઝીદ લાચાર છે.

અલ્લાહ તરફથી દરેક પ્રકારની સત્તા હોવા છતાં ઈમામ હુસૈન(અ.)એ મઝલૂમિયતને પસંદ કેમ કરી ?

ઈમામ હુસૈન(અ.) એવું બતાવવા માગતા હતા કે દુનિયામાં બધા સત્તાને માન આપનારા છે. સત્તા હોય તો બધા નાલાયકને પણ માન આપશે અને સત્તા ન હોય તો લાયકને પણ માન નહીં આપે. હું એ જોવા માગું છું કે મને ફક્ત અલ્લાહ અને રસૂલના ફરમાન અનુસાર કેટલા જણ માને છે ? જો હું અલ્લાહ તરફથી મને મળેલી સત્તાનો ઉપયોગ કરું તો હમણાં આખી દુનિયા ઝુકી જાય. પરંતુ હું બળજબરી કરવા માગતો નથી એટલે જ તો મેં હઝરત અબ્બાસને જંગ કરવાની છૂટ આપી ન હતી.

કુરઆનમાં **કુલ્લા અસ્અલોકુમ અલૈહે અજરન ઈલ્લ મોવદ્દતા ફિલ કુર્બા** અને **ઈન્નમા વલીયોકોમુલ્લાહ**વાળી આયતો છે. અલ્લાહ ફરમાવે છે કે રસૂલના ઝિલકુર્બાથી મહોબ્બત કરો. અલ્લાહ ફરમાવે છે કે હે ઈમાન લાવનારાઓ ! તમારા માલિક, સરપરસ્ત તો ફક્ત અલ્લાહ, રસૂલ અને રૂકૂઅની સ્થિતિમાં ઝકાત આપનાર હઝરત અલી(અ.) છે.

કુરઆન અરબી ભાષામાં છે અને કુરઆનને માનનારાઓ પણ અરબો છે. તેમ છતાં અરબી જાણનારાઓ પણ અલ્લાહ અને તેના રસૂલના ફરમાનને માન આપતા ન હતા. કુરઆનને અલ્લાહનું કલામ સમજીને ચૂમતા હતા, માથા પર મૂકતા હતા અને સાથે સાથે તેના ફરમાનનું ઉલ્લંઘન પણ કરતા હતા અને વળી પાછા હઝરત રસૂલ(સ.)ની મહોબ્બતનો દાવો પણ કરતા હતા.

---

**મુસલમાનોંકે દિલ માહે મુહર્રમમેં ભર આતે હૈ,**
**ઉન્હેં હોતી હૈ પૈદા ફિતરતન રિક્કત મુહર્રમમેં.**

(માહે મોહર્રમમાં મુસલમાનોનાં દિલ (ગમથી) ભરાઈ જાય છે અને તેથી જ તો મોહર્રમ મહિનામાં સ્વાભાવિકરીતે જ રૂદન ઉત્પન્ન થઈ જાય છે.)

રસૂલ(સ.)ની આખરી હજ વખતે ખૂબ મોટી સંખ્યામાં (લગભગ ૧ લાખ ૮૦ હજાર જેટલા) હાજીઓ રસૂલ(સ.)ની સાથે હતા. તેમના હાથ પગ ચૂમતા હતા. તેમનાં ફરમાનો રૂબરૂમાં, પોતાને સમજાય તે ભાષામાં સાંભળતા હતા તેમ છતાં પણ તેમની અવગણના કરતા હતા. ફરમાનોને ભૂલી બેઠા.

કરબલામાં ઈમામ હુસૈન(અ.) સાથે ફક્ત ૭૨ સાથીઓ હતા. ઈમામ હુસૈને બતાવી દીધું કે બધા કલમો પઢનારાઓને એક સરખા ન સમજતા. બધા કલમો પઢનારાઓને જન્નતી ન સમજતા. જે મારા તરફ છે તે હક ઉપર છે અને જે યઝીદ તરફ છે તે બાતિલ ઉપર છે.

તેથી જેઓ ઈમામ હુસૈન(અ.)ની સાથે છે તે જ હકીકતમાં દિલથી અલ્લાહ અને રસૂલને માની રહ્યા છે અને જેઓ યઝીદ તરફ છે તેઓ કલમો પઢીને પણ અલ્લાહ અને રસૂલને છેતરી રહ્યા છે.

ઈમામ હુસૈન(અ.) પંજેતનપાકમાંથી છે. અલ્લાહે પંજેતન પાકને પોતાના નૂરથી બનાવ્યા છે. અને અલ્લાહે તેમનાં નામ પણ પોતાના નામ ઉપરથી રાખ્યાં છે અને તેમના નૂરને હઝરત આદમ(અ.)ની પીઠમાં મૂકીને દુનિયામાં મોકલ્યા છે. અલ્લાહની જે સિફત છે તે જ તેનાં નામો છે. જે તેનાં નામો છે તે જ તેના ગુણો છે. માટે પંજેતન પાક અલ્લાહની સિફત અને નૂરથી જુદાં નથી.

જે સ્વભાવ અલ્લાહનો, તે જ સ્વભાવ પંજેતન પાકનો. જે વાતથી અલ્લાહ રાજી, તે જ વાતથી પંજેતન પાક પણ રાજી. જે વાતથી પંજેતન પાક નારાજ, તે જ વાતથી અલ્લાહ પણ નારાજ. અલ્લાહ દેખાતો નથી પરંતુ તેના નૂરથી બનેલા પંજેતનપાક દેખાય છે. જ્યાં અલ્લાહ, ત્યાં પંજેતન પાક અને જ્યાં પંજેતન પાક, ત્યાં અલ્લાહ. એટલે બીજા શબ્દોમાં પંજેતન પાકથી અલ્લાહ પોતાનાં કાર્યો કરે છે. માટે પંજેતન પાક અલ્લાહના હાથ, કાન, આંખ, ચહેરો છે. અલ્લાહ હિદાયત કરશે તો પંજેતનપાકથી કરશે. મદદ કરશે તો પંજેતન પાકથી. ફરિયાદ સાંભળશે તો પંજેતન પાકથી. તેથી જો અલ્લાહના દીદારનો લાભ લેવો હોય તો પંજેતન પાકના ચહેરા તરફ જોઈને લઈ શકાય કારણ કે તેઓ **વજહુલ્લાહ** (અલ્લાહના ચહેરા) છે.

તેથી જ તો હઝરત ઈમામ હુસૈન(અ.) અલ્લાહનો હાથ છે. તો હવે વિચારો કે ઈમામ હુસૈન(અ.) તે નાપાક યઝીદની બયઅત કેવી રીતે કરી શકે ? યઝીદની ફરજ હતી કે તે ઈમામ હુસૈન(અ.)ની બયઅત કરે. એટલા માટે જ તો પંજેતન પાક, ચૌદ માઅસૂમીન(અ.) કોઈ બીજાની બયઅત કરતા નથી. અલ્લાહે પંજેતન પાકને બીજાઓની બયઅત લેવા માટે પેદા કર્યા છે, કોઈની બયઅત કરવા માટે નહીં.

ઈમામ હુસૈન(અ.)એ યઝીદની બયઅત ન કરી તો તેમને બેકસીની સ્થિતિમાં શહીદ કર્યા. માટે જ આપણે બધા દર વર્ષે મોહર્રમમાં તેમના ફકીર બનીને એ બાબત સાબિત કરીએ છીએ કે હઝરત ઈમામ હુસૈન(અ.) આજે પણ અને કયામત સુધી સત્તાધારી બાદશાહ છે અને તેમનાથી જે માગીશું તે આપણને મળશે જ. તેથી જ તો આપણે બધા ઈમામ હુસૈન(અ.)ના ફકીર બનવામાં ગર્વ અનુભવીએ છીએ. ✻

**ગમે સિબ્તૈનમેં રોએ રૂલાયા ભી સહાબાકો,**
**દુઆએ મગ્ફેરત દી જો કરે જિદ્દત મુહર્રમમેં.**

(પોતાના બન્ને દૌહિત્રો ઈમામ હસન(અ.) અને ઈમામ હુસૈન(અ.)ના ગમમાં ખુદ નબી(સ.) રડ્યા હતા અને સહાબીઓને પણ રડાવ્યા હતા અને જે માણસ મોહર્રમમાં અનોખાપણું દર્શાવે તેના હકમાં મગ્ફેરતની દુઆ પણ કરી હતી.)

# હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી બાવા સાહેબ(મદ્દે.)એ પઢેલ મજલિસ

## મજલિસ નં. ૧૨

અઉઝોબિલ્લાહે મેનશ્શયતાનિર રજીમ.

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

અલ્હમ્દો લિલ્લાહે રબ્બિલ આલમીન વસ્સલાતો વસ્સલામો અલા મોહંમદીંવ વ આલેહીત તૈયેબીન. (સલવાત)

હઝરત ઈમામ હુસૈન(અ.) અરફાતના મેદાનમાં અરફાના દિવસે પોતાની દુઆ પઢી રહ્યા છે. આપણે આગળ વાંચીએ.

**ખુદાયા ! યે મેરી હમ્દો સના તેરી બારગાહમેં તેરી બુઝુર્ગી કે એઅ્તિરાફ કે સાથ હૈ.** યા અલ્લાહ! આ જે હું તારી પ્રસંશા કરી રહ્યો છું તે તારી મહાનતાને સમજીને કરી રહ્યો છું. **ઔર તેરે ઝિક્ર મેં મેરા ઈખ્લાસ તેરી વહેદાનિયત પર મબ્ની હૈ.** અને તારો ઝિકર કરતાં કરતાં હું જે ખુલૂસ - નિખાલસતા દાખવું છું તે તારી તૌહીદ, વહેદાનિયત - એકત્વ ના લીધે છે. **ઔર તેરી નેઅમતોં કે સિલસિલે મેં મેરા ઈકરાર ઉન્હેં શુમાર (કરને કે આજિઝ હોને) કે બાદ હૈ.** મેં તારી નેઅમતોને ગણવાની કોશિશ કરી લીધી અને એ પછી મેં સ્વીકારી લીધું કે તારી નેઅમતો અસંખ્ય છે. **અગરચે મુઝકો એઅ્તિરાફ હૈ કે તેરી નેઅમતોં કા હિસાબ મુમ્કીન નહીં હૈ.** હું સ્વીકારું છું કે તારી નેઅમતો કોઈ ગણી શકતું નથી. **કયું કે વો બહુત ઝિયાદા ઔર ફરાવાં હૈ, કામિલ ભી હૈ.** એટલા માટે કે તે ઘણી બધી છે અને સંપૂર્ણ છે. **ઔર આશ્કાર ભી** અને સ્પષ્ટ દેખાઈ આવે તેવી છે. **કદીમ ભી હૈ.** કયારની ય છે, આજકાલની નથી. જયારથી જીવનનું અસ્તિત્વ થયું ત્યારથી છે. **ઔર જદીદ ભી.** અને નવી પણ છે બધા પ્રકારની નેઅમતો તારી છે. **તેરી નેઅમતોં કા સિલસિલા રોઝે અવ્વલ સે જારી હૈ.** જયારે કાએનાતનો પહેલો દિવસ હતો ત્યારથી તારી નેઅમતો શરૂ છે. **તૂને જીસ વક્ત સે મુઝે પૈદા કીયા હૈ હમેશાં સે ઉનકો મેરે પાસ રખ્ખા હૈ.** અને જયારથી મને જન્મ આપ્યો છે ત્યારથી તારી નેઅમતો મારી સાથેને સાથે છે. **મુઝે મેરી ઈબ્તેદાએ ઉમરસે નેઅમતેં દેકર મેરી ફકીરી કો ગિના સે બદલા.** શરૂઆતની ઉંમરમાં જ મને નેઅમતો આપીને હું ફકીર હતો તો મને માલદાર બનાવી દીધો. **ઔર મુઝ સે રંજો અલમ કો દૂર રખ્ખા.** અને મારાથી દુઃખને દૂર રાખ્યું. **આસાની કે અસબાબ મુહય્યા કીયે.** સહેલાઈનાં સાધનો મને આપ્યાં. **સખ્તી કો દૂર કીયા.** અને મુશ્કેલીને દૂર કરી દીધી. **ઔર ગમ સે નજાત દી.** મારા દુઃખને દૂર કર્યું. **જીસ્મ કો આફિયત દી.** મારા શરીરને સલામતી બક્ષી. **ઔર મેરે દીન કો સલામતી અતા કી.** મારા દીનમાં - ધર્મના કાર્યોમાં પણ મને સલામતી આપી. **ઔર અગર અવ્વલીનો આખેરીન કે તમામ લોગ તેરી બેપાયાં નેઅમતોં કા શુમાર કરના ચાહે તો ન મૈં ઉસ પર કાદિર હૂં ઔર ન વો**

**નબી રોએ રૂલાયા ભી ખબર ભી દી શહાદતકી,**
**ફિર ઉનકે કાતિલોં પર કી બહુત લા'નત મુહર્રમમેં.**

(નબી(સ.) ખુદ પોતે પણ રડ્યા હતા, બીજાઓને રડાવ્યા હતા અને ઈમામ હુસૈન(અ.)ની શહાદતની ખબર પણ આપી હતી અને ત્યાર પછી તેમના કાતિલો ઉપર ખૂબ લા'નત પણ કરી હતી.)

**લોગ ઐસા કર સકતે હૈ.** આખી માનવજાત જો ઈચ્છે કે તારી નેઅમતોને ગણી નાખે તો હું પણ નહીં ગણી શકું અને એ લોકો પણ ગણી શકશે નહીં.

**તૂ પાકો પાકીઝા ઔર બુઝુર્ગો બાલા હૈ.** તું પાક છે, પાકીઝા છે, મહાન છે અને સૌથી ઊંચો છે. **રબ્બે કરીમો અઝીમો રહીમ હૈ.** તું એવો પાલનહાર છે જે કરીમ - કરમ કરનારો, અરબીમાં કોઈ મહાન માણસ, અલ્લાહ કરતાં મહાન તો કોઈ છે જ નહીં, પરંતુ કોઈપણ ઊંચો માણસ દા.ત. રાજા, તે કોઈ ગરીબને એવી પદવી આપી દે કે એ ગરીબનું માન વધી જાય તો તેણે કરમ કર્યો એમ કહેવાય. અને અલ્લાહ એ આધારે કરીમ કહેવાય છે કારણ કે તે તેના દરેક નાના સર્જનને કરમ કરીને ઈજ્જતદાર બનાવી દે છે તો અલ્લાહ કરીમ છે, અઝીમ છે એટલે મહાન છે અને રહીમ છે. **રહીમ** એટલે રહેમ કરનારો. **તેરી નેઅમતોં કા શુમાર નામુમ્કીન હૈ.** તારી નેઅમતો ગણી શકાતી નથી. **ઔર તેરી સનાકા હક અદા કરના કીસી કે બસ મેં નહીં હૈ.** તારી તારીફ કોઈપણ કરી શકતું નથી. **તેરી નેઅમતોં કા બદલ નહીં હૈ.** અલ્લાહની જે નેઅમતો છે તેના બદલામાં કોઈ બીજી વસ્તુ આવી શકતી જ નથી. **મોહંમદ વ આલે મોહંમદ પર દુરૂદ નાઝિલ ફરમા. ઔર હમ પર અપની નેઅમતોં કો મુકમ્મીલ કર દે.** અમારા ઉપર તારી નેઅમતોને તું સંપૂર્ણ કરી દે. **હમકો અપની તાઅત કે ઝરીયે ખુશબખ્ત બના દે.** અને તારી બંદગી કરતાં કરતાં અમે ખુશનસીબ થઈ જઈએ એવું કર. **તૂ પાકો મુનઝઝા હૈ. તેરે સિવા કોઈ માઅબૂદ નહીં.** તું પાક છે. દરેક વસ્તુથી પર છે. તારા સિવાય કોઈપણ માઅબૂદ નથી.

**ખુદાયા ! તૂ પરેશાંહાલ કી દુઆ કો કુબૂલ કરતા હૈ.** યા અલ્લાહ ! તું જે પરેશાન હોય છે, દુઃખી હોય છે તેની દુઆને કબૂલ કરે છે. **ઉસકે રંજો અલમ કો દૂર કરતા હૈ.** એના દુઃખને દૂર કરે છે. **ઔર ગમઝદા કી ફર્યાદ કો પહુંચતા હૈ.** કોઈ દુઃખી ફરિયાદ કરે તો એ ફરિયાદને તું સાંભળે છે. **મરીઝ કો શિફા દેતા હૈ.** બીમાર હોય તેને બીમારીમાંથી તું મુક્ત કરે છે. **ફકીર કો માલદાર બનાતા હૈ, ટૂટે હુએ દિલ કો જોડતા હૈ, બચ્ચે પર રહેમ કરતા હૈ.** નાના બાળકો ઉપર તું રહેમ કરે છે. **બુઢ્ઢે કી મદદ કરતા હૈ.** વૃધ્ધ લોકોની પણ તું મદદ કરે છે. **તેરે અલાવા કોઈ મદદગાર નહીં હૈ.** તારા સિવાય કોઈ મદદગાર જ નથી. **ઔર તુઝ સે બાલાતર કોઈ કાદિર નહીં હૈ.** તારાથી વધારે કુદરત રાખનારો કોઈ છે જ નહીં. **ઔર તૂ સબસે બુઝુર્ગોબર્તર હૈ.** તું સૌથી મહાન છે.

**અય જકડે હુએ કૈદી કો રિહાઈ દિલાનેવાલે!** અલ્લાહની બધી સિફતો ઈમામ હુસૈન(અ.) યાદ કરે છે. **જકડે હુએ કૈદી કો રિહાઈ દેનેવાલે.** એવા કેદીને કે જેને ચારેબાજુથી જકડી લેવામાં આવ્યો હોય તેને પણ રિહાઈ અલ્લાહ જ અપાવે છે. **અય છોટે બચ્ચે કો રિઝક અતા કરનેવાલે.** નાના બાળકને તેની રોઝી પણ અલ્લાહ જ અપાવે છે. **અય ખૌફઝદા, પનાહતલબ કરનેવાલે કો પનાહ દેનેવાલે !** બિલકુલ ભયભીત થયેલા શરણાગતને

**મુસલમાનોંકી કસરતસે અયાં હૈ દીનકી શૌકત,**
**ઈસી કસરતસે આતી હૈ નઝર વહદત મુહર્રમમેં.**

(મુસલમાનોની વિપુલતાને લીધે જ દીને ઈસ્લામનો દબદબો પ્રગટ થાય છે અને મુસલમાનોના આ માનવ મહેરામણને લીધે જ મોહર્રમ મહિનામાં એકતાનાં દર્શન થાય છે.)

શરણ આપનાર પણ અલ્લાહ જ છે. **અય વો કે જીસકા ન કોઈ શરીક હૈ ન વઝીર.** અલ્લાહ એવો છે કે તેનો કોઈ શરીક નથી. કોઈ સાથી નથી કે જે તેની મદદ કરે અને ન કોઈ વઝીર છે. **મોહંમદ વ આલે મોહંમદ(અ.) પર દુરૂદ નાઝિલ કર. ઔર આજ કી રાત મુઝ કો ઉસસે બેહતર નેઅમત અતા કર જો તૂને અપને બંદોંમેં સે કીસી એક કો અતા કી હૈ.** આજની રાત્રે તું મને એવી નેઅમત આપી દે કે જે તેં કોઈને આપી હોય તે નેઅમત કરતાં પણ સારી હોય. **ઈન ઝાહેરી નેઅમતોં સે જો તૂ બંદોં કો દેતા હૈ ઔર ઉન બાતિની નેઅમતોં મે સે જીનકી તજદીદ કરતા હૈ.** બન્ને પ્રકારની નેઅમતો મને આપ. જાહેરમાં જે નેઅમતો જે બંદાઓને આપે છે એમાં સર્વશ્રેષ્ઠ નેઅમત પણ તું મને આપ અને છૂપી નેઅમતો જેને તું સમયે-સમયે નવેસરથી લોકો સુધી પહોંચાડે છે એ નેઅમતો પણ મને આપ. **ઔર ઉન મુસીબતોં મેં સે જીન્હે દૂર કરતા હૈ.** એવી મુસીબતોમાંથી જેને તું દૂર કરે છે. એવી મુસીબતોને મારાથી દૂર કરી દે. **ઔર ઉન ઝહેમતોં મેં સે જીનકો તૂ ખત્મ કરતા હૈ.** અને મુશ્કેલીઓને દૂર કરી દે. **ઔર ઉન ખતાઓં મેં સે જીનકો તૂ સુનતા હૈ.** એવી ભૂલોને માફ કરી દે કે જે તું માફ કરતો જ આવ્યો છે. **ઔર વો નેકી જીસકો તૂ કુબૂલ કરતા હૈ.** અને એવી નેકીઓને કબૂલ કર કે જેને તું કબૂલ કરે છે. **ઔર વો બૂરાઈ જીસકો તૂ છૂપાતા હૈ.** અને એવી બૂરાઈ કે જે લોકોમાં હોય છે અને તું છૂપાવ્યા કરે છે કે જેથી લોકો અપમાનિત ન થઈ જાય. **બેશક તૂ લતીફ હૈ.** યા અલ્લાહ ! ખરેખર તું લતીફ એટલે વહાલ કરનારો, તેના બંદાઓને વહાલ કરનારો. **જીસ ચીંઝ સે ચાહે બાખબર રહેતા હૈ.** બધી વસ્તુનો જાણકાર છે તું. **ઔર હર શય પર કાદિર હૈ.** દરેક વસ્તુ કરવા ઉપર સક્ષમ છે.

**ખુદાયા ! તૂ પૂકારે જાનેવાલોં મેં સબસે કરીબ હૈ.** યા અલ્લાહ ! જેને મુશ્કેલીના સમયમાં અવાજ દેવામાં આવે છે, એવા બધામાં તું સૌથી નજીક છે. **ઔર કુબૂલ કરનેવાલોં મેં સબસે જલ્દી કુબૂલ કરનેવાલા હૈ.** જે લોકો સાંભળે છે એમના કરતાં પણ વધારે જલ્દી તું સાંભળે છે. **ઔર માફ કરનેવાલોં મેં સબસે ઝિયાદા કરીમ હૈ.** અને સૌથી જલ્દી માફ કરી દેનાર છે. **અતા કરનેવાલોં મેં સબસે ઝિયાદા વસીઅ હૈ.** સૌથી વધારે બક્ષિસો આપનાર છે. **ઔર જીન સે સવાલ કીયા જાયે ઉનમેં સબસે ઝિયાદા સુનનેવાલા હૈ.** જેમની સામે ભીખ માગવામાં આવે તેવા લોકોમાં સૌથી વધારે યા અલ્લાહ ! તું સાંભળનારો છે. **અય દુનિયા વ આખેરત કે રહેમાનો રહીમ ! તેરે જૈસા કોઈ નહીં જીસ સે સવાલ કીયા જાયે.** જેની સામે ભીખ માગવામાં આવે દુનિયામાં અને આખેરતમાં એવો રહેમાન અને રહીમ તારા સિવાય બીજો કોઈ છે જ નહી. **ઔર તેરે સિવા કોઈ નહીં જીસસે ઉમ્મીદ લગાયી જાયે.** આશા જેની સાથે સંકળાયેલી હોય તેવો પણ ફક્ત અલ્લાહ જ છે. **મૈંને તુઝ સે દુઆ કી તૂ ને ઉસે કુબૂલ કીયા.** મેં દુઆ માગી અને તેં કબૂલ કરી લીધી. **મૈંને તુઝ સે સવાલ કીયા તૂને**

**જિન્હેં ચશ્માને બીના દી હૈ હકને દેખ લેતે હૈ,**
**હયાતે મિલ્લતે ઈસ્લામકી સૂરત મુહર્રમમેં.**

(અલ્લાહ તઆલાએ જે લોકોને જોવા માટે આંખો આપી છે એ લોકો તો મોહર્રમ મહિનામાં મિલ્લતે ઈસ્લામની જીવતી જાગતી તસ્વીરને જોઈ લે છે.)

**અતા કીયા.** મેં માગણી કરી અને તેં આપી દીધું મને. **મૈંને તેરી જાનિબ તવજ્જોહ દી, તૂને રહમ કીયા.** મેં ધ્યાન કેન્દ્રિત કર્યું તારા તરફ અને તેં તરત જ મારા ઉપર રહેમ કરી. **મૈંને તુઝ પર એતિમાદ કીયા તો તૂ ને મુઝે નજાત દી.** મેં તારા ઉપર ભરોસો કર્યો તો તેં મને છુટકારો આપ્યો. **ઔર મૈંને તુઝ સે ફર્યાદ કી તો તેરી મદદ મેરે લીયે કાફી હો ગઈ.** અને મેં તારાથી મારી ફરિયાદ કરી એટલે તારી એટલી મદદ મને મળી કે બીજા કોઈની મદદની જરૂરિયાત રહી જ નહીં.

**ખુદાયા ! પસ દુરૂદ નાઝિલ ફરમા અપને બંદે ઔર અપને રસૂલ ઔર અપને નબી મોહંમદ(સ.) પર ઔર ઉનકી તૈયબો પાકીઝા તમામ કી તમામ આલ પર ઔર હમારે લીયે અપની નેઅમતોં કો મુકમ્મીલ કર દે.** અમારા માટે તારી નેઅમતોને સંપૂર્ણ કરી દે. **અપની હર અતા કો હમારે લીયે ગવારા બના દે.** તારી દરેક બક્ષિસ, જે વસ્તુ તેં અમને આપેલી હોય તે અમારા માટે ગવારા - અમને માફક આવે એવી બનાવી દે તું. **હમારા નામ અપને શુક્રગુઝારોં મેં લીખ દે.** અમને તારા શુકર કરનારા લોકોમાંથી તું ગણ. **ઔર હમેં અપની નેઅમતોં કો યાદ કરનેવાલોં મેં શુમાર ફરમા.** અને તારી નેઅમતોને યાદ કરવાવાળા લોકોમાંથી અમને તું લખી લે. **અય આલમીન કે પાલનેવાલે ! મેરી યે દુઆ કુબૂલ કર લે.** બધી દુનિયાઓના પાળવાવાળા ! તું મારી આ દુઆ કબૂલ કરી લે. હવે ઈન્શાઅલ્લાહ કાલે.

**અલ્લાહથી આપણે આટલી દુઆ માગીએ કે અલ્લાહ આપણી નિય્યતોને પાકીઝા નિય્યતો બનાવી દે.**

(ઈલોલ તલાવ, તા.૨૮-૧૦-૨૦૦૯, બુધવાર)


HDFC STANDARD LIFE INSURANCE
Sar Utha ke Jiya

**Mo. 98258 81814**



**નજરઅલી યુનુસભાઈ પીચારજી**

**GOLD CLUB MEMBER : HDFC SLIC**

**ઓફિસ** : ડાયમંડ એસ્ટેટ, સહયોગ હોટલની પાછળ,
ને.હા.નં.૮, ગામ-મોતાલી-અંકલેશ્વર, જી.ભરૂચ
ફોન નં. ૯૮૨૫૮ ૮૧૮૧૪

**રહેઠાણ** : ગામ-સેદ્રાણા, તા.સિધ્ધપુર, જી.પાટણ
ફોન નં. : ૨૨૬૬૦૩

**પાક પરવરદિગારના કરમથી સતત ૬ વર્ષથી આપની સેવામાં હાજર**

**શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅતના વીમેદારોને અંતઃકરણપૂર્વક સહકાર બદલ આભાર**

HDFC STANDARD LIFE INSURANCE Sar Utha ke Jiya

**જીવનવીમા તથા રોકાણના નવીન તથા જુના કામકાજ માટે સંપર્ક કરો.**

HDFC STANDARD LIFE INSURANCE Sar Utha ke Jiya

# ઝિબ્હે અઝીમ

લેખન : જનાબ સૈયદ નદીમએહમદ ડી. જાફરી (અમદાવાદ)

<u>બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ</u>

*જ્યારે આપણે આજુબાજુ નજર કરીએ ત્યારે અને આપણા રોજિંદા જીવનમાં બનતા વિવિધ પ્રસંગો ઉપર ચિંતન કરીએ છીએ ત્યારે આપણે ઈસ્લામી ફિલસૂફીને ખૂબ સારી રીતે સમજી શકીએ છીએ. તેથી જ તો કદાચ ઈસ્લામ ધર્મ સ્વભાવગત ધર્મ -**'દીને ફિતરત'** તરીકે પણ જાણીતો થયો છે. અલ્લાહ(સુ.વ.ત.)*એ પણ ખુદ કુરઆનમાં આપણને જુદી જુદી આયતો ઉપર વિચારવાની અને ચિંતન-મનન કરવાની સલાહ આપી છે જેથી આપણે આપણા જીવનના હેતુની વધારે સારી રીતે સમજ મેળવી શકીએ. માત્ર કુરઆનની તિલાવત કર્યે જવાથી કદાચ આ બાબતમાં આપણે ફાયદો ન પણ મેળવી શકીએ.*

*પાછલા થોડા દિવસોમાં એકાદ ઓનલાઈન ન્યૂઝ પોર્ટલ્સ પર મને ટાટા ગૃપના ચેરમેન શ્રીમાન રતન ટાટાએ પોતાની કંપનીના એ કર્મચારીઓની સ્મૃતિમાં યોજેલ સમારંભના સમાચાર જોવા મળ્યા કે જે કર્મચારીઓ ૨૬/૧૧ના ગોઝારા દિવસે ટાટા ગૃપની માલિકીની તાજ હોટલ ઉપર થયેલ આતંકવાદી હુમલામાં આતંકવાદીઓની સામે લડતાં લડતાં મૃત્યુનો ભોગ બન્યા હતા.*

*આ આતંકવાદી હુમલાના પ્રથમ વાર્ષિક દિને આ સમારંભ યોજવામાં આવ્યો હતો અને એક હજાર કરતાં ય વધારે સંખ્યામાં મહેમાનો હોટલમાં સર્વધર્મ પ્રાર્થના સભા માટે એકત્ર થયા હતા. હુમલાની વાત કરતાં કરતાં **ભાવનાશીલતાથી ગદ્ગદિત થઈ ગયેલા ટાટા**ના તેઓ બધા સાક્ષી બન્યા હતા. ટાટા ગૃપના ચેરમેને **બાર ફૂટ ઊંચા એક સ્મારક** સ્તંભનું અનાવરણ પણ કર્યું કે જેના ઉપર એ **કર્મચારીઓનાં અને મહેમાનોનાં નામ** કોતરેલાં હતાં કે જેમની પ્રખ્યાત હોટલ ઉપર ચાલેલા ત્રણ દિવસ લાંબા ઘેરા દરમિયાન આતંકવાદીઓએ હત્યા કરી નાખી હતી.*

*જ્યારે તાજ ઉપર હુમલો કરવામાં આવ્યો ત્યારે હોટલના એ બહાદુર કર્મચારીઓ જ હતા કે જેમણે જનરલ મેનેજર મિસ્ટર કરમવીર કંગની આગેવાની હેઠળ મહેમાનોને બચાવી લેવાના ધ્યેયને ઉપાડી લીધું હતું. મિસ્ટર કંગ ગ્રાઉન્ડ ફલોર ઉપર મહેમાનોને બચાવવાના કાર્યમાં પરોવાયેલા હતા ત્યારે જો કે તેમનાં પોતાનાં પત્ની અને બે બાળકો **આગમાં ફસાયેલાં હતાં અને પાછળથી** ટૉપ ફલૉર પર આવેલા તેમના ઓરડામાં **મૃત હાલતમાં મળી આવ્યાં હતાં.***

એ કહેવાની જરૂર નથી કે તેમના સમર્પણની અને ફરજની જવાબદારીની ભાવનાએ તેમને **ફોર્બસ, પર્સન ઑફ ધ યર -૨૦૦૯** અને **કોર્પોરેટ સિટીઝન ઑફ ધ યર એવોર્ડ** જેવા ઘણા બધા એવોર્ડ જીતાડી આપ્યા અને તેનાથી વિશેષ તો તેમણે ઘણા

* *(સુ.વ.ત.)નું આખું રૂપ **સુબ્હાનહુ વ તઆલા** થાય છે.*

**બનાના સૂરતે બેજા હૈ જબ ઈસ્લામમેં જાએઝ,**
**તો નકલે રૌઝએ શેહ ક્યું હુઈ બિદ્અત મુહર્રમમેં.**

(ઈસ્લામ ધર્મમાં પોતાના ચહેરાને અનુચિત બનાવવો જાઈઝ (માન્ય) છે તો પછી મોહર્રમમાં ઈમામ હુસૈન(અ.)ના રોઝાની નકલ તાજિયા બનાવવાનું બિદ્અત કેવી રીતે થઈ ગયું ?)

બધાનાં દિલ જીતી લીધાં.

→ મિસ્ટર ટાટાએ જે કર્યું એ વાતની ચર્ચા જો આપણે કોઈ પણ માણસ જોડે કરીશું તો આપણને આવો જ પ્રતિભાવ આપશે કે **તેમણે જે કર્યું એ તેમના કર્મચારીઓની બલિદાનની ભાવનાનો સંગઠનના વડાએ કરેલો ઋણસ્વીકાર છે** અને જે સ્મારક છે તે **તેમની નિઃસ્વાર્થ સેવાની યાદગીરી** છે.

ઈસ્લામ ધર્મે મોટામાં મોટા આતંકવાદી હુમલાનો જો સામનો કર્યો હોય તો તે બની ઉમય્યાના શાસનકાળ દરમિયાન કર્યો હતો કે જયારે યઝીદ શાસનકર્તા હતો. ઈમામ હુસૈન(અ.)ની એ મહાન કુરબાની હતી કે જેણે ઈસ્લામને બચાવી લીધો. **આ મહાન કુરબાનીની યાદમાં સમગ્ર વિશ્વમાં તાઝિયાનાં સરઘસ** કાઢવામાં આવે છે અને દસમી મોહર્રમ-આશુરાના દિવસે **મહાન ઈમામના ઘરાનાએ આપેલી મહાન કુરબાની માટે લોકો રૂદન કરે છે, આક્રંદ કરે છે અને તેમના પ્રત્યે પોતાનો પ્રેમ પ્રદર્શિત કરે છે.**

આ લેખમાં જુદી જુદી આયતોના પ્રકાશમાં આપણે જિહાદે કરબલાને સમજવાનો પ્રયત્ન કરીશું. કુરઆન એક સંપૂર્ણ કિતાબ છે અને મને ચોક્કસ ખાત્રી છે કે આ કુરબાનીને સમજવામાં તે આપણને અંત સુધી માર્ગદર્શન પણ આપશે અને મદદ પણ કરશે.

જયારે યઝીદ સત્તા ઉપર આવ્યો ત્યારે તેણે ગેરવ્યાજબી યુક્તિ પ્રયુક્તિઓનો ઉપયોગ કરીને દરેકની પાસેથી પોતાની બયઅતની માગણી કરવાનું શરૂ કરી દીધું. એ દિવસો દરમિયાન અરબ વિશ્વમાં શાસન અને સત્તા(પ્રભુત્વ) જેવી બાબતોમાં બયઅત કરવી એક પ્રખ્યાત પ્રણાલિકા હતી.

યઝીદ ખિલાફતની બાબતમાં ઈમામ હુસૈન(અ.)ના મોભાથી અને મરતબાથી સંપૂર્ણ રીતે પરિચિત હતો અને પોતાની વિચારધારાને વિશ્વસનીયતા અર્પવા માટે તેને ઈમામ હુસૈન(અ.)ની બયઅતની સખત જરૂર હતી અને તેથી જ તો તેણે આ સંદર્ભમાં તેમના ઉપર ઉપરા ઉપરી સંદેશા મોકલ્યા હતા. આ તબક્કે પયગમ્બર(સ.)ના દોહિત્ર દ્વારા યઝીદની સર્વોપરિતાનો સ્વીકાર કરવો તેનો અર્થ થાય દુષ્કૃત્યોનું અને ખિલાફતનું સમર્થન. **ઈમામ હુસૈન(અ.) પોતાની સહમતીની મહોર લગાવે તે બાબતની યઝીદને તાતી જરૂર હતી.**

આ તબક્કે ચાલો આપણે સૂરએ મોહંમદમાંથી નીચેની આયત જોઈએ અને તેના ઉપર મનન કરીએ કે -

- **'હે ઈમાન લાવનારાઓ ! અગર તમે <u>અલ્લાહ(ના દીન)ની મદદ કરશો</u> તો તે પણ <u>તમારી મદદ કરશે અને તમારા પગ જમાવી દેશે.'</u>**

(સૂરએ મોહંમદ, આયત-૭)

આ આયત દર્શાવે છે કે જે કોઈ અલ્લાહના કાર્યમાં મદદ કરશે બદલામાં અલ્લાહ (સુ.વ.ત.) દ્વારા તેની મદદ કરવામાં આવશે અને તે અડીખમ રહેશે. હવે ચાલો આને કરબલા સાથે જોડીએ અને તેને આ પરિપેક્ષમાં જોઈએ.

કરબલામાં ઈમામ હુસૈન(અ.) પોતાના ધ્યેયમાં અડીખમ રહ્યા અને યઝીદની બયઅત ન કરી. આ હક વિરૂધ્ધ બાતિલની, સદાચાર વિરૂધ્ધ

**શબીહે રૌઝએ સિબ્તે નબી હૈ તાઝીયા બેશક,**
**ઉસે રખતી હૈ અપને દોશ પર ઉમ્મત મુહર્રમમેં.**

(નિઃશંકપણે તાજિયા નબી(સ.)ના ફરઝંદ હુસૈન(અ.)ના રોઝાની પ્રતિકૃતિ છે. નબી(સ.)ની ઉમ્મત મોહર્રમ મહિનામાં તેને પોતાના ખભા ઉપર મૂકે છે.)

દુરાચારની, અને ન્યાય વિરૂધ્ધ ભ્રષ્ટાચારની લડાઈ હતી. આપ પોતાના સાથીદારો સાથે કરબલાની બળબળતી ગરમીમાં ઊભા રહ્યા. તેમને **પાણી અને ખોરાકથી વંચિત રાખવામાં આવ્યા તેમ છતાં અવિચળ રહ્યા.** તેમના પ્રિયજનો કે જેમાં છ મહિનાના પુત્ર અલી અસગરનો સમાવેશ થતો હતો, તે બધાયને શહીદ કરી દેવામાં આવ્યા પરંતુ **આ બધી બાબતો તેમના માર્ગમાં બાધક ન બની અને તેઓ અડગ રહ્યા. દીન પ્રત્યેની અને અલ્લાહ પ્રત્યેની તેમની મોહબ્બતે તેમને આ બધી મુસીબતોને સહન કરવાની શક્તિ અર્પી.**

કરબલાની આ જિહાદનો ઉલ્લેખ પ્રખ્યાત સંકલનકારોએ પોતાના વિવિધ સંગ્રહગ્રંથોમાં કર્યો છે અબુલ હસન અલી બિન હુસૈન મસૂદીએ પોતાની કિતાબ મુરૂજુઝ ઝહબ વ મા'દિનુલ જવાહિરમાં લખ્યું છે :

- **જે કોઈ યઝીદના હાથ પર વફાદારીની બયઅત કરીને તેની ગુલામીનો સ્વીકાર કરી દેતો તેની જાન બક્ષી દેવામાં આવતી નહિતર તેને બંદીવાન બનાવી દેવામાં આવતો. આમ <u>યઝીદની બયઅત</u>નો અર્થ માત્ર તેનો નવા ખલીફા તરીકે સ્વીકાર જ થતો નહોતો પરંતુ <u>એક જાલિમને પોતાનો ધર્મ અને પોતાનું ઈમાન ગુલામીમાં વેચી દેવું એવો અર્થ થતો હતો.</u>**

ઈમામ હુસૈન(અ.) અલ્લાહના દીનના રક્ષક હતા તેથી આવું બધું આપ કેવી રીતે ચલાવી લે ? કરબલાની લડાઈમાં આપના વિરૂધ્ધ જે લોકો લડ્યા હતા તેમાંનો એક કહે છે :

**'જેને પોતાના પુત્રોથી, પોતાના સ્વજનો અને સાથીદારોથી વંચિત કરી દેવામાં આવ્યો હોય તેવો સિંહ જેવા હૃદયવાળો (બહાદુર) માણસ બીજો કોઈ મેં કદી જોયો નથી.'**

(સંદર્ભ : ઈબ્ને અસીર, તારીખે કામિલ)

આ બાબત કરબલાની લડાઈ દરમિયાન તેમની **અડગતા, અવિચળતા** વિષે અને આ રીતે તેમની ઈસ્લામની મદદ કરવાની અને સેવા કરવાની તેમજ અલ્લાહના ઉદ્દેશ માટેની તેમની તત્પરતા વિષે પણ ઘણું બધું કહી જાય છે.

ચાલો આપણે પાછા ફરીથી કુરઆનનો સંદર્ભ લઈએ અને આ બાબતમાં થોડીક વધુ આયતો શોધી કાઢવાનો પ્રયત્ન કરીએ.

- **'જે લોકોએ <u>અલ્લાહની રાહમાં હિજરત કરી</u> પછી <u>શહીદ કરવામાં આવ્યા</u> અથવા મરી ગયા, તો તેમને અલ્લાહ અવશ્ય <u>ઉત્તમ રોઝી અર્પણ કરશે,</u> બેશક અલ્લાહ એવી જ બેહતર રોઝી આપનાર છે.** (સૂરએ હજ, આયત-૫૮)

ઈમામ હુસૈન(અ.)એ પોતાનું **વતન મદીના અલ્લાહ ખાતર છોડ્યું હતું** અને કરબલા આવ્યા હતા. તેમની સાથે આ ઉમદા હેતુ માટે ૭૨ સાથીદારો હતા જેમાં તેમના ઘરનાં બાળકો અને સ્ત્રીઓનો પણ સમાવેશ થતો હતો. ૧૦મી મોહર્રમ હિજરી સન-૬૧ અને શુક્રવારના એ ગોઝારા દિવસે **તેમને તેમના સાથીદારો સહિત ક્રુરતાપૂર્વક કતલ કરી દેવામાં આવ્યા હતા.** સ્ત્રીઓ અને બાળકોને બંદીવાન બનાવી દેવામાં આવ્યાં હતાં.

→ જ્યારે આપણે ઉપરોક્ત આયત ઉપર મનન કરીએ તો આપણને લાગે છે કે આ આયત કરબલાની લડાઈનો અને ઈમામ હુસૈન(અ.)ની

**અલમ દીને નબીકા હર તરફ દુન્યામેં લહેરાયે,**
**અગર બાંધે નબીકે ઉમ્મતી હિંમત મુહર્રમમેં.**

(જો નબી(સ.)ના ઉમ્મતીઓ મોહર્રમ મહિનામાં હિંમત પ્રદર્શિત કરે તો નબી(સ.)ના દીનનો પરચમ દુનિયામાં દરેક જગ્યાએ લહેરાતો થઈ જાય.)

શહાદતનો નિર્દેષ કરે છે. અહીં અલ્લાહ (સુ.વ.ત.)એ એવું વચન આપ્યું છે કે તે ઈમામ હુસૈન(અ.) સહિત કરબલામાં શહીદ થયેલા બધા જ લોકોને પોતાની અનંત કૃપા અને ઉત્તમ રોઝી આપશે. **તેથી જ્યારે ખુદ અલ્લાહ(સુ.વ.ત.) પોતે જ આ મહાન કુરબાનીને યાદ કરે છે અને તેનો સ્વીકાર કરે છે ત્યારે મને ચોક્કસ ખાત્રી છે કે તે આપણી પાસેથી પણ એવી જ અપેક્ષા રાખશે. તો પછી આપણે આ મહાન કુરબાનીને દર વર્ષે શા માટે યાદ ન કરીએ ?**

જેમને આપણે ચાહતા હોઈએ છીએ તેમના ઉપર જ્યારે આફતો તૂટી પડે છે ત્યારે આપણને રડવું આવે છે એટલા માટે કે તે એક **માનસિક પ્રક્રિયા છે, સ્વભાવગત સાહજિકતા** છે અને ઈસ્લામ પણ **દીને ફિતરત** (માણસના સ્વભાવ પર આધારિત ધર્મ) છે તેથી ઈમામ હુસૈન(અ.) ઉપર રડવું તે સ્વાભાવિક તેમજ ઈસ્લામના સિધ્ધાંતોને અનુરૂપ બાબત છે. પરંતુ તેમ છતાંય આપણે એ બાબત કુરઆનમાંથી શોધવાનો પ્રયત્ન કરીએ કે તેમાં શું રૂદન અને વિલાપ કરવાનો ઉલ્લેખ કર્યો છે ખરો ?

ચાલો આપણે સૂરએ યૂસુફમાંથી નીચેની આયત જોઈએ :

- **'અને (પછી યાકૂબે) તેમની તરફથી મોઢું ફેરવી લીધું અને રડીને <u>બોલી ઉઠ્યો, હાય અફસોસ યૂસુફ પર અને ગમના કારણે તેની બન્ને આંખો સફેદ પૂણી જેવી થઈ ગઈ હતી,</u> અને તે ગમને સહન કરનારો હતો.'**

(સૂરએ યૂસુફ, આયત-૮૪)

અહીં ઉપરોક્ત આયતમાં કુરઆન ફરમાવે છે કે યાકૂબ(અ.) ખૂબ જ રડ્યા કારણ કે **તેમના પુત્ર યૂસુફ(અ.) તેમનાથી વિખૂટા પડી ગયા** હતા અને તેઓ એટલું બધું રડ્યા કે તેમની આંખો સફેદ થઈ ગઈ અને તેમણે આંખોની રોશની ગુમાવી દીધી.

**તમે કોઈને ચાહતા હો કે કોઈને યાદ કરતા હો તો તેના માટે રડવાની** કુરઆને તમને છૂટ આપી છે. **બધા જ સૈયદો** ઈમામ હુસૈન(અ.)ના વંશજો છે, કરબલામાં તેમના આપ્તજનો ઉપર હુમલો કરવામાં આવ્યો હતો તેથી **જ્યારે તેઓ રડતા હોય** છે ત્યારે **તેમના વડદાદા ઈમામ હુસૈન(અ.)નાં દુઃખો અને ગમને યાદ** કરતા હોય છે. અને આ રીતે તેમને પુરસો આપે છે. બાકીનું ઈસ્લામી જગત ઈમામ હુસૈન(અ.) અને તેમના એહલેહરમે ઈસ્લામને બચાવવા ખાતર આપેલ મહાન કુરબાની માટે મોહર્રમ માહિનામાં રડીને અને વિલાપ કરીને તેમના પ્રત્યે આભારની લાગણી પ્રદર્શિત કરે છે.

હવે ફરીથી ઉપરોક્ત આયત તરફ પાછા જઈને ચાલો આપણે જોઈએ કે યાકૂબ(અ.)એ પોતાની આંખોની દૃષ્ટિ પાછી કેવી રીતે પ્રાપ્ત કરી? આ માટે ફરીથી સૂરએ યૂસુફમાંની નીચેની આયત ટાંકવી પડશે.

- **'<u>લ્યો, મારું આ પહેરણ લઈ જાઓ</u> અને તેને મારા <u>બાપના મોઢા ઉપર નાખી દેજો જેથી તે દેખતા થઈ જશે</u> અને (પછી) તમારા સઘળા કુટુંબને મારી પાસે લઈ આવજો.'** (સૂરએ યૂસુફ, આયત-૯૩)

ઉપરોક્ત આયતમાં યૂસુફ(અ.) તેમના ભાઈઓએ તેમની સાથે પોતાનું **પહેરણ લઈ જવાની**

**કિયા થા શામીઓંને સરનિગૂ રાયત પયગમ્બરકા,**
**ઉઠાતી હૈ અલમ યું ઉમ્મતે હઝરત મુહર્રમમેં.**

(કરબલામાં શામવાસીઓએ પયગમ્બર(સ.)ના જે અલમ(ધ્વજ)ને નીચો નમાવી દીધો હતો એ જ અલમને હઝરત(સ.)ની ઉમ્મત મોહર્રમ મહિનામાં ઉપાડે છે.)

અને તેને યાકૂબ(અ.)ના ચહેરા પર નાખી દેવાની સૂચના આપે છે જેથી **તેમની આંખોની દૃષ્ટિ પાછી આવે.** એવો કોઈ ડૉક્ટર કે હકીમ નથી કે જે યાકૂબ(અ.)ના અંધાપાનો ઈલાજ કરી શકે. એ તો માત્ર એક પહેરણ જ હતું કે જે **યૂસુફ (અ.)ની સાથે સંબંધિત હતું તેમાં અંધાપાને મટાડવાની શક્તિ સમાયેલી હતી.**

આ બાબતથી સ્પષ્ટ થાય છે કે મોહર્રમ દરમિયાન તાઝિયા આગળ આપણી મોટા ભાગની અભિલાષાઓ શા માટે પરિપૂર્ણ થાય છે. **તાઝિયા ઈમામ હુસૈન(અ.) સાથે સંબંધિત હોવાને કારણે તે મનોકામનાઓ પૂર્ણ કરવાની શક્તિ ધરાવે છે.**

યાકૂબ(અ.)ના ઉપરોક્ત ઉદાહરણ સિવાય કુરઆનમાં બીજું કોઈ ઉદાહરણ છે ખરું કે જે રૂદન અને વિલાપનો ઉલ્લેખ કરતું હોય? ચાલો આપણે સૂરએ દુખ્ખાનમાંથી નીચેની આયત જોઈએ.

- **'પછી <u>તેમના પર આકાશે રૂદન કર્યું ન પૃથ્વીએ</u> અને ન તેમને મોહલત આપવામાં આવી.'**

(સૂરએ દુખ્ખાન, આયત-૨૯)

ઉપરોક્ત આયત ફિરઔનના લશ્કરનો સંદર્ભ આપે છે કે જ્યારે તેમના ઉપર આફત તૂટી પડી અને તેમને નાઈલ નદીમાં ડૂબાડી દેવામાં આવ્યા. આયત જણાવે છે કે જો કે તેમનો વિનાશ થયો હતો તેમ છતાં તેમના ઉપર ન તો આકાશ રડ્યું કે ન પૃથ્વી રડી કારણ કે તેમની વર્તણૂક જ એવી હતી. આના ઉપરથી એવું અનુમાન થઈ શકે તેમ છે કે જ્યારે કુરઆન પોતે જ **આકાશ અને પૃથ્વીના રડવાની વાત** કરે છે ત્યારે **માનવજાતના ઈતિહાસમાં આવું જ કંઈક પહેલાં થયેલું હોવું જોઈએ અથવા તો પાછળથી થવાનું હશે.** તો ક્યારે આવું બન્યું હતું?

**સહીહ મુસ્લિમ**માં આ આયતની તફસીરમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે **જ્યારે હુસૈન(અ.)ને શહીદ કરવામાં આવ્યા તો તેમની શહાદતથી આસમાને આંસુ વહાવ્યાં હતાં અને રડ્યું હતું** અને **તેનું રૂદન હતું તેનું રક્ત રંગમાં બદલાઈ જવું.**

(સંદર્ભ : સહીહ મુસ્લિમ)

આવી જ એક રિવાયત **અલ્લામા ઈબ્ને હજરે સવાએકે મોહર્રકામાં** કરી છે કે કરબલાનો પ્રસંગ બન્યો તેના ઘણા સમય પહેલાં એક વાર ઈમામ અલી(અ.) કરબલામાં થઈને પસાર થઈ રહ્યા હતા. જ્યારે તેઓ ઈમામ હુસૈન(અ.)ની કબરની જગ્યા પાસે પહોંચ્યા તો તેમણે કહ્યું, 'આ એ જ જગ્યા છે કે જ્યાં આપણાં ઊંટોએ આરામ કરવાનો છે અને આપણે આપણો માલ સામાન અહીં મૂકી શકીશું. આ એ જ જગ્યા છે કે જ્યાં અમારું લોહી વહાવવામાં આવશે. **એહલેબયતે રસૂલ (સ.)માંથી કેટલાકને અહીં શહીદ કરવામાં આવશે અને તેમના ઉપર આસમાન આંસુ વહાવશે અને પૃથ્વી પર રડશે.**

(સંદર્ભ : સવાએકે મોહર્રકા, ઈબ્ને હજર)

ઈમામ અલી ઝયનુલ આબેદીન(અ.) ફરમાવે છે કે -

- 'દરેક મોમિન કે **જેની આંખો હુસૈન ઈબ્ને અલી(અ.) અને તેમના સાથીદારો ઉપર એવી રીતે આંસુ વહાવશે** કે તેનાં **આંસુ** ગાલ ઉપરથી સરકશે તો **અલ્લાહ તેમને જન્નતમાં ઉચ્ચ દરજ્જામાં રહેવાની વ્યવસ્થા કરી આપશે.'**

**મનાબિર પર શહીદે કરબલાકા ઝિક્ર હોતા હૈ,**
**દિખાતે હૈ અલમ ઈસ્લામકી રિફ્અત મુહર્રમમેં.**

(મિમ્બરો ઉપર શહીદે કરબલા ઈમામ હુસૈન(અ.)નો ઝિક્ર થાય છે. મોહર્રમ મહિનામાં ઈમામ હુસૈન(અ.)ના અલમ ઈસ્લામની બુલંદી દર્શાવે છે.)

(સંદર્ભ : યનાબેઉલ મોવદ્દત, પેજ-૪૧૯)

→ તેથી જ્યારે આકાશ અને ધરતી જો રડી શકતાં હોય તો આપણે કેમ નહીં રડીએ ? **આમ રૂદન કરવું એ તો ઈસ્લામ અને તેની તાલીમ માટેની આપણી નક્કરતા અને જવાબદારીના કર્તવ્યનું પ્રગટીકરણ છે** કેમકે આ તો ઈમામ હુસૈન(અ.)ની કુરબાની હતી કે જેણે ઈસ્લામને બચાવ્યો છે. હવે ચાલો આપણે આગળ વધીએ અને શોધી કાઢીએ કે મહાન કુરબાનીની બાબતમાં અને તેના મહત્વની બાબતમાં કુરઆનને શું કહેવું છે. સૂરએ સાફ્ફાતમાંની નીચેની આયતો જણાવે છે :

- **'બેશક આ (મહાન અને) ખુલ્લી કસોટી હતી અને અમોએ એક મહાન બલીદાન (તેના બદલામાં) નક્કી કરીને તે(ઈસ્માઈલ)ને મુક્તિ આપી અને તેની ભલી યાદ અમોએ પાછળ આવનારાઓમાં બાકી રાખી છે.**

(સૂરએ સાફ્ફાત, આયત-૧૦૬ થી ૧૦૮)

અલ્લાહ(સુ.વ.ત.)એ ઈબ્રાહીમ(અ.)ની તેના માર્ગમાં પોતાના પુત્ર ઈસ્માઈલ(અ.)ને કુરબાન કરવાની તત્પરતાની કસોટી કરી દીધી અને એક વાર જ્યારે તેને તેની ખાત્રી થઈ ગઈ તો તેણે તેને મુલત્વી રાખી અને પાછળ **આવનારી પેઢી માટે તેને એક વધારે મહાન કુરબાની (ઝિબ્હે અઝીમ) સાથે બદલી દીધી.**

ઉપરોક્ત આયતમાં જે મહાન કુરબાની (ઝિબ્હે અઝીમ)નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને જેને પાછળ આવનારી પેઢીઓ માટે મુલત્વી રાખી છે તે કરબલાના મેદાનમાં **ઈમામ હુસૈન(અ.) અને તેમના ઘરાનાએ આપેલી કુરબાની** છે.

(સંદર્ભ : મેઅરાજુન્નબુવત, પેજ-૩૫)

જો ઈમામ હુસૈન(અ.)એ અલ્લાહ ખાતર આવી મહાન કુરબાની આપી હોય કે જેને કુરઆને પણ ચકાસી લીધી હોય તો પછી **બન્ને જગતના ઉપરી** એવા અલ્લાહ(સુ.વ.ત.)એ ઈમામ હુસૈન(અ.)ને કઈ બાબતનું વચન આપ્યું છે ?

સૂરએ ફત્હની નીચેની આયતમાં અલ્લાહ (સુ.વ.ત.) વચન આપે છે :

- **'અને જે અલ્લાહની સાથે કરેલા વચનને પૂર્ણ કરશે તો નજીકમાં જ તે તેમને મહાન બદલો આપશે.'** (સૂરએ ફત્હ, આયત-૧૦)

**યઝીદની બયઅતનો અસ્વીકાર કરીને** અને તેના ઘટનાક્રમમાં **પોતાની તેમજ પોતાના સમગ્ર પરિવારની કુરબાની આપી દઈને** ઈમામ હુસૈન(અ.)એ શક્ય હોય તેવી સારામાં સારી રીતથી **અલ્લાહ(સુ.વ.ત.)ને આપેલા વચનનું પાલન કર્યું** અને તેથી જ તો અલ્લાહે તેમનાં કાર્યો માટે તેમના ઉપર તથા **તેમના ઘરાના ઉપર મહાન બદલાની નવાજીશ કરી.** હવે જ્યારે **આપણે ઈમામ હુસૈન(અ.)ને ચાહીએ છીએ તો આપણે એવા લોકોમાં છીએ** કે જેઓ **અલ્લાહ(સુ.વ.ત.)ને આપેલાં વચનોને પરિપૂર્ણ કરે છે** કેમકે તેમની સાથે પ્રેમ કરીને **આપણે યઝીદ અને તેની વિચારધારાનો બહિષ્કાર કર્યો છે** અને તેથી જ તો અલ્લાહ આપણને પણ **મહાન બદલો આપીને નવાજે છે.**

આજની આધુનિક દુનિયામાં પણ લોકો આ મહાન કુરબાનીને યાદ કરે જ છે. કુરઆનમાં આનો કોઈ સંકેત છે ખરો ? ચાલો આપણે શોધી કાઢીએ.

**મકાતિલ દેખ જિસકે લિખનેવાલે એહલે સુન્નત હૈ,**
**કે એહલેબયતકે કિસ તર્હ કી રિક્કત મુહર્રમમેં.**

(મકતલની કિતાબોને જોઈ લો કે જેના લખનારા એહલે સુન્નતના માણસો છે. મોહર્રમમાં એહલેબયતે રસૂલે કેવું રૂદન કર્યું તેનું વર્ણન પણ તેમણે લખ્યું છે.)

● **<u>'અને તેની ભલી યાદને આવનારાઓમાં બાકી રાખી</u> : કે દરેક તરફથી આલે યાસીન પર સલામ હોજો.'**

(સૂરએ સાફફાત, આયત-૧૨૯,૧૩૦)

અલ્લાહ(સુ.વ.ત.) **'આલે યાસીન'** ઉપર **પોતાના સલાતો સલામ** મોકલે છે અને એવું **વચન આપે છે કે પાછળ આવનારી પેઢીઓ તેમનાં કાર્યોને યાદ કરશે.** એનો અર્થ એવો થયો કે દુનિયાના અંત સુધી **'આલે યાસીને'** જે કંઈ કર્યું છે તેની પ્રશંસા અને યાદ મનાવવામાં આવશે.

ઈબ્ને અબી હાતિમ અને ઈબ્ને મરુદીયાએ ઈબ્ને અબ્બાસનું અવતરણ ટાંક્યું છે કે ઉપરોક્ત આયતમાં આવેલ **'આલે યાસીન'થી મુરાદ આલે મોહંમદ(સ.)** છે એટલે કે **મૌલા અલી(અ.)નો** પરિવાર **અને ઈમામ હુસૈન(અ.).**

(સંદર્ભ : દુર્રે મન્સૂર, ભાગ-૫, પેજ-૨૮૬)

તેથી જ તો આજની આધુનિક દુનિયામાં જુદા જુદા ધર્મના અને જુદી જુદી ધાર્મિક માન્યતા ધરાવતા ઘણા લોકો હજુ પણ ઈમામ હુસૈન(અ.)ને યાદ કરે છે અને તેમની મહાન કુરબાનીમાંથી પ્રેરણા પ્રાપ્ત કરે છે. આ તો અલ્લાહે આપેલું વચન છે અને તે દુનિયાના પ્રલય સુધી બાકી જ રહેનાર છે.

જીવનના જુદા જુદા ક્ષેત્રોના અને દુનિયાના વિવિધ પ્રદેશોના પ્રખ્યાત લોકોએ ઈમામ હુસૈન(અ.)ને નીચેના શબ્દોમાં અંજલી આપી છે:

● 'ઈમામ હુસૈન(અ.)એ કયામતના દિવસ સુધી જુલ્મી શાસનનાં મૂળિયાને ઉખેડી નાખ્યાં છે. **તેમણે પોતાના લોહીના પ્રચંડ મોજાથી આઝાદીના સૂકા ભઠ્ઠ બગીચાનું સિંચન કર્યું છે,** અને ખરેખર તેમણે **નિદ્રામાં પોઢેલા મુસ્લિમ રાષ્ટ્રને જાગૃત કર્યું છે. સત્યને ખાતર હુસૈન લોહી અને ધૂળમાં આળોટ્યા છે.** નિઃશંકપણે તેથી જ તો તેઓ **મુસલમાનોની ધાર્મિક માન્યતા (મુસલમાનોના ઈમાન) <u>લાઈલાહા ઈલ્લલ્લાહ</u>ની બુનિયાદ બની ગયા છે.** **-સર મોહંમદ ઈકબાલ**

● 'દૂર સુદૂરના યુગો અને પર્યાવરણમાં હુસૈન(અ.)ના કરૂણાજનક મૃત્યુનો ચિતાર કઠોર હૃદયના વાચકની હમદર્દીને પણ જાગૃત કરશે.'

**-એડવર્ડ ગિબન**

● 'હું હુસૈન પાસેથી **અન્યાયનો ભોગ બનવું અને પછી કેવી રીતે વિજેતા બનવું** તે બાબત શીખ્યો છું.' **-મહાત્મા ગાંધી**

હું મારો લેખ પૂર્ણ કરું તે પહેલાં આશુરાના દિવસનો, ૧૦મી મોહર્રમ કે જે દિવસે ઈમામ હુસૈન(અ.) શહીદ થયા હતા તે દિવસનો, રસપ્રદ ઈતિહાસ જણાવવાનું ઉચિત સમજું છું.

● **સહીહે મુસ્લિમ**માં લખવામાં આવ્યું છે કે આશુરા એક મહાન ઐતિહાસિક મહત્વ ધરાવતો દિવસ છે કેમકે તે દિવસે અલ્લાહ(સુ.વ.ત.)એ હઝરત આદમ(અ.)ની તૌબા કબૂલ કરી હતી, નૂહ(અ.) અને તેમના સાથીદારોને કશ્તીમાં બચાવી લેવામાં આવ્યા હતા; અલ્લાહે એ આગને હોલવી નાખી હતી કે જેમાં ઈબ્રાહીમ(અ.)ને નમરૂદ દ્વારા ફેંકવામાં આવ્યા હતા. દસમી મોહર્રમે ઐયુબ(અ.)ને બીમારીમાંથી રાહત મળી હતી, મૂસા(અ.)ને તૌરેત કિતાબ મળી હતી. યૂસુફ(અ.)નું તેમના પિતા યાકૂબ(અ.) સાથે પુનર્મિલન થયું હતું, યૂનુસ(અ.)ને માછલીના

**મોહદ્દિસે દહેલ્વીકા દેખ ફતવા ખોલકે આંખેં,**
**સમઝકે ઉસકો ફિર ઈઝ્હાર કર ઉલ્ફત મુહર્રમમેં.**

(તું તારી આંખો ખોલીને મોહદ્દિસે દહેલ્વીનો ફતવો શું છે તે જરા જોઈ લે. તેને સમજીને ચિંતન-મનન કરીને પછી મોહર્રમમાં એહલેબયત પ્રત્યેની મોહબ્બત પ્રગટ કર.)

પેટમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. એ દિવસે નાઈલ નદી બે ભાગમાં વહેંચાઈ ગઈ હતી અને ફિરઔન પોતાના લશ્કર સહિત તેમાં ગરક થયો હતો. ઈસા(અ.)ને આસમાન પર ઉઠાવી લેવામાં આવ્યા હતા અને સુલયમાન(અ.)ની બાદશાહી પરત મળી હતી. (સંદર્ભ : સહીહે મુસ્લિમ)

ઉપરોક્ત બાબત ઉપરથી આપણે **આ દિવસનું મહત્વ** સમજી શકીએ છીએ કેમકે અલ્લાહ (સુ.વ.ત.)એ આ દિવસને પોતાના પસંદ કરેલા પયગમ્બરોને તેમની વ્યક્તિગત મુસીબતોમાં રાહત આપવા માટે પસંદ કર્યો છે.

તેથી જ્યારે **અલ્લાહ(સુ.વ.ત)એ** જ આ દિવસે તેના **પયગમ્બરોને મદદ કરી છે.** તો **ઈમામ હુસૈન(અ.)** એ હતા કે **જેઓ ઈસ્લામની સહાયતા કરવા માટે, અલ્લાહના દીનને યઝીદના પંજામાંથી છોડાવવા માટે આગળ આવ્યા અને આ રીતે દીનને પુનર્જીવન આપ્યું અને તેને નવી જિંદગી બક્ષી.**

પ્રખ્યાત ઉર્દૂ કવિ અલ્લામા ઈકબાલ કે જે **'શાયરે મશરિક'**(પૂર્વના કવિ) તરીકે જાણીતા છે, મૌલા **અલી(અ.)ની તલવારે(ઝુલ્ફિકારે)** અને ઈસ્લામને સજીવન કરવામાં **ઈમામ હુસૈન(અ.)એ કરેલ સિજદાએ શું ફાળો આપ્યો તેની તેઓ** નીચેના શબ્દોમાં પ્રશંસા કરે છે :


**ઈસ્લામકે દામનમેં બસ ઈસકે સિવા ક્યા હૈ,**
**ઈક સજદએ શબ્બીરી, ઈક ઝર્બે યદુલ્લાહી.**

→ (યા અલ્લાહ !) અમે બધા એ ઈમામ હુસૈન(અ.)ના ચાહકો છીએ કે જેમણે તારા દીનની મદદ કરી છે માટે અય અમારા માલિક ! અમારા બધા ય ઉપર તારી અસીમ કૃપાઓની વર્ષા કરજે અને અમને ઈમામ હુસૈન(અ.) અને તેમની એહલેહરમના ગમ સિવાયના બીજા દરેક પ્રકારના ગમ અને દર્દથી વંચિત રાખજે, આમીન. *



**નવાને આવકારો જુનાથી મેળવો છુટકારો**

**અત્યંત લાભદાયી એક્ષચેન્જ ઓફર ખાસ હોટલ ઈન્ડસ્ટ્રીઝ માટે**

METRO® છેલ્લાં ૩૦ વર્ષથી હોટલ ઈન્ડસ્ટ્રીઝમાં જોડાયેલા



▶ વોટર કુલરની રેન્જ - ૧૦ થી ૫૦૦ લીટર સુધી
▶ ઓઝોન ફ્રેન્ડલી ▶ વીજળીનો ઓછો વપરાશ
▶ સ્ટેનલેસ સ્ટીલનો એંગલ સ્ટ્રક્ચર અને બોડી



**OUR OTHER PRODUCTS**
Window Air Conditioner • Split Air Conditioner
Water Cooler • Vertical Freezers • Deep Freezers

**MKTD. BY : METRO ENGINEERING CO. (Rahimbhai)**
૮, હાઈટેક કોમ્પલેક્ષ, મ્યુઝીયમ સામે, પાલડી, અમદાવાદ-૭. ફોન : ૨૬૫૮૯૬૯૮ ફેકસ : ૦૭૯-૨૬૫૮૯૨૪૦ મો. : ૯૮૨૫૦ ૩૫૩૮૨

**Mfg. By : PERFECT ENGINEERS**
૮/બી, હાઈવે કોમર્શીયલ સેન્ટર, દાણીલીમડા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨. ફોન : ૨૫૩૨૬૯૧૪, ૨૫૩૨૯૨૫૬,
મો.૯૭૨૫૦૧૧૧૨૧ Email : perfectengg_1986@yahoo.co.in

# Zibh-e-Azeem

-------------------------------------------------------------------------------------------------------------------------------

**Written by : Janab Nadeemahmad D. Jafri (Ahmedabad)**

-------------------------------------------------------------------------------------------------------------------------------

*When we look around and contemplate on various incidences that occur in our daily life we can understand the philosophy of Islam in a much better way. That is why perhaps Islam is also known as '**Deen-e-Fitrat'**. Even Allah (SWT) has instructed us in Quran itself to ponder upon and contemplate on various ayahs so that we might get a better understanding of the purpose of life; mere recitation of Quran may not be so beneficial in that sense.*

*A few days back, on one of the online news portals, I came across the news regarding the ceremony which Mr. Ratan Tata, the TATA Group Chairman organized in memory of the employees who died fighting the terrorists on the dreaded 26/11 attack on Taj hotel, which is owned by the Group.*

*The ceremony was organized on the first anniversary of the attack and there were more than 1000 guests who had assembled for a multi-faith prayer meeting in the hotel. They were witness to an **emotionally choked Tata** talk about the attack. The Chairman of Tata group also unveiled a **12-foot high memorial,** engraved with **names of employees** and **guests** killed by terrorists in the three-day long siege on the iconic hotel.*

*When the Taj was attacked it was the brave employees of the hotel, who under the leadership of Mr. Karambir Kang – the general manager, took up the mission of rescuing the guests. Mr. Kang was busy saving guests on the ground floor, even as his own wife and two children were **trapped in fire—and later found dead—**in their top-floor room.*

*Needless to say that his dedication and commitment for his duty won him several awards like **Forbes: Person of the year 2009** and **Corporate Citizen of the year award.** And above all he won over many hearts.*

➔ *If we discuss the gesture of Mr. Tata with people irrespective of their religion or social status we might get a feedback that whatever Mr. Tata did was an **acknowledgement by the Head of the organization to his dedicated employees for sacrificing themselves in saving the hotel.** And the memorial is **the remembrance for their selfless sacrifice.***

The biggest terrorist attack which Islam faced was during the reign of Bani Umayyad when Yazid was the ruler. It was great sacrifice of Imam Husain (A.S) who saved Islam. As a **memorial to this great sacrifice a procession of Tazia** is carried out across the World and **people mourn and cry and show their love for the great sacrifice of household of the great Imam** on the day of Ashura the 10th Moharram.

In this article in the light of various ayahs we would try to understand the Jihad-e-Karbala. Quran is a complete book and I am sure it would guide us through and help us in understanding the great sacrifice.

When Yazid came to power he started demanding the oath of allegiance (bay'ah) from everyone using unfair means. During those days it was a well-known practice in the Arab world to pay allegiance in important matters like rulership and authority.

Yazid was fully aware of the stature and place of Imam Husain (A.S) in Khilafat and in order to give credibility to his ideology he desperately wanted allegiance of Imam Husain (A.S) and has sent him the messages in this connection. Acknowledging Yazid's authority by the Prophet's [PBUH] grandson at this point would have meant confirmation of his evil deeds and Khilafat. For Yazid, **Imam Husain's (A.S) seal of approval was thus the one most needed.**

At this point let us see the following ayah from Surah-e-Mohammed and contemplate on that:

- *"Ae Imandaro agar tum **Khuda ke deen ki madad karoge** to Woh bhi **tumhari madad karega aur tumhain***

*saabit qadam rakhega.*" - *(Surah-e-Mohammed, ayah 7)*

*"(O you who believe!* ***if you help (the cause of) Allah****, He will help you and* ***make firm your feet.)"***

The ayah says that whoever would help the cause of Allah, he would be helped by Allah (SWT) in return and He would make firm his feet. Now let us relate this with Karbala and see it in this perspective.

Imam Husain (A.S) in Karbala remained firm on his feet and did not pay allegiance to Yazid. It was a battle of truth against falsehood, righteousness against evil and justice against corruption. He stood in scorching heat of Karbala along with his companions. He was **devoid of water and food but determined.** His loved ones, including his six month old son Ali Asghar, were martyred but **it did not deter him and he remained steadfast**. His love for the **religion and Allah (SWT) gave him the strength to bear the atrocities.**

The importance of this Jihad-e-Karbala has been mentioned in various books by prominent compilers. Abul Hasan Ali bin Husain Mas'oodi in his Muroojuz Zahab wa ma'adinul Jawahir reported,

- "Whoever accepted the slavery of Yazid by swearing fealty at his hands was spared, otherwise he was subjugated. Thus the meaning of **allegiance to Yazid** was not merely the acceptance of a new caliph, but it **meant to sell one's Religion and faith in slavery to a tyrant."**

Imam Husain (A.S) was the custodian of Allah's religion and how could he allow this to happen? One of those who fought the battle of Karbala against him says:

- "I have never seen a person bereaved of his sons, menfolk and his companions **more Lion-hearted than him**." (Ref: Ibne Aseer, Tareekh Kamil)

This speaks a lot about his **firmness and steadfastness** during the battle of Karbala and thus his willingness to help and serve Islam and Allah's cause.

Let us again refer Quran and try to find-out few more ayah in this connection:

- *"Jin logon ne* ***Khuda ki raah main apne des chhode*** *phir* ***shaheed kiye gaye*** *ya mar gaye Khuda unhain zaroor* ***umda rozi (aakherat main) ataa farmaega.****" – (Surah-e-Al Hajj, ayah 58)*

*"(Those* ***who leave their homes in the cause of Allah****, and are* ***then slain or die****,- On them will* ***Allah bestow verily a goodly Provision****: Truly Allah is He Who bestows the best provision.)"*

Imam Husain (A.S) **had left Medina, his home, for the cause of Allah** and had come to Karbala. He had 72 companions for this noble cause along with him including children and women of his household. On the fateful Friday, the $10^{th}$ of Moharram 61H, **he was brutally martyred alongwith his companions**. The women and children were made captives.

➔When we contemplate on the above ayah, it seems that it is indicating the battle of Karbala and the sacrifice of Imam Husain (A.S). Here, Allah (SWT) has promised that He would bestow His limitless grace and provisions on all of them who were martyred in Karbala along with Imam Husain (A.s). **So when Allah (SWT) Himself remembers and acknowledges the great sacrifice, I am sure He would expect the same from us. Why would not we remember the great sacrifice every year then?**

Whenever there are atrocities afflicted upon people we love we tend to cry that is **a psychological process**, **a natural instinct**. And Islam is also known **as 'Deen-e-Fitrat'**, so crying on Imam Husain (A.S) is natural and very much as per the tenet of Islam. But still let us try to find out whether there is any mention of mourning and crying in Quran?

Let us see the following ayah from Surah-e-Yusuf:

- *"Aur Yaqub (A.S) ne un logon ki taraf se mooh pher liya aur* ***rokar kehne lage haai afsos Yusuf (A.S) per aur isqadr roye ke aankhein un ki sadme se safed ho gayee*** *wo to bade ranj ke zaabit the." – (Surah-e-Yusuf, ayah*

*84)*

*"(He turned away from **them and cried: "Alas for Yusuf!" And his eyes turned white** with grief which he bore in silence.)"*

Here, in the above ayah Quran says that Yaqub (A.S) cried a lot as he was **missing his son** Yusuf (A.S), and he cried to such an extent that his eyes turned white and he lost his eyesight.

It is thus allowed in Quran **to cry for someone you love and remember**. **All the Saiyeds** are descendants of Imam Husain (A.S), it was their household which was attacked in Karbala, so **when they cry** they remember **the grief and sorrow of their forefather Imam Husain (A.S**) and pay tribute to him. Rest of the Muslim world shows its gratitude to the household of Imam Husain (A.S) for their great sacrifice in saving Islam by crying and mourning during the month of Moharram.

Now again going back to the above ayah let us see how did Yaqub (A.S) get back his eyesight? For this I would like to quote the following ayah again from Surah-e-Yusuf:

- *"Yeh mera **kurta le jaao** aur usko **abbajaan ke chehre per daal dena ke woh phir beena ho jaaenge (dekhne lagenge)** aur tum apne sab ladke baalon ko lekar mere paas chale aao." – (Surah-e-Yusuf, ayah 93)*

*"(**Take this my shirt** and **cast it on my father's face, he will (again) be able to see**, and come to me with all your families.)"*

In the above ayah Yusuf (A.S) instructs his brothers to **take his shirt** with them and to cast it on Yaqub (A.S)'s face so that **he would get back his eyesight**. There is no doctor or a hakim to cure Yaqub (A.S)'s blindness, it was just a shirt, which **<u>because of its association with Yusuf (A.S) got the power to heal the blindness.</u>**

This clarifies why most of our desires are fulfilled on Tazias during Moharram. **<u>It gets the power of desire fulfillment because of its association with Imam Husain (A.S).</u>**

Apart from the above example of Yaqub (A.S), is there any other example in Quran which mentions crying and mourning? Let us see the following ayah from Surah-e-Dukhaan:

- *"To **unlogon per aasmaan wa zameen ko bhi rona na aayaa** aur na unhain mohlat hi di gayee." – (Surah-e-Dukhaan, ayah 29)*

*"(The **sky nor the earth cried for them**, nor were they given respite.)"*

The above ayah refers to the army of Pharaoh when it was doomed and got drowned in Nile river. The ayah explains that though they were destroyed neither sky nor the earth cried for them as such was their conduct. It can be inferred from this that since Quran is mentioning about **sky and earth's crying, sometime in the history of mankind it must have happened or it might happen later on.** So when did this happen?

It is mentioned in the tafseer of this ayah in **Sahih-e-Muslim** that **when Hussain (A.S) was martyred on his martyrdom even sky shed tears and cried** and **<u>its crying was to turn red in colour.</u>** (Ref: Sahih-e-Muslim)

A similar tradition has been mentioned by **Allama Ibn-e-Hajar** in **Sawaiqe Mohraika** that much before the incident of Karbala took place, once Imam Ali (A.S) was passing by Karbala when he reached near the place of grave of Imam Husain (A.S), he said "This is the same place where our camels must rest and we can keep our belongings here. This is the place where our blood would be shed. **Few people from the Ahl-ul-bait of Rasool (SAW) would be martyred here and on them <u>sky would shed tears and even the earth would cry</u>**." (Ref: Sawaiq-e-Mohraika, Ibn-e-Hajar)

Imam Ali Zain-ul-Abedin (A.S) says that:

- Every Momin, **whose eyes shed tears upon the killing of Husain ibn' Ali (A.S) and his companions**, such that the tears roll down his cheeks**, God shall accommodate him in the elevated rooms of paradise**. (Ref: Yanaabe'al Mawaddah, p. 419)

➔ So when sky and earth can cry why can't we? Thus **crying is to showcase our solidarity and commitment for Islam and its preachings**, as it was Imam Husain (A.S)'s sacrifice that saved it.

Now let us move further and find out what Quran has to say about this great sacrifice and its importance? The following ayah from Surah-e-Sa'afat says:

- ***"****Us main shak nahin ke ye yaqeeni bada sakht aur sarihi imtihaan tha aur Hum ne* ***Ismaeel ka fidya ek zibhe azeem (badi qurbani) qaraar diya****. Aur Hum ne* ***unka achha churcha baad ke aanewalon main baaki rakkha hai "*** *– (Surah-e-Sa'afat, ayah 106-107-108)*

*"(Most surely this is a manifest trial.* ***And We ransomed him with a Feat sacrifice****. And* ***We perpetuated (praise) to him among the later generations)"***

Allah (SWT) tried the willingness of Ibrahim (A.S) for sacrificing his son Ismail (A.S) in His path and once He was convinced He postponed it and **exchanged it with a much greater sacrifice (Zibhe Azeem) for a later generation.**

This great sacrifice which is mentioned in the above ayah and which was postponed for later generation is the **sacrifice of Imam Husain (A.S) and his household** at the battlefield of Karbala. (Ref: Merajjunnabuwat, P 35)

If Imam Husain (A.S) has given such a great sacrifice for the cause of Allah that even Quran testifies, then as a **Head of both the worlds**, what has Allah (SWT) promised to Imam Husain (A.S).

In the following ayah from Surah-e-Fateh, Allah (SWT) promises:

- *"Aur jisne us baat ko* ***jis ka us ne Khuda se ahad kiya hai pura kiya*** *to us ko* ***anqareeb hi ajr-e-azeem ataa farmaeg****a." – (Surah-e-Fateh, ayah 10)*

*("Those* ***who fulfill their promise to God*** *will receive* ***a great reward****.)"*

**By not accepting allegiance to Yazid** and in the process **sacrificing himself and his entire household**, Imam Husain (A.S) **kept his promise to Allah (SWT)** in the best possible manner. And Allah (SWT) has hence **blessed him and his household with the great reward** for their deeds. Now **when we love Imam Husain (A.S) we are amongst the people** who **fulfill their promises to Allah (SWT)**, as by loving him **we have rejected Yazid and his ideology,** and hence Allah **blesses us with a great reward**.

Even in today's modern world people do remember this great sacrifice. Is there any indication of this in Quran? Let us find out:

- *"****Aur Hum ne un ka zikr khair baad ke aane walon main baaqi rakkha*** *ke har taraf se Aal-e-Yaseen per salaam hi salaam hai" – (Surah-e-Sa'afat, ayah 129-130)*

*"(**And We perpetuated to him (praise) among the later generations**. Peace be unto the Aal-e-Yaseen.)"*

Allah (SWT) sends **His salams and salutations to "Aal-e-Yaseen**" and **promises that their deeds would be remembered by the later generations**; it means that till the time the world lasts whatever 'Aal-e-Yaseen' has done would be praised and remembered.

Ibn-e-Abi Haatim and Ibn-e-Marduiya have quoted Ibn-e-Abbas that Aal-e-Yaasin in the above ayah **refers to Aal-e-Mohammed (SAW**) i.e. household of **Mawla Ali (A.S) and Imam Husain (A.S)** (Ref: Durr-e-Mansoor, vol 5, P 286)

Thus we find many people of this modern world from different faith and religion still remembering Imam Husain (A.S) and take inspiration from his great sacrifice. It is Allah's promise and it is bound to remain so till this world lasts.

Prominent people from various walks of life and different parts of the World have paid their tribute to Imam Husain in the following words:

- "Imam Husayn uprooted despotism forever till the Day of Resurrection. **He watered the dry garden of freedom** with the **surging wave of his blood**, and indeed **he awakened the sleeping Muslim nation**. Husayn **weltered in blood and dust** for the **sake of truth**. Verily he, therefore, became **the bed-rock (foundation) of the Muslim creed; la ilaha illa Allah (There is no god but Allah)."—Sir Muhammad Iqbal**
- "In a distant age and climate, the tragic scene of the death of Husain will awaken the sympathy of the coldest reader."—**Edward Gibbon**
- "I learned from Hussain **how to be wronged and be a winner**." —**Mahatma Gandhi**

Before I end my article, it is worth mentioning here an interesting history of the day of Ashura the 10th Moharram, the day Imam Husain (A.S) was martyred:

- It is mentioned in **Sahih-e-Muslim** that Ashura is a day of great historical significance as on this day Adam (A.S) 's repentance was accepted by Allah (SWT); Nuh (A.S) and his companions were saved in the ark; Allah extinguished the fire in which Ibrahim (A.S) was thrown by Nimrod. On 10th of Moharram Ayub (A.S) got relief from his illness; Musa (A.S) got the Commandments. Yusuf (A.S) got re-united with his father Yaqub (A.S). Yunus (A.S) was taken out from the belly of the fish. On this day Nile river was divided and Pharaoh along with his army drowned. Isa (A.S) was raised to the sky and Sulaiman (A.S)'s kingdom was restored. (Ref: Sahih-e-Muslim)

From above we can understand **the importance of this day** as Allah (SWT) chose this day to grant relief to his chosen prophets from their individual atrocities.

So while **Allah (SWT) helped His prophets on this day,** it was **Imam Husain (A.S) who came forward to help Islam; Allah (SWT)'s religion to relieve it from the clutches of Yazid** and **thus resurrected the religion and gave it a new life**.

Allama Iqbal, a prominent urdu poet who is also known as '*Shayar-e-MashriK*' praises the contribution of the **sword of Mawla Ali (A.S)** and the ***sajda*** **of Imam Husain (A.S**) in restoring Islam in following words:

- *"Islam ke daaman main bas iss ke siwa kya hai,* ***Ek Sajda-e-Shabbiri Ek Zarb-e-Yadullahi****."*

➔"We are lovers of Imam Husain (A.S) who helped Your religion, so O our Lord! Bestow Your limitless grace on all of us and spare us from every grief or sorrow other than the sorrow of Imam Husain (A.s) and his household. Aamin"

ફુરઆને મજીદના

# સૂરાઓનો પરિચય

સૂરા નં.૬૫ સૂરએ તલાક

કુલ ૧૨ આયતો ધરાવતો આ સૂરો મદીનામાં નાઝિલ થયેલ હોવાથી મદની સૂરો છે.

**અય નબી ! અલ્લાહે તારા માટે જે કાંઈ હલાલ ઠરાવ્યું છે તેને તું હરામ કેમ કરે છે ? તું તારી પત્નીઓની ખુશી પ્રાપ્ત કરવા ચાહે છે; અને અલ્લાહ મોટો ક્ષમાવાન (અને) દયા કરનારો છે.(૧)**

અય નબી(સ.) ! અલ્લાહે તારા માટે જે કંઈ હલાલ ઠેરવ્યું છે તેને તું હરામ કેમ ઠેરવે છે ? શું તારી પત્નીઓની ખુશી પ્રાપ્ત કરવા ચાહે છે ? અલ્લાહ મોટો ક્ષમાવાન અને દયા કરનારો છે. હઝરત રસૂલે ખુદા(સ.)એ પોતાના ઉપર તે સ્ત્રીને હરામ કરી લીધી અથવા મધ હરામ કરી લીધું તેમાં કોઈ પણ પ્રકારનો ગુનો ન હતો. નફસને કાબૂમાં રાખવો અને લઝઝતવાળી ચીજોને છોડી દેવી એ ગુનાહ નથી પણ પરહેઝગારનું કામ છે તેમજ એ સ્ત્રીના માટે બીજી સ્ત્રીને તલાક આપવી હરામ નથી. ખુદા પાતે જ ફરમાવે છે કે અલ્લાહ ક્ષમાવાન અને મોટો દયા કરનારો છે.

આ રિવાયત ઉપરથી એ વાત સાફ જણાઈ આવે છે કે જે સ્ત્રીનો વારો હતો અને બીજી સ્ત્રીની સોહબત કરે તો શું પહેલીને ખબર ન હોય ? આ બધી અક્કલ વિરૂધ્ધની વાતો લાગે છે આ બધી વસ્તુ કોઈ ખાસ વાતને સીધી કરવા માટે રજૂ કરાઈ છે કે જેના ઉપર સામાન્ય બુધ્ધિ ધરાવનારો પણ વિચાર કરી શકે છે.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **અલ્લાહે તમારા માટે પ્રતિજ્ઞાઓને તોડવાના પણ નિયમો નક્કી કરી દીધા છે અને અલ્લાહ તમારો રક્ષક છે અને તે સર્વજ્ઞ હિકમતવાળો છે. (૨)**

**અને જે વેળા નબીએ પોતાની પત્નીઓમાંથી એક પત્નીને એક વાત ખાનગી રીતે કરી અને પછી જ્યારે તેણીએ તે ભેદથી (કોઈ બીજીને) વાકેફ કરી દીધી અને અલ્લાહે તે(નબી)ને એ બનાવની જાણ કરી દીધી ત્યારે નબીએ (એ બીજીને) તેનો કેટલોક ભાગ જણાવ્યો અને કેટલાક ભાગથી અખાડા કર્યા; પછી જ્યારે નબીએ તે(પહેલી)ને તેનાથી વાકેફ કરી ત્યારે તે (આશ્ચર્યથી) કહેવા લાગી કે આપને તે(વિષે)ની ખબર કોણે આપી ? ફરમાવ્યું, મને મોટો જાણનાર (અને) મોટા ખબર રાખનારે ખબર આપી. (૩)**

**(અય બન્ને સ્ત્રીઓ !) તમે બન્ને ખુદાની હુઝૂરમાં તૌબા કરો (તો ઠીક છે) કારણ કે તમો બન્નેનાં મન (સત્ય તરફથી) ખરે જ ફરી ગયાં છે અને જો તમે બન્ને અમારા રસૂલની વિરૂધ્ધ એક બીજાની સહાયક બનશો તો (કંઈ પરવા નથી કેમકે) બેશક અલ્લાહ તેનો હિમાયતી છે તથા જિબ્રઈલ તથા મોમિનોમાંથી સૌથી સારો (મોમિન) પણ; અને તે બાદ તમામ ફરિશ્તાઓ પણ તેના મદદગાર છે. (૪)**

**જો તે (રસૂલ) તમને તલાક આપી દે તો પાસે છે કે તેનો પરવરદિગાર બદલામાં તેને એવી પત્નીઓ આપી દે કે જે તમારા કરતાં બહેતર હોય**

**યકીનન નાસબીએ ખારજી હો જાએગા ઝાલિમ !**
**ન કી તૂને અગર તૌબા, ન કી રિક્કત મુહર્રમમેં.**

(અય જાલિમ ! જો તેં મોહર્રમ મહિનામાં તૌબા ન કરી અને ઈમામ હુસૈન(અ.)ના ગમમાં રૂદન ન કર્યું તો તું નાસબીમાંથી ખારજી થઈ જઈશ.)

**(યાને) આજ્ઞાપાલક, ઈમાનદાર, તાબેદારી કરનાર, પશ્ચાતાપ કરનાર, ઈબાદત કરનાર, રોઝા રાખનાર, વિધવાઓ અને કુમારીઓ (પણ હોય.)(૫)**

ખુદા ફરમાવે છે કે અય બંદાઓ ! ખુદાએ તમારા માટે પ્રતિજ્ઞાને તોડવાના પણ નિયમો નક્કી કરી દીધા છે. એટલે જે કામ ન કરવાના કસમ ખાધા હોય તે કસમ તોડવા માટે તેની રીતો પણ બતાવી છે. એક રીત તો એ છે કે કસમ ખાતી વખતે ઈન્શાઅલ્લાહ કહે અને ઈન્શાઅલ્લાહ કહ્યું ન હોય તો કસમથી વિરૂધ્ધ વર્ત્યા તેનો કફ્ફારો આપી દે અને જો કે બહેતર કામ છોડવાની કસમ ખાધી હતી તો તેના માટે કફ્ફારો વાજિબ નથી પણ મુસ્તહબ છે અને કુદરત પોતે કહે છે કે હલાલ ચીજને હરામ શા માટે કરી દીધી ? કસમ ખાવા વિષેના વધુ મસાએલ ફિકાહની કિતાબોમાં છે. બીજું હુઝૂરે પોતાની સ્ત્રીને આ વાત બીજાને ન કહેવાની શરત રાખી હતી પણ તેણીએ તે શરતનું પાલન ન કર્યું તેથી તે હરામ થઈ શકતી નથી. આ આયતો મોમિનોને શિક્ષણ આપવા માટે નાઝિલ કરવામાં આવી છે. બાકી ખુદા રસૂલનું કોઈ પણ કામ હિકમત અને મસ્લેહતથી ખાલી હોતું નથી, પણ દરેકને તેના અસલી રૂપમાં જાહેર કરવાનો હેતુ પણ હોય છે.

હઝરત રસૂલે ખુદા(સ.)એ પોતાની સ્ત્રી હરામ કરી લેવાની વાત બીજી એક સ્ત્રીને કરીને તેને એ વાત છૂપી રાખવાની ઘણી તાકીદ કરી. પછી ફરમાવ્યું કે આ સિવાય બીજી વાત પણ છૂપી રાખજે કોઈને કહીશ નહીં કે મારી પછી શું શું થશે. ખુદાએ તઆલાએ જિબ્રઈલ મારફત કહી આપ્યું કે તારી વાતોને લોકો સમક્ષ જાહેર કરી દે છે. જ્યારે આપને પૂછવામાં આવ્યું કે તમને કોણે આ વાત કહી ? તો આપે ફરમાવ્યું કે છૂપી બાબતોના જાણનારે મને ખબર આપી છે.

ખુદા ફરમાવે છે કે તમે બન્ને અલ્લાહની હુઝૂરમાં તોબા કરો તો ઠીક છે, તમારા બન્નેનાં મન ફરી ગયાં છે. જો તમે બન્ને અમારા રસૂલની વિરૂધ્ધ એક-બીજાની સહાયક બનશો તો અલ્લાહ તેનો હિમાયતી છે. અગર અલ્લાહની તરફ તમે બન્ને તોબા કરી લો તો ઠીક છે કેમકે તમારાં દિલ સખત થઈ ગયાં છે અને જો તેમની વિરૂધ્ધ એકબીજાની મદદ કરશો તો બેશક અલ્લાહ તેનો મૌલા છે તથા જિબ્રઈલ અને મોમિનોમાંથી સાલેહ અને ફરિશ્તાઓ તેના પછી મદદગાર છે. જ્યારે ખુદાએ આ આયત **'ફઈન્નલ્લાહ હોવ મૌલાહો વ જિબ્રીલો વસાલેહુન મોમિનીન'** (તે છેલ્લે સુધી) નાઝિલ ફરમાવી તો તે વખતે હઝરત રસૂલે ખુદા(સ.)એ હઝરત અલી(અ.)નો હાથ પકડીને ફરમાવ્યું કે 'અય લોકો આ **સાબેકુલ મોમિન** છે.'

અગર તે રસૂલ તમને તલાક આપી દે તો તેનો પરવરદિગાર તેના બદલામાં તેને એવી પત્નીઓ આપી દે છે કે જે તમારા કરતાં બહેતર હોય. આજ્ઞાપાલક, ઈમાનદાર, તાબેદારી કરનાર, પશ્ચાતાપ કરનાર, ઈબાદત કરનાર, રોઝા રાખનાર, વિધવાઓ અને કુમારીકાઓ પણ હોય.*

**G. K. Corner Solution 111**

(૧) મુંબઈ (૨) આર્કિમિડિઝ (૩) ફેવરીટ (૪) ૩ ફૂટ (૫) વિઝા (૬) વૉલ્ટમીટર (૭) વડાપ્રધાન (૮) શાહમૃગ (૯) એજન્ડા

**તરફદારે યઝીદે બેહયાસે કોઈ કહે દેતા,**
**કે હૈ માતમ ગમે શબ્બીરમેં સુન્નત મુહર્રમમેં.**

(બેશરમ યઝીદ મલઊનની તરફદારી કરનારાઓને કોઈ જઈને કહી દે કે શબ્બીરના ગમમાં મોહર્રમમાં માતમ કરવું એ તો નબી સાહેબની સુન્નત છે.)

સંકલન : મુલ્લા ફૈઝ અલ કાશાની

# મેઅરાજ : સ્વર્ગ આરોહણની રાત

## પ્રસ્તાવના

પયગમ્બરે ઈસ્લામ(સ.)એ પોતાની ઐતિહાસિક રાત્રિ સફર (મેઅરાજ) પવિત્ર શહેર મક્કામાં વિશ્વાસપાત્ર એવા અમીને વહી જિબ્રઈલ ફરિશ્તાની સાથે આપનાં પિત્રાઈ બહેન અને અમીરુલ મોમિનીન અલી(અ.)નાં સગાં બહેન ઉમ્મુલ હાનીના ઘેરથી શરૂ કરી હતી. પોતાના પાણીદાર ઘોડા બુરાક*ની મદદથી આપે **બયતુલ મુકદસ** સુધી મુસાફરી કરી કે જે (એ વખતે) જોર્ડન દેશમાં આવેલું હતું અને તે **મસ્જિદુલ અકસા** (અર્થાત સૌથી દૂર આવેલી મસ્જિદ) તરીકે પણ પ્રખ્યાત હતી. આ જગ્યાએ આપ સવારી ઉપરથી નીચે ઉતર્યા અને ખૂબ જ ટૂંકા સમયગાળામાં મસ્જિદની અંદર આવેલાં વિવિધ સ્થળોની મુલાકાત લીધી જેમાં ઈસા મસીહ(અ.)ના જન્મ સ્થળ **બયતુલ લહમ** ઉપરાંત જુદા જુદા પયગમ્બરોનાં મકાનો અને બીજાં અગત્યનાં સ્થળોની પણ મુલાકાત લીધી. કેટલાક સ્થળોએ તો આપે બબ્બે રકાત નમાઝ પણ પઢી હતી.

(સફરના) બીજા તબક્કામાં આપે આ સ્થળેથી જન્નતો તરફ સફર કરી કે જ્યાં આપે આકાશી પદાર્થોને અને સમગ્ર બ્રહ્માંડને નજરો નજર નિહાળ્યું. આપે (ભૂતપૂર્વ) પયગમ્બરોની અરવાહ સાથે અને ફરિશ્તાઓ સાથે વાતો કરી; આપે ખૂબ નજીકથી જન્નત અને જહન્નમ બન્નેને તેમજ જન્નત તેમજ જહન્નમના વિવિધ તબક્કાઓ અને વિવિધ સ્તરના લોકોને પણ નિહાળ્યા. આ બધી અજાણી વસ્તુઓનું સર્જન હતું; બ્રહ્માંડની ઉત્પત્તિનાં રહસ્યો, સર્જનની દુનિયાનો વિસ્તાર અને સર્વોચ્ચ એવા અલ્લાહની અમર્યાદિત શક્તિ કે જેનું સંપૂર્ણ જ્ઞાન આપને આપવામાં આવ્યું હતું.

ત્યાર પછી આપ મહાનતા અને ભવ્યતાથી આચ્છાદિત એવા **સિદ્રતુલ મુન્તહા** તરીકે જાણીતા પ્રદેશમાં પહોંચ્યા ત્યાં સુધી પોતાની સફર ચાલુ રાખી. આ એ જ રસ્તો હતો કે જેને ઓળંગી દઈને આપ પાછા ફર્યા અને પાછા આવ્યા પછી ફરી એક વાર આપે **બયતુલ મુકદસ**ની મુલાકાત લીધી. મક્કા તરફ અને પછી પોતાના ઘર તરફ આગળ વધ્યા. આપની વળતી સફર વખતે આપ કુરૈશ જાતિના એક વેપારી કાફલાની પાસે થઈને પસાર થવા પામ્યા કે જેમણે પોતાની મુસાફરી દરમિયાન પોતાના ઊંટોમાંથી એક ઊંટને ખોઈ નાખ્યો હતો કે જેની તેઓ શોધ કરી રહ્યા હતા. પયગમ્બર(સ.)એ કાફલાના લોકો પાસે જે પાણી હતું તેમાંથી પાણી

* **'બુરાક'** મેઅરાજ દરમિયાન પયગમ્બર (સ.)ની સવારીનું નામ છે. ઈતિહાસકારો જણાવે છે કે તે(બુરાક)નું શરીર ઘોડાના જેવું હતું જ્યારે તેનું માથું મનુષ્યને મળતું આવતું હતું. જુઓ બાજુમાં આપેલ તુગરો.




**શહીદે કરબલાકે ગમમેં માતમ ઉનકો લાઝિમ હૈ,**
**બજા લાયેં રસૂલે હકકી જો સુન્નત મુહર્રમમેં.**

(શહીદે કરબલા ઈમામ હુસૈન(અ.)ના ગમમાં માતમ કરવી તેમના માટે આવશ્યક છે કે જે અલ્લાહના સાચા રસૂલ(સ.)ની સુન્નત છે તેને મોહર્રમ માસમાં બજાવી લાવે.)

પીધું અને સૂર્યોદય થતાં સુધીમાં તો ઉમ્મુલ હાનીના ઘેર પાછા પહોંચી ગયા.

પરત આવીને પયગમ્બર(સ.)એ ઉમ્મુલ હાનીને પોતે જે રહસ્યો જોયાં હતાં તેની વાત કરી અને તે સાંજે કુરૈશના લોકોના મેળાવડામાં મેઅરાજનાં તેમજ પોતાની સફરનાં રહસ્યો ઉપરથી બધા પડદા ઊંચકી દીધા અને આ બનાવ બાબતે તેમનાં મગજ ખુલ્લાં કરી દીધાં. આ સફરની વાતો એક મુખેથી બીજે મુખે બધા જ જૂથોમાં ફેલાતી રહી અને હવે કુરૈશના લોકો (આપના પ્રત્યે) પહેલાં કરતાં વધારે હતાશ થઈ ગયા.

કુરૈશના લોકો, પોતાની જૂની પુરાણી આદત મુજબ પયગમ્બર(સ.)ને જૂઠલાવવા લાગ્યા અને તે ટોળામાંથી એક માણસ ઊભો થયો અને પૂછવા લાગ્યો કે મક્કામાં કોઈ એવો છે ખરો કે જેણે બયતુલ મુકદ્દસને જોયું હોય જેથી તે પયગમ્બર(સ.)ને ભૌતિક મકાનોની બાબતમાં પ્રશ્ન પૂછી શકે ? પયગમ્બર(સ.)એ બયતુલ મુકદ્દસની માત્ર ખાસ ખાસ ભૌતિક બાબતોનું જ વર્ણન કર્યું નહીં પરંતુ આપે તેમને મક્કા અને બયતુલ મુકદ્દસ વચ્ચે બનેલ પ્રસંગ વિષે પણ માહિતી આપી - અને બહુ વધારે સમય વિત્યો ય નહોતો કે (કાફલાના) મુસાફરોએ બનેલા એ મુજબના જ પ્રસંગોનો આવીને અહેવાલ આપ્યો.

**મેઅરાજના પ્રસંગના કુરઆની આધારો**

કુરઆનના બે સૂરાઓમાં પયગમ્બરે ઈસ્લામ(સ.)ની સ્વર્ગની સફરની વાત સરળતાપૂર્વક સમજાવવામાં આવી છે. બીજા સૂરાઓમાં પણ આ સફરનો અછડતો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

અલ અસ્રા(સૂરા-૧૭ કે જે બની ઈસરાઈલ તરીકે જાણીતો છે)તેમાં આ મુજબ ઉલ્લેખ કરવામાં આવ્યો છે :

سُبْحٰنَ الَّذِیْٓ اَسْرٰی بِعَبْدِهٖ لَیْلًا مِّنَ الْمَسْجِدِ الْحَرَامِ اِلَی الْمَسْجِدِ الْاَقْصَا الَّذِیْ بٰرَكْنَا حَوْلَهٗ لِنُرِیَهٗ مِنْ اٰیٰتِنَا ؕ اِنَّهٗ هُوَ السَّمِیْعُ الْبَصِیْرُ ①

**'પાક છે તે ઝાત કે જે રાતો રાત પોતાના બંદા (મોહંમદ(સ.))ને મસ્જિદુલ હરામ (બયતુલ્લાહ)થી મસ્જિદે અકસા (બયતુલ મુકદ્દસ) તરફ લઈ ગયો જેની આસપાસ(ની ભૂમિ)ને ખુદ અમોએ બરકતવાળી બનાવી છે કે જેથી અમે તેને અમારી નિશાનીઓમાંથી કેટલીક દેખાડી દઈએ; બેશક તે મોટો સાંભળનાર (અને જોનાર) છે.** (બની ઈસરાઈલ, આયત-૧)

આ આયત ઉપરથી આપણે એવા તારણ ઉપર આવીએ છીએ કે પયગમ્બરે ઈસ્લામ(સ.)એ પોતાના ભૌતિક શરીર સહિત સ્વર્ગારોહણની દુનિયાઓમાં થઈને મુસાફરી કરી. વળી આગળ જોઈએ તો આપે પોતાનામાં રહેલી અજ્ઞાત્ શક્તિની પ્રચંડતા દ્વારા આપ ખૂબ જ ટૂંકા સમયગાળામાં આ સફરને પૂર્ણ કરવા શક્તિમાન બન્યા હતા.

આ આયતમાં અલ્લાહ તઆલા પોતાના કથનનો પ્રારંભ **સુબ્હાન** ( سُبْحٰنَ )શબ્દથી કરે છે કે જે એવી હકીકતને રજૂ કરે છે કે અલ્લાહ તઆલા બધા જ પ્રકારની અપૂર્ણતાઓથી પાક છે. પરંતુ તે માત્ર આટલું કહીને અટકી જતો નથી. નિઃસંદેહપણે

**યે માતમ ઈક એહસાસે અમલ હૈ જોશે ઉલ્ફતકા,**
**વો હી જાને જિસે આતી હૈ કૈફીયત મુહર્રમમેં.**

(આ માતમે હુસૈન તો પ્રેમના ઉમળકાના અમલની એક અનુભૂતિ છે. આ બાબત તો એ માણસ જ જાણી શકે કે જેને મોહર્રમમાં (મોહબ્બતની) ખુમારી આવતી હોય.)

તે સ્વર્ગારોહણને પોતાની મહાનતા વડે એવું કહીને કારણ બનાવે છે કે 'સફર કરાવી' જેથી બીજાઓ એવી કલ્પના ન કરે કે આ સફરની પધ્ધતિ કુદરતી દુનિયાના કારણો અને સામાન્ય અને સાધારણ પરિવહનનાં સાધનો દ્વારા રાખવામાં આવી હતી. આનાથી આપની સફર કંઈક એવી બનાવી દીધી હોત કે જેનો ઈન્કાર કરી શકાયો હોત. નિઃસંદેહપણે આ સફરને અલ્લાહની શક્તિ અને તેની વિશિષ્ટ અને ખાસ કૃપાદૃષ્ટિ ઉપર આધાર રાખીને પરિપૂર્ણ કરવામાં આવી હતી.

આ આયત જણાવે છે કે સફરની શરૂઆત મસ્જિદુલ હરામથી થઈ હતી અને તેનો અંત મસ્જિદુલ અક્સાએ આવ્યો હતો તેમ છતાં આનાથી એ હકીકતનો વિરોધાભાસ પેદા થતો નથી કે પયગમ્બર(સ.) આ સફર ઉપરાંત ઉન્નત દુનિયા તરફ અન્ય સફરો કરી આવ્યા હતા કેમકે પયગમ્બર(સ.)ના સ્વર્ગ આરોહણ (મેઅરાજની) સફરના બીજા ભાગને સૂરતુલ નજમની આયતોમાં દર્શાવવામાં આવેલ છે.

આ આયતનો અગત્યનો બીજો ભાગ એ છે કે પયગમ્બર(સ.)ની સફર શારીરિક અને રૂહાની એમ બન્ને પ્રકારની હતી, માત્ર રૂહાની સફર જ ન હતી અને આ બાબતને આયતમાં વપરાયેલ **બેઅબ્દેહી**(بِعَبْدِهٖ) શબ્દથી સમર્થન મળે છે કે જે શબ્દનો અર્થ તેનો બંદો એવો થાય છે કે જેનો ઉપયોગ શરીર અને રૂહ બન્નેના અર્થમાં વપરાય છે. જો એવું ન હોત તો અલ્લાહે **બરૂહ** કહ્યું હોત જેનો અર્થ આપની (મોહંમદ(સ.)ની) ફક્ત રૂહ એવો થાય છે. સૂરતુલ નજમમાં મેઅરાજના પ્રસંગનું વધારે વિગતથી વર્ણન કરવામાં આવ્યું છે.

જે સમયથી પયગમ્બર મોહંમદ(સ.)એ કુરૈશને (જ્યારે તેમના ઉપર પ્રથમ વાર વહી નાઝિલ થઈ) એવું કહ્યું કે મેં વહી લાવનાર ફરિશ્તાને તેના અસલ અને શુધ્ધ સ્વરૂપમાં જોયો ત્યારે બધા જ કુરૈશના લોકો એકદમ ઊભા થઈ ગયા અને આપની ઠઠ્ઠા મશ્કરી કરવા લાગ્યા.

અજ્ઞાની લોકોના વિચારોના પ્રત્યુત્તરમાં કુરઆન જવાબ આપે છે :

أَفَتُمَارُونَهُ عَلَىٰ مَا يَرَىٰ ﴿١٢﴾ وَلَقَدْ رَآهُ نَزْلَةً أُخْرَىٰ ﴿١٣﴾
عِندَ سِدْرَةِ الْمُنتَهَىٰ ﴿١٤﴾ عِندَهَا جَنَّةُ الْمَأْوَىٰ ﴿١٥﴾
إِذْ يَغْشَى السِّدْرَةَ مَا يَغْشَىٰ ﴿١٦﴾ مَا زَاغَ الْبَصَرُ وَمَا طَغَىٰ ﴿١٧﴾
لَقَدْ رَأَىٰ مِنْ آيَاتِ رَبِّهِ الْكُبْرَىٰ ﴿١٨﴾

**'છતાં શું તમે (લોકો) તે (રસૂલે) જે કંઈ જોયું છે તેના વિશે (શંકા કરીને) વાદવિવાદ કરો છો? અને ખરે જ તેણે તે (જિબ્રઈલ)ને એક બીજી વખતે પણ ઊતરતો દીઠો હતો, સિદ્રતુલ મુન્તહા (સાતમા આસમાન પરના બોરડીના છેલ્લા ઝાડ) પાસે કે જેની નજીક જન્નતુલ માવા (વિશ્રાંતિ લેવાનું સ્થાન) છે જ્યારે કે તે (મોહંમદ) સિદરા (કાંટા વગરની બોરડી)ના ઝાડ ઉપર જે ઢાંકવાનું હતું તે ઢાંકી રહ્યો હતો (તેના સંબંધમાં) ન તો રસૂલની દૃષ્ટિએ ચૂક કરી, અને ન તે જોઈએ તે કરતાં હદથી બહાર ગઈ. ખચીત જ તેણે પોતાના પરવરદિગારની નિશાનીઓમાંથી મોટી નિશાનીઓ (પ્રત્યક્ષ) નિહાળી.** (સૂરતુલ નજમ, આયત-૧૨ થી ૧૮)

(ક્રમશઃ)

**ખુદા મિદહતસરા હૈ નઝરે ઈફા કરનેવાલોંકા,**
**બહુત બેહતર હૈ ગર કુર્બતકી હો નિય્યત મુહર્રમમેં.**

(જે લોકો શ્રધ્ધાપૂર્વક માનેલી માનતાઓને પૂરી કરે છે તે લોકોની ખુદા તઆલા પ્રશંસા કરે છે, અને એમાંય વળી મોહર્રમ મહિનામાં અલ્લાહની નજદીકી પ્રાપ્ત કરવાની નિય્યત રાખેલી હોય તો ખૂબ વધારે સારી બાબત છે.)

# આરોગ્યની સાચવણી

**'Prevention is better than cure.'**

આપણે આપણા સમાજની વાત કરી લઈએ. આપણો સમાજ મુખ્યત્વે હોટલ, રેસ્ટોરન્ટ સાથે સંકળાયેલો છે. હોટલ રેસ્ટોરન્ટમાં વાપરવામાં આવતા ફુડ કલરને ભલે કાયદાકીય રીતે તેની માત્રા અનુસાર વાપરવાની છૂટ હોય પરંતુ તે અતિશય ગંભીરપણે નુકસાનકારક હોય છે. જો કે એ ઘણી સારી બાબત છે કે હવે લગભગ ફુડ કલરનો વપરાશ બંધ કરી દેવામાં આવેલ છે. આ ઉપરાંત આપણે ટેસ્ટીંગ પાવડર તરીકે ઓળખીએ છીએ તે અજીનો મોટો નામનું આ જાપાની સોલ્ટ કે જે કૃત્રિમ રીતે સ્વાદ ઉમેરવાનું કામ કરે છે પરંતુ શરીરમાં હાનિકારક રસાયણ પેદા કરતું હોય છે. સામાન્ય વપરાશમાં આવતા ૫૦૦ થી ૫૫૦ ફુડ એડિટિવ્ઝમાં લગભગ ૩૦૦ જેટલા સલામત ગણવામાં આવે છે. બાકીના તમામ શરીર માટે ખૂબ જ નુકસાનકારક હોય છે.

ઉપરોક્ત તથા અન્ય જાણકારી કે જેને આપણે આધારિત છીએ એવા નિષ્ણાત, તજજ્ઞોની માહિતીઓ પણ અલગ-અલગ પ્રતિભાવ આપતી હોય છે. ઘણી બધી બાબતે તેઓ એકમત નથી એટલે માણસે શું કરવું એ પણ પ્રશ્ન છે અને સાથોસાથ એ બાબત પણ હકીકત છે કે ખોરાક, દવાની આડઅસર કે અસર દરેક શરીરે અલગ અલગ હોઈ શકે અથવા તેની અલગ અલગ અસરો જોવા મળી શકે. એટલે ખરેખર આપણે આ બાબતે પૂરા જાણકાર નથી અને કદાચ એટલે સંપૂર્ણપણે બચાવ શક્ય ન હોય પરંતુ કેટલું બચી શકાય તે બાબતે ચોક્કસ વિચારવું જોઈએ.

હવે આજના સમયમાં રોગથી બચવા શું ખાવું એ કરતાં શું ન ખાવું એ વધારે મહત્વનું થઈ ગયેલ જણાય છે. માનવજાતને સૌથી વધુ જરૂરિયાત એવાં હવા, પાણી અને અનાજ પણ રસાયણોથી મુક્ત નથી એટલે સાવચેતી રાખવી એક જરૂરી બાબત બની ચૂકી છે. હજુ પણ માનવજાત જો અલ્લાહની નેઅમતોને સમજી વિચારીને ઉપયોગ કરશે તો વધુ લાભકર્તા રહેશે.

ગર્ભધારણથી લઈને મોત સુધી આપણે દવાઓના આદી થઈ ગયા છીએ. પરંતુ અમુક ખોરાક કે ટેવો વિષે સારી આદતો પાડીએ છીએ તો અમુક અંશે રોગોથી બચાવ શકી શકાય. ઘણી નાની નાની કુટેવો મોટી મોટી બીમારીઓ માટેની આમંત્રણ પત્રિકા સમાન હોય છે. આવી કુટેવો વિષે પણ આપણે ચર્ચાઓ કરીશું.

આ બાબતે આપ વાંચક મોમિન ભાઈ-બહેનો પાસે માહિતી હોય કે આ બાબતે આપ અભ્યાસી હો અને જાણકારી ધરાવતા હોય તો મોમિન મેડીકલ સહાય યોજના આપની મદદની પણ અપેક્ષા રાખે છે. આવી કોઈ માહિતી હોય તો અમને

shdecent@gmail.com

shdecent@ymail.com

અથવા નીચેના સરનામે મોકલી આપવા વિનંતી.

**આરોગ્ય વિષયક માહિતી**
**મોમિન મેડીકલ સહાય યોજના,**
**ઠે. જાફરી ક્રેડીટ સોસાયટી, મુ.કાકોશી,**
**તા. સિધ્ધપુર, જિ.પાટણ. પીન-૩૮૪૨૯૦**

આ બધી દુનિયાદારીથી ઉપર વાત એ છે કે મોત એ સનાતન સત્ય બાબત છે. દરેકે મોતની મજા ચાખવાની છે. પરંતુ ગુજરાતના જાણીતા લેખક કાન્તી ભટ્ટના શબ્દોમાં કહીએ તો 'મરો ત્યાં સુધી જીવો' એ યોગ્ય કહી શકાય. આવી વિકટ અને સમજી ન શકાય તેવી બીમારીઓથી બચવા માટે સૌથી શ્રેષ્ઠ બાબત છે સદકો અને દવા.

'સદકે બલા દૂર'

અલ્લાહ તઆલા સમક્ષ મોહંમદ વ આલે મોહંમદના વસીલાથી દુઆ ગુઝારીએ કે સદકાના બદલામાં અલ્લાહ શિફા આપે, તંદુરસ્તી આપે અને સલામતી બક્ષે, આમીન. અને આપણી મોમિન જમાઅત માટે આપણા પીરાને તરીકત આપણને સારું જીવન જીવવા તથા સારી આદતો માટે હિદાયત કરતા જ રહે છે એ મોહંમદ વ આલે મોહંમદના લાખો એહસાનોને માથે રાખી આપણે સારું જીવન કેવી રીતે જીવવું, રોગોથી કેવી રીતે બચવું અને નિરોગી કેવી રીતે રહેવું એ બાબતોની ચર્ચાઓ કરતા રહીશું.

(**મોમિન મેડીકલ સહાય યોજના** નિષ્ણાત ડૉક્ટરો તેમજ જાહેર આરોગ્ય વિષયક માહિતીના આધારે)

# Superman In Islam

# સુપરમેન ઈન ઈસ્લામ

## ❋ હઝરત ઈમામ જાફર સાદિક(અ.) ❋

અનુવાદક : હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદે.)

### પ્રદૂષણ ઉપર પ્રતિબંધ

(ગતાંકનું ચાલુ)

પરંતુ બે પ્રકારના સમુદ્રી જીવો વધારે જોવા મળે છે, એક ડ્યુ ફિશ (જેનો ફિશીંગ રૉડ વડે શિકાર કરવામાં આવે છે) અને બીજો સમુદ્રી કાચબો. તેઓ ડ્યુ ફિશને ગલ વડે પકડી રહ્યા હતા. જ્યારે તેમણે એક માછલીને પકડી લીધી અને બીજી માછલી પકડવા માટે ગલને સમુદ્રમાં નાખ્યો તો તે માછલી તેમનો ગલ લઈને જતી રહી જેના કારણે તેઓ ડ્યુ ફિશનો શિકાર કરવાથી વંચિત રહી ગયા. પરંતુ જેવો કાચબો તેમની હોડીની નજીક આવતો કે તરત જ તે લોકોમાંથી કોઈ એક જણ પાણીમાં કૂદકો મારીને કાચબાને પકડી લેતો અને પછી બીજાની મદદથી તેને હોડીની અંદર લઈ આવતો અને બધા લોકો ભેગા મળીને કાચબાને આરોગતા.

આડત્રીસ દિવસ સુધી ડગ્લસ રોબર્ટસન અને તેના સાથીઓના ખોરાક તરીકે કાચબાનું માંસ રહ્યું હતું એટલે સુધી કે એક જાપાની માછીમારની હોડીએ તેમને જોઈ લીધા અને તેમને છુટકારો અપાવ્યો. પછી તેમને મધ્ય અમેરિકામાં આવેલા બેલબો(Balboa)ના બંદર સુધી પહોંચાડી દીધા. જેવા તે લોકો બંદર ઉપર પહોંચ્યા કે તરત જ બીમાર પડી ગયા. તેમની અંદર પારાના કારણે ઉદ્ભવતા રોગનાં ચિહ્નો દેખાવા લાગ્યાં. જ્યારે તેમણે એ જ વિસ્તારના કાચબાનો શિકાર કર્યો તો જાણવા મળ્યું કે આ પ્રાણી પારાથી પ્રદૂષિત થયેલું હોય છે અને જે કોઈ એનું માંસ ખાય તો તેને પારાથી થતો રોગ લાગી જશે. જો કે સમુદ્રની વચ્ચોવચ્ચ પારો પેદા થઈ જ ના શકે તેથી જાણવા મળ્યું કે આ પ્રાણી કોઈ નદીના મુખત્રિકોણ ઉપર ઈંડા મૂકે છે કે જેના કિનારે ઘણાં કારખાનાં આવેલાં છે અને નદીનું પાણી પારાથી પ્રદૂષિત હોય છે એટલે તે કાચબાઓમાં પેસી જાય છે અને જ્યારે કાચબો નદીના મુખત્રિકોણથી નીકળીને સમુદ્ર તરફ જાય છે તો એક મુદ્દત સુધી પારો તેના શરીરમાં રહે છે એટલા જ માટે તેનું માંસ ખાવાથી માણસ બીમાર પડી જાય છે. આ બાબતમાં કોઈ સંદેહ નથી કે જે માછલીઓ આવી જગ્યાએ રહેતી હોય છે એ પણ આવી બીમારીનું કારણ બને છે.

અમે જે કંઈ વર્ણન કર્યું તેનાથી એવી જાણકારી મળી કે જાપાનીઓએ ત્રીસ વર્ષ કરતાં ય ઓછા સમયમાં કુદરતી સંપત્તિ વગર એટલો બધો વિકાસ કરી લીધો છે કે આજે તે અમેરિકા અને રશિયા પછી ત્રીજા નંબરનો સૌથી માલદાર દેશ કહેવાય

**નબીકા ખ્વાબમેં દેખા સહાબાને અજબ મંઝર,**
**બરેહના સર પરેશાં હાલતો સૂરત મુહર્રમમેં.**

(સહાબાએ કિરામે સ્વપ્નમાં નબી સાહેબની અજબ પરિસ્થિતિ જોઈ હતી, મોહર્રમમાં આપનું માથું ઊઘાડું હતું, આપની હાલત અને આપનો ચહેરો પરેશાન હતો.)

છે. જાપાન પાસે ન તો લોખંડ છે કે ન પથ્થરના કોલસા કે ન તો ખનીજ તેલ વિગેરે તેમ છતાંય તેના ઉદ્યોગોએ દુનિયાનાં માર્કેટોને સર કરી લીધાં છે. પરંતુ જાપાનીઓએ પોતાના પર્યાવરણને પ્રદૂષિત કરીને પોતાના જ માટે મુશ્કેલીઓ પેદા કરી દીધી છે અને હવે તેમના માટે આ સિવાય કોઈ બીજો વિકલ્પ નથી કે તેઓ પોતાના ઔદ્યોગિક માળખાને નવેસરથી ઊભું કરે અને ઔદ્યોગિક એકમોને મોટા મોટા શહેરોમાંથી ખસેડીને નાના નાના શહેરોમાં લગાવે. તેના માટે તેમણે એક નકશો તૈયાર કરવો પડશે કે જેના ઉપર તેઓ જો આજથી જ અમલ કરવાનું શરૂ કરે તો ઈસવી સન બે હજાર સુધીમાં તેને સંપૂર્ણ કરી શકશે.

આ નકશાની વિગતોની સમજૂતી આ પૃષ્ઠો ઉપર આપવી મુશ્કેલ છે. તેમ છતાં ય એ નકશાનો સાર એ છે કે મોટાં મોટાં શહેરો દા.ત. ટોકિયો કે જે થોડાક વર્ષો પહેલાં સુધી વસ્તીની દૃષ્ટિએ દુનિયાનું સૌથી મોટું શહેર ગણાતું હતું (જ્યારે કે આજ કાલ શાંગહાઈ વસ્તીની દૃષ્ટિએ દુનિયાનું સૌથી મોટું શહેર ગણાય છે) તે ટોકિયોની વસ્તી ઘટાડી દેવામાં આવે અને આવા શહેરોની વસ્તી ફક્ત બે લાખ સુધી સીમિત કરી દેવામાં આવે. મોટાં મોટાં શહેરો એટલા માટે અસ્તિત્વમાં આવ્યાં કે કૃષિ ઉદ્યોગ તથા સ્થાપત્યકલા, વેપાર, તાલીમ અને શિક્ષણ અને સંચાલન વિભાગો વગેરે બધા શહેરમાં એકઠા થઈ ચૂક્યા છે અને પ્રતિ વર્ષે એમની સંખ્યામાં વધારો થતો રહ્યો છે કારણ કે એક શહેરમાં બધાં કાર્યોનો જમાવડો લોકોને પોતાની તરફ આકર્ષે છે અને એવા શહેરોમાં બીજા વિસ્તારો કરતાં બેરોજગાર લોકોને રોજગાર પહોંચાડવાની તકો વધારે હોય છે.

પરંતુ જાપાનમાં જે નકશો તૈયાર કરવામાં આવ્યો છે તેના પ્રમાણે વિવિધ વિભાગોના કેન્દ્રોને ઔદ્યોગિક કેન્દ્રોથી, અને ઉપરોક્ત કેન્દ્રોને તાલીમ અને શિક્ષણ અને કૃષિના કેન્દ્રોથી અલગ કરવામાં આવશે અને બધાં ઔદ્યોગિક કેન્દ્રો કે જેમના વિશે એવું માનવામાં આવે છે કે તેઓ પર્યાવરણને પ્રદૂષિત કરે છે, તેમની અંદર સફાઈનાં સાધનો મૂકવામાં આવશે કે જેથી જે પણ વસ્તુ કારખાનામાંથી બહાર નીકળે અને વાતાવરણ અથવા જમીન અથવા નદીમાં ભળી જાય તે પહેલાં તેને સારી રીતે સાફ કરી લેવામાં આવે. જો આવા આયોજનને જાપાનમાં સફળતા મળે અને તેનાં હકારાત્મક પરિણામ જોવામાં આવે તો શક્ય છે કે દુનિયાના અન્ય દેશો પણ જાપાનનું અનુકરણ કરે.

પર્યાવરણને પ્રદૂષિત કરનારા ખતરાઓ તરફ ખાસ કરીને જમીન, નદીઓ અને સમુદ્રોના પ્રદૂષણનું કારણ બનનારાં ઉપકરણો ઉપર માનવજાતે હમણાં હમણાં જ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. પરંતુ ઈમામ જાફર સાદિક(અ.)ની માફક ભૂતકાળના વિદ્વાનોએ બારસો વર્ષ પહેલાં આ વાત તરફ ધ્યાન દોર્યું હતું કે માનવજાતિએ એવી રીતે જીવન વિતાવવું જોઈએ કે જેનાથી માહોલ પ્રદૂષિત ન થાય.

પ્રાચીન સમયમાં આર્યો જમીન અને પાણીને પ્રદૂષિત થવાથી બચાવતા હતા, જ્યારે કે એ જમાનામાં આજકાલના જેવા ઉદ્યોગો નહોતા. માણસ એ જાણીને આશ્ચર્ય અનુભવે છે કે તે લોકો કેવી રીતે આ વિષયની જાણકારી ધરાવતા હશે કે જમીન અને પાણીને પ્રદૂષિત કરવું ન જોઈએ.

**નબીઝાદોંકે સર કાટે ગયેં હૈ રોઝે આશુરા,**
**મુસલમાનોંકો યું શાદીસે હૈ નફરત મુહર્રમમેં.**

(આશુરાના દિવસે નબીએ કરીમ(સ.)ના ફરઝંદોનાં મસ્તક કાપવામાં આવ્યાં હતાં તેથી જ તો મોહર્રમ મહિનામાં શાદી જેવા ખુશીના પ્રસંગો યોજવામાં મુસલમાનોને નફરત છે.)

આપણા કેટલાક વિદ્વાનોએ જેવી રીતે કહ્યું છે તેમ શું આપણે જીવનમાં જે કંઈ શીખીએ છીએ તેનો કેટલોક ભાગ એ સંસ્કારો ઉપર આધારિત હોય છે કે જે આપણને બાપ દાદાઓ તરફથી વારસામાં મળે છે. એ વાત જુદી છે કે આપણે તેમની તરફ ધ્યાન આપતા નથી. આપણા બાપ દાદાઓ પાસેથી આપણને જે જાણકારી અને અનુભવ વારસામાં મળ્યા છે તેમાંનો એક અનુભવ એ પણ છે કે માણસે પોતાના માહોલને પ્રદૂષિત કરવું જોઈએ નહીં કારણ કે જો માહોલ પ્રદૂષિત થઈ જાય છે તો જીવન જીવવું મુશ્કેલ બલ્કે અશક્ય બની જાય છે.

યુરોપિયન ઈતિહાસકારોએ જેમને ઈન્ડો-યુરોપિયન જાતિઓનું નામ આપ્યું છે (આ નામ રાખવા ઉપર વાંધો ઉઠાવવામાં આવ્યો છે) એવી બધી જાતિઓએ પોતાના માહોલને પ્રદૂષણથી બચાવવા માટે ઘણી મહેનત કરી છે અને તેમની આ કોશિશ, ભયની હદ સુધી પહોંચી ગઈ હતી. એક ફ્રેન્ચ સંશોધક મારીજન મોતે કે જે આજથી ચાર વર્ષ પહેલાં મૃત્યુ પામ્યો હતો, તેના કહેવા પ્રમાણે ભારતના શહેરોમાં પહેલી ગટર યોજના એવા આશયથી બનાવવામાં આવી હતી કે ભારતીય લોકો જમીનને પ્રદૂષણથી બચાવવા માગતા હતા. પરંતુ હાસ્યાસ્પદ બાબત એ છે કે તે લોકોએ આ બાબત ઉપર એટલા માટે ધ્યાન આપ્યું નહીં કે છેવટે પ્રદૂષણ તો ફેલાવાનું છે કારણ કે ગટરનું પાણી તો નદીમાં જઈને ભળતું હતું.

પરંતુ નોલ્દેકે (Nöldeke) નામના એક જર્મનનું માનવું છે કે ભારતીય લોકો ગંદા પાણીની ગટરને નદીમાં એટલા માટે ભેળવી દેતા હતા કે તેઓ એવું માનતા હતા કે દરેક પાક વસ્તુ ગંદી વસ્તુને સાફ કરે છે એટલા જ માટે તેઓ નદીમાં નાહતા હતા જેથી પોતાની જાતને સ્વચ્છ કરી લે અને આજે જ્યારે કે પ્રારંભિક ઈન્ડો-યુરોપિયન સંસ્કૃતિ કે જે હજારો વર્ષ જૂની થઈ ચૂકી છે તેમ છતાંય આજે સફાઈ માટે પાણી જ વાપરવામાં આવે છે. આજે જ્યારે કે સફાઈ માટે વિવિધ પ્રકારનાં રાસાયણિક સાધનો અને ઑક્સિજન ઉપલબ્ધ છે તેમ છતાં સફાઈ માટે લોકો પાણી જ વાપરે છે.

અમને જૂના જમાનાના ઈટાલીના કવિ અને લેખક દાનુન્જીઓ* d’Annunzio જેવો કોઈ માણસ મળતો નથી કે જે પોતાના પહેરણને ઑક્સિજન વડે ધોતો હોય. દાનુન્જીઓની પધ્ધતિ એ હતી કે તે પોતાના કપડાંને શુધ્ધ ઑક્સિજનમાં ડૂબાડી દેતો અને કહેતો હતો કે ઑક્સિજન વગર કોઈ પણ વસ્તુ કપડાંને સાફ કરી શકે નહીં. તેની કોશિશ એ જ હતી કે તેનાં કપડાં સારી રીતે ધોયેલાં હોય. તેના જીવનના એક તબક્કામાં તો તેણે પોતાનાં કપડાં ધોવાનું છોડી દીધું હતું પરંતુ જે કપડાં તે એક વાર પહેરી લેતો હતો તેમને કાઢીને દૂર ફેંકી દેતો હતો. (ક્રમશઃ)

* આ માણસ ઈ.સ.૧૯૩૮માં મૃત્યુ પામ્યો. તે વીસમી સદીનો વિચિત્ર માણસ ગણાતો હતો. દાનુન્જીઓની ગણતરી શરૂઆતમાં ઈટાલીના ફાસીવાદીમાં થતી હતી. પરંતુ પછી તેણે ફાસીવાદીઓથી દૂરી અપનાવી લીધી અને રાજકારણને તિલાંજલી આપીને કવિતા અને લેખન તથા પ્રવાસનમાં લાગી ગયો. તેણે ક્યારે ય એક ખમીસ અને એક જોડી કપડાં અને એક જોડી પગરખાં બીજી વાર પહેર્યા નથી. તેની પાસે હર વખતે એક હજાર કપડાં, એક હજાર જોડી પગરખાં રહેતાં હતાં. તેના નોકરોમાંથી કેટલાકની ફરજ તો માત્ર એજ હતી કે તેનાં કપડાં અને પગરખાંની દેખભાળ રાખે.

**ઝમીને ગર્મ પર ઈસ વાસ્તે પાની છિળકતે હૈ,**
**કરે મહેસૂસ પાએ બરેહના રાહત મુહર્રમમેં.**

(મોહર્રમ મહિનામાં ગરમ જમીન ઉપર આટલા માટે પાણી છાંટવામાં આવે છે કે જે લોકો ઉઘાડા પગે ચાલતા હોય તે રાહતનો અનુભવ કરે.)



મૌલા અલી(અ.)નાં પ્રવચનો, આજ્ઞાપત્રો અને બોધવચનોનો સંગ્રહ

# નહજુલ બલાગહ

## ભાગ-૩
## બોધ વચનો અને ઉપદેશો

હઝ્રત અલી(અ.)નાં બોધ વચનો (હદીસો)

**(૨૬૬) ઈમાનની ઓળખ :**

એક જણે આપથી માગણી કરી કે ઈમાનની વ્યાખ્યા કરો. તો ફરમાવ્યું, કાલે આવજે તો હું ભર સભામાં બયાન કરીશ જેથી તું ભૂલી જાય તો બીજા તને યાદ અપાવી દે. એટલા માટે કે કલામ (વાણી) ભટકેલા શિકાર જેવી હોય છે કે એક પકડી લે છે અને બીજાના હાથમાંથી છટકી જાય છે. (સવિસ્તર જવાબ આ પહેલાં ઈમાનના વિષયમાં નકલ થઈ ચૂક્યો છે.)

**(૨૬૭) ભાવિની ચિંતા :**

હે આદમ સૂત ! એ દિવસની ચિંતા કે જે હજી નથી આવ્યો તેને એ દિવસ પર ન નાખો કે જે આવી ચૂક્યો છે કેમકે જો તે આવીને તમારી વયમાં ભળી ગયો તો તેની રોજી પણ તેની સાથે આવશે.

**(૨૬૮) મૈત્રી અને શત્રુતામાં સંયમ :**

પોતાના દોસ્તથી એક મર્યાદા સુધી દોસ્તી રાખો ક્યાંક એવું ન બને કે એક દિવસ દુશ્મન બની જાય અને દુશ્મનથી પણ એક હદ સુધી દુશ્મની રાખો, કદાચ એક દિવસ મિત્ર બની જાય (તો શરમાવું ન પડે).

**(૨૬૯) દુનિયાનાં કામ અને આખેરતનાં કામ:**

દુનિયામાં બે પ્રકારના અમલ કરનારા મળી આવે છે; એક એ છે જે દુનિયામાં દુનિયા માટે જ કામ કરે છે અને તેને દુનિયાએ આખેરતથી ગાફિલ બનાવી દીધો છે. તે પોતાની પાછળવાળાઓની ચિંતાથી ભયભીત રહે છે અને પોતા વિશે બિલકુલ નિરાંત અનુભવે છે. પરિણામે પૂરી જિંદગી બીજાઓના લાભ માટે વિતાવી દે છે અને એક જણ એ હોય છે કે જે દુનિયામાં તેના પછી માટે અમલ કરે છે અને તેને દુનિયા વગર મહેનતે મળી જાય છે. તે દુનિયા અને આખેરત બન્ને મેળવી લે છે અને બન્ને ઘરનો ધણી બની જાય છે, ખુદાના દરબારમાં સુર્ખરૂ થાય છે અને કોઈ હાજતની માગણી કરે છે તો ખુદા તેને પૂરી કરી દે છે.

**(૨૭૦) ખાનએ કા'બાનાં ઝેવર :**

રિવાયતમાં આવ્યું છે કે ઉમર બિન અલ-ખત્તાબની સામે તેમની ખિલાફતના કાળમાં ખાનએ કા'બાનાં ઝેવરો અને તેના વધારે હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો અને એક વર્ગે એ માગણી કરી કે આપ આ ઝેવરોને મુસલમાનોના લશ્કર પર ખર્ચ કરી દો તો ઘણો અજર અને સવાબ મળશે. કા'બાને આ ઝવેરોની શું જરૂર છે ? તો તેમને આ રાય ગમી ગઈ અને એ વિશે હઝરત અલી(અ.)થી પૂછ્યું, આપે ફરમાવ્યું કે આ કુરઆન ઈસ્લામના પયગમ્બર(સ.) પર ઉતર્યું હતું અને આપના કાળમાં માલ ચાર પ્રકારનો હતો.

**પિલાના આબકા પ્યાસેકો હર મઝહબમેં જાએઝ હૈ,**
**તો ક્યું પાની પિલાના હો ગયા બિદ્અત મુહર્રમમેં.**

(તરસ્યા માણસને પાણી પાવું એ તો દરેક ધર્મમાં જાઈઝ અને પૂણ્યનું કામ ગણાય છે તો પછી મોહર્રમ મહિનામાં પાણી પીવડાવવાનું શા માટે બિદ્અત થઈ ગયું ?)

એક મુસલમાનોનો અંગત માલ હતો કે જેને ફરજો પ્રમાણે વારસોમાં વહેંચી આપ્યા કરતા હતા. એક બયતુલ માલનો માલ હતો કે જેને તેના હકદારોમાં વહેંચી દેતા હતા. એક ખુમ્સ હતો કે જેને તેના હકદારોને સોંપી દેતા હતા અને અમુક સદકાઓ હતા કે જેને તેના સ્થાને ખર્ચ કરતા હતા. કા'બાના ઝેવરો એ સમયે પણ હતાં અને પરવરદિગારે તેને એ જ હાલતમાં રહેવા દીધાં હતાં. ન રસૂલે અકરમ(સ.) તેને ભૂલ્યા હતા અને તેના હોવા વિશે આપ અજાણ હતા. એટલે આપ તેને એ જ સ્થિતિમાં રહેવા દો જે સ્થિતમાં ખુદા અને રસૂલ(સ.)એ રાખ્યાં છે. આ સાંભળી હઝરત ઉમરે કહ્યું, આજ જો આપ ન હોત તો હું બદનામ થઈ ગયો હોત અને આમ કહીને ઝેવરો તેની જગ્યાએ મૂકી દીધાં.

**(૨૭૧) બયતુલ માલમાં ચોરીઃ**

કહે છે કે આપની સામે બે માણસોને રજૂ કરવામાં આવ્યા કે જેમણે બયતુલ માલમાં ચોરી કરી હતી. એક એમાંથી ગુલામ અને બયતુલ માલની મિલકત હતો અને બીજો લોકોમાંથી કોઈની મિલકત હતો. આપે ફરમાવ્યું કે જે બયતુલ માલની મિલ્કત છે તેના પર કોઈ હદ (સજા) નથી કેમકે ખુદાના માલના એક ભાગે બીજા માલને ખાધો છે. પરંતુ બીજા પર સખત હદ જારી કરવામાં આવશે. જેના પછી તેના હાથ કાપી લેવામાં આવ્યા.

**(૨૭૨) હુકમોમાં સુધારા :**

જો આ લપસણી ભૂમિ પર મારા પગ જામી ગયા તો હું ઘણી ચીજોને ફેરવી નાખીશ (જેને મારા પૂરોગામી ખલિફાઓએ દાખલ કરી છે અને જેનો પયગમ્બર(સ.)ની સુન્નતથી કોઈ વાસ્તો નથી.)

**(૨૭૩) પ્રારબ્ધ અને પ્રયત્ન :**

એ વાત જાણી લો અને યકીન રાખો કે પરવરદિગારે કોઈ બંદા માટે એથી વધારે નક્કી નથી કર્યું કે જેટલું પોતાની હકીમ કિતાબમાં બયાન કરી દીધું છે, ભલે પછી તેના પ્રયત્નો કેટલાય મોટા કેમ ન હોય, તેની ગોતાગોત ઘણી ઊંડી કેમ ન હોય, તેની યોજનાઓ કેટલીય શક્તિશાળી કેમ ન હોય અને એવી જ રીતે એ બધા સુધી તેના પ્રારબ્ધમાં નિર્માણ થયેલ પહોંચવાના માર્ગમાં કોઈ રૂકાવટ નથી હોતી, ચાહે તે કેટલો ય નિર્બળ અને નિરાધાર કેમ ન હોય.

જે હકીકત જાણી લે છે અને તે પ્રમાણે અમલ કરે છે તે જ સૌથી વધારે આરામ અને લાભમાં રહે છે અને જે આ હકીકતને ધ્યાનમાં નથી રાખતો અને તેમાં શંકા કરે છે તે જ સૌથી વધારે નુકસાનમાં રહે છે.

કેટલાય લોકો છે કે જેને નેઅમતો આપવામાં આવે છે અને તેના મારફત અઝાબમાં નાખવામાં આવે છે અને કેટલાય લોકો છે કે જે સંકટોમાં સપડાય છે અને આજ આફત તેના હકમાં બરકતનું કારણ બની જાય છે. એટલે એ ફાયદાને શોધનારાઓ ! તમારા શુક્રમાં વધારો કરો અને ઉતાવળ ઓછી કરી દો અને તમારી રોજીની સીમાઓ પર રોકાઈ જાઓ.

**(૨૭૪) ઈલ્મ અને યકીન :**

ખબરદાર ! પોતાના ઈલ્મને અજ્ઞાન ન બનાવો અને પોતાના યકીનને શકમાં ન ગણો. જ્યારે જાણી લો તો અમલ કરો અને જ્યારે યકીન

**યઝીદી કૌમને આલે નબીકો પ્યાસમેં મારા,**
**પિલાતે હૈ મુસલમાં ઈસ લિયે શરબત મુહર્રમમેં.**

(યઝીદની કૌમે નબી(સ.)ની આલને તરસની હાલતમાં મારી નાખી તેથી તો મુસલમાનો મોહર્રમના મહિનામાં લોકોને શરબત પીવડાવે છે.)

થઈ જાય તો કદમ આગળ વધારો.

**(૨૭૫) લોભ લાલચ :**

લાલચ જયાં ઉતારી દે છે ત્યાંથી નીકળવા નથી દેતી અને આ એક એવી જામીન છે કે જે વફાદાર નથી કેમકે કદી કદી તો પાણી પીવાવાળાને તૃપ્ત થવા પહેલાં જ ઓતરાશ જાય છે અને જેટલા પ્રમાણમાં કોઈ પ્રિય વસ્તુનું માન સ્થાન વધારે હોય છે તેના ગુમ થવાનું દુઃખ વધારે થાય છે. આકાંક્ષાઓ અંતર ચક્ષુઓને આંધળા બનાવી દે છે અને જે કંઈ નસીબમાં હોય છે તે વગર પ્રયત્ને પણ મળી જાય છે.

**(૨૭૬) બાહ્ય અને આંતરિક :**

અય ખુદા ! હું એ વાતથી તારી પનાહ માગું છું કે લોકોની જાહેર દૃષ્ટિમાં મારું જાહેર સુંદર હોય અને જે ગુપ્ત તારા માટે છુપાવેલું છે તે કદરૂપું હોય. હું લોકોને દેખાડવા માટે એ વસ્તુઓની સંભાળ રાખું છું કે જેને તું જાણે છે કે લોકોની સામે સારો હોવાનો દેખાવ કરું અને તારા દરબારમાં સૌથી ખરાબ કર્મો સાથે હાજર થાઉં, તારા બંદાઓથી નિકટતા મેળવું અને તારી મરજીથી દૂર થઈ જાઉં.

**(૨૭૭) એક સોગંદ :**

એ જાતની કસમ કે જેના સદકાથી અમે અંધારી રાતના આ બાકીના ભાગને પસાર કરી દીધો છે કે જે પૂરો થતાં જ ઉજવળ દિવસ પ્રગટ થશે આમ અને આમ નથી થયું.

**(૨૭૮) ફાયદામંદ અમલ :**

થોડું કામ કે જેને નિયમિત કરવામાં આવે એ સંખ્યાબંધ કામથી ઉત્તમ છે કે જેનાથી માણસ કંટાળી જાય.

**(૨૭૯) ફરજોનું મહત્વ :**

જયારે નાફેલાના કારણે ફરજોને નુકસાન પહોંચે તો તેને મૂકી દો.

**(૨૮૦) આખેરતની તૈયારી :**

જેને સફરના અંતરનું ભાન છે તે એ મુજબ તૈયારી પણ કરે છે. ✻

## પયગામ કરબલા હૈ

*વાજિબ હમપે પહેલા અહ્કામ કરબલા હૈ,*
*વહદાનીયતકા દેખો પયગામ કરબલા હૈ.*

*દેખો ઝબીહકે બદલે ઝિબ્હ હુએ હૈ અકબર,*
*આગાઝ ગર મીના હૈ, અંજામ કરબલા હૈ.*

*તેરહ રજબસે કા'બા તો હો ગયા અલીકા,*
*કા'બેને કહા અબ તો ઈસ્લામ કરબલા હૈ.*

*લાખો પયંબરોકી મહેનતકો જમા કર કે,*
*દેના ઉસે હો નામ તો વો નામ કરબલા હૈ.*

*કિતને નબી યહાંપે યે સોચકે ન ઠેહરે,*
*આખર નબીકે લાલકા મકામ કરબલા હૈ.*

*પ્યાસોકી બસ્તીમેં ચલ હમ પ્યાસકો બુઝાએ,*
*સયરાબ હો અજલ તક વો જામ કરબલા હૈ.*

*ઉઠા જો યહાં ગીરકે વો લૌટા વલી બનકે,*
*અલ્લાહકી માઅરેફતકા ઈલ્હામ કરબલા હૈ.*

*ઉતરે ના ઈસ ઝમીંપે ક્યું ખુલ્દકી બહારે?*
*યું મકસદે રબ, મર્કઝે ઈમામ કરબલા હૈ.*

*ઝયનબ ગઈ જહાં ભી કરબલ વહીં બનાયા,*
*વો કુફા વો મદીના વો શામ કરબલા હૈ,*

*યા રબ ! મેરા અકીદા કાયમ હો કરબલાપે,*
***'માસૂમ'**કી અકીદતકા ઈનામ કરબલા હૈ.*

- માસૂમ મહેરપુરી

**મુસલમાં ભૂકે પ્યાસોંકો ખિલાતે હૈ પિલાતે હૈ,**
**નઝર આતી હૈ હર સૂ ખૈરકી સૂરત મુહર્રમમેં.**

(મુસલમાન ભૂખ્યા અને તરસ્યા લોકોને ખાવાનું ખવડાવે છે અને પીવડાવે છે તેથી તો મોહર્રમના મહિનામાં દરેક ઠેકાણે ભલાઈનાં દૃષ્યો નજરે પડે છે.)

# અરબી મૂળાક્ષરોનો પરિચય

### غ ગૈન

**'ગૈન'** ઉર્દૂ ભાષાનો પચ્ચીસમો, ફારસીનો બાવસીમો અને અરબીનો ઓગણીસમો મૂળાક્ષર છે. તેને **ગૈને મુઅજજમા** અને **મન્કૂત** પણ કહેવાય છે. અબ્જદના હિસાબે તેના અદદ ૧૦૦૦ (એક હજાર) નક્કી થયેલ છે. આ મૂળાક્ષર કમરી છે. તેની આગળ જો અલ (ال) પ્રત્યય લગાડવામાં આવ્યો હોય તો 'લામ' તેનો ઉચ્ચાર પ્રદર્શિત કરશે જેમકે અલ+ગયાસ=અલગયાસ. ગળામાંથી કાંગળા કરતા હોય એ રીતે **'ઘ'** જેવો ઉચ્ચાર કરવાથી ગૈનનો ઉચ્ચાર મળે છે.

### ف ફે

**'ફે'** ઉર્દૂ તખ્તીનો છવ્વીસમો, ફારસીનો તેવીસમો અને અરબીનો વીસમો મૂળાક્ષર છે. અબ્જદના હિસાબે 'ફે'ના અદદ ૮૦ (એંશી) નક્કી થયેલ છે. અરબીમાં 'ફે' હુરૂફે નતાઈઝ તરીકેનું (પરિણામ-સમાપ્તિનું) કામ કરે છે અને 'પછી', 'ત્યારે', 'પ્રતિ', 'માટે', 'આથી'નો અર્થ પ્રદર્શિત કરે છે. કેટલીક વખત તે બે, પે, ખે, વાવ, હે અને યે સાથે બદલાઈ જાય છે. આ કમરી હર્ફ છે અર્થાત જો તેના પહેલાં 'અલ' આવે તો તેનો ઉચ્ચાર થાય છે જેમકે અલ+ફજર=અલફજર. ગુજરાતી ભાષાના 'ફ' જેવો ઉચ્ચાર કરવાથી 'ફે'નો ઉચ્ચાર પ્રાપ્ત થાય છે.

### ق કાફ

**'કાફ'** ઉર્દૂનો સત્તાવસીમો, ફારસીનો ચોવીસમો અને અરબીનો એકવીસમો મૂળાક્ષર છે. અબ્જદના હિસાબથી તેના અદદ ૧૦૦(એકસો) થાય છે. અરબીમાં આ કમરી હુરૂફમાં ગણાય છે તેથી તેના પહેલાં 'અલ' પ્રત્યય લગાડવામાં આવે તો 'લામ'નો ઉચ્ચાર કરવામાં આવશે. દા.ત. અલ+કમર=અલકમર. ઊંડા ગળામાંથી અંગ્રેજી **Q** (ક્યૂ) જેવો ઉચ્ચાર કરવાથી કાફનો ઉચ્ચાર મળે છે.

### ک છોટા કાફ

**'કાફ'(નાનો)** ઉર્દૂનો અઠ્ઠાવીસમો, ફારસીના પચ્ચીસમો અને અરબીનો બાવીસમો મૂળાક્ષર છે. અબ્જદના હિસાબથી તેના અદદ ૨૦ (વીસ) નક્કી કરવામાં આવેલ છે. આ કમરી હુરૂફમાંથી છે. જો આ મૂળાક્ષર પહેલાં અલ ( ال) લગાડવામાં આવે તો 'લામ'નો ઉચ્ચાર થશે જેમકે અલ+કૌસર =અલકૌસર. ઉર્દૂમાં આ મૂળાક્ષર છેલ્લે આવીને ઈસ્મે કૈફિયતનો અર્થ આપે છે જેમકે ઠંડક. અરબીમાં ફક્ત ચાર મર્કબની રીતે ઉપયોગ થાય છે. આ નાના કાફનો ઉચ્ચાર ગુજરાતી ભાષાના **'ક'** જેવો થાય છે.

### ل લામ

**'લામ'** ઉર્દૂનો ત્રીસમો, ફારસીનો અઠ્ઠાવીસમો અને અરબીનો તેવીસમો મૂળાક્ષર છે. અબ્દજદના હિસાબે તેના અદદ ૩૦(ત્રીસ) માનવામાં આવે છે. અરબીમાં આ મૂળાક્ષર શબ્દની શરૂઆતમાં આવીને **'લી'**નો અર્થ આપે છે. જેમકે **લિલ્લાહ** ( لله ). આ મૂળાક્ષર શવ્વાલ શબ્દની સાથે ભળી જાય છે. આ મૂળાક્ષર શમ્સી છે તેથી એના પહેલાં 'અલ' (ال) પ્રત્યય લગાડવામાં આવે તો 'લામ'નો ઉચ્ચાર થતો નથી અલબત્ત 'લ'થી શરૂ થતા શબ્દ સાથે ભળી જશે. દા.ત. અલ+લતીફ=અલ્લતીફ. લામનો ઉચ્ચાર ગુજરાતી ભાષાના **'લ'** જેવો થાય છે.

### م મીમ

**'મીમ'** ઉર્દૂનો એકત્રીસમો, ફારસીનો અઠ્ઠાવીસમો અને અરબીનો ચોવીસમો મૂળાક્ષર છે. અબ્જદના હિસાબથી તેના અદદ ૪૦ (ચાલીસ) થાય છે. આ કમરી હુરૂફમાંથી હોવાથી જો તેની આગળ 'અલ' ( ال) લગાડવામાં આવે તો 'લ'નો ઉચ્ચાર થશે, જેમકે અલ+મર્કઝ=અલમર્કઝ. આ મૂળાક્ષર જો કોઈ અરબી અક્ષરના પ્રારંભમાં ઝબરની સાથે આવે તો તેને **ઈસ્મે ઝરફ** અથવા **ઈસ્મે મફઉલ** બનાવી દે છે જેમકે મજલિસ, મઝલૂમ અને જો તે પેશની સાથે આવે તો **ઈસ્મે ફાઅલ** બનાવી દે છે જેમકે મુહાફિઝ, 'મીમ'નો ઉચ્ચાર ગુજરાતી ભાષાના **'મ'** જેવો થાય છે. *



પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા સાહેબ(રહે.) રચિત

# જુંબિશે લબ  جُنبشِ لب

## નઝમ ૧૬

### બહુઝૂર હઝરત ઈમામ મૂસા કાઝિમ(અ.)

| | |
|---|---|
| اے امامِ ہفتمیں، اے سرورِ عالی نسب | **અય ઈમામે હફતમીં, અય સરવરે આલી નસબ,** |
| جانشینِ مصطفےٰ ہے تو بھی مثلِ جدّواب | **જાનશીને મુસ્તફા હૈ તૂ ભી મિસ્લે જદ્દો અબ.** |

(અય સાતમા ઈમામ હઝરત મૂસા કાઝિમ(અ.) ! અય ઉચ્ચ ખાનદાન ધરાવનાર સરદાર ! આપ પોતે પણ આપના નાના અને પિતાની માફક હઝરત મોહંમદ મુસ્તફા(સ.)ના જાનશીન (ઉત્તરાધિકારી) છો.)

| | |
|---|---|
| کاظمین الغیظ کا سرخیل ہے تو بالیقیں | **કાઝમીનલ ગૈઝકા સરખૈલ હૈ તૂ બિલ્યકીં,** |
| انتہا یہ ہے کہ تیرا ہوگیا، کاظم لقب | **ઈન્તેહા યે હૈ કે તેરા હો ગયા કાઝિમ લકબ.** |

(આપ ચોક્કસપણે કુરઆનમાં આવેલ '**કાઝિમીનુલ ગૈઝ**' (ગુસ્સાને પી જનારાઓ)ની આયતના સરદાર છો. પરાકાષ્ઠા તો એ છે કે આપનો લકબ (ઉપનામ) જ **કાઝિમ** (ગુસ્સાને પી જનાર) બની ગયો છે.)

| | |
|---|---|
| کوئی حد مولیٰ ترے صبرو تحمّل کی نہیں | **કોઈ હદ મૌલા તેરે સબ્રો તહમ્મુલકી નહીં,** |
| قیدمیں تونے گزاری زندگانی سب کی سب | **કૈદમેં તૂને ગુઝારી ઝિંદગાની સબકી સબ.** |

(અય મૌલા ! આપના ધૈર્યની અને સહિષ્ણુતાની કોઈ હદ બાકી રહી નથી. આપે તો આપનું આખે આખું જીવન કેદખાનામાં જ પસાર કરી દીધું.)

| | |
|---|---|
| تیری ذاتِ پاک کو حق نے کیا معجز نما | **તેરી ઝાતે પાકકો હકને કિયા મોઅજિઝનુમા,** |
| دفع کر سکتا تھا تو اعجاز سے رنج وتعب | **દફઅ કર સકતા થા તૂ એઅજાઝસે રંજો તઅબ.** |

(અલ્લાહ તઆલાએ આપની પવિત્ર જાતને ચમત્કાર દર્શાવનાર બનાવી દીધી છે. આપ ચમત્કારથી આપનાં દુ:ખોને અને તકલીફોને દૂર કરવા સમર્થ હતા.)

| | |
|---|---|
| تھی مگر مانع تجھے مرضیٔ خلّاقِ قدیر | **થી મગર માને' તૂઝે મર્ઝીએ ખલ્લાકે કદીર,** |
| ورنہ تو برباد کر دیتا عدو کو کیا عجب | **વર્ના તૂ બરબાદ કર દેતા અદૂકો ક્યા અજબ.** |

(પરંતુ આપને રોકનાર તો માત્ર સર્વશક્તિમાન સર્જનહાર અલ્લાહ તઆલાની મરજી જ હતી નહિતર આપ દુશ્મનને બરબાદ કરી નાખત તો તેમાં કોઈ નવાઈ જેવી બાબત ન હતી.)

| | |
|---|---|
| دشمنوں کے ساتھ وہ تیرا کریمانہ سلوک | **દુશ્મનોં કે સાથ વો તેરા કરીમાના સુલૂક,** |
| جورِ بےحد پر وہ تیرا سجدۂ صد شکرِ رب | **જોરે બેહદ પર વો તેરા સજદએ સદ શુક્રે રબ.** |

(દુશ્મનો સાથેનો આપનો એ મહેરબાનીભર્યો વ્યવહાર તેમજ દુશ્મનોની હદ વગરની એ બળજબરી ઉપર અલ્લાહની બારગાહમાં કરેલા તારા એ શુક્રના હજારો સિજદાઓ (ને દુનિયા યાદ કરે છે).)

کون ہے مولیٰ زمانے میں ترا مثل ونظیر — કૌન હૈ મૌલા ઝમાનેમેં તેરા મિસ્લો નઝીર,

سارے عالم میں تری ذاتِ گرامی منتخب — સારે આલમમેં તેરી ઝાતે ગિરામી મુન્તખબ.

(અય મૌલા કાઝિમ(અ.) ! જમાનામાં આપની બરોબરી કરી શકે તેવો અને સમકક્ષ કોણ છે ? સમગ્ર વિશ્વમાં આપનું મહાન વ્યક્તિત્વ અલ્લાહ તઆલા દ્વારા પસંદ થયેલું છે.)

روضۂ اقدس ترا باب الحوائج ہے شہا — રૌઝએ અકદસ તેરા બાબુલ હવાએજ હૈ શહા,

حاجتیں بر آئیں حاجت مند آیا در پہ جب — હાજતેં બર આઈં હાજતમંદ આયા દર પે જબ.

(અય બાદશાહ ! આપનો પવિત્ર રોઝો તો મુરાદો પૂરી થવાનો દરવાજો ગણાય છે. જ્યારે કોઈ હાજતમંદ આપના દ્વારે આવે છે તો તેની હાજતો પૂરી થઈ જાય છે.)

تو بھی سر کو رکھدے شہ کے آستاں پر اے ظہیر — તૂ ભી સરકો રખ દે શેહકે આસ્તાં પર અય 'ઝહીર',

دور ہو جائیں گے دم کے دم میں سب رنج وتعب — દૂર હો જાએંગે દમકે દમમેં સબ રંજો તઅબ.

(અય 'ઝહીર' ! તમે પણ તમારા મસ્તકને શાહની ચોખટ ઉપર મૂકી દો. પળવારમાં જ તમારાં બધાં જ દુ:ખો અને તકલીફો દૂર થઈ જશે.) *

## 'જાફરી આવાઝ'(માસિક)ના લવાજમ અંગે

દર વર્ષની માફક 'જાફરી આવાઝ'(માસિક)નું લવાજમ મોહર્રમ માસથી લેવાનું નક્કી કરેલ છે. તે રીતે ચાલુ વર્ષે પણ મોહર્રમથી મોહર્રમ એક વર્ષ ગણવામાં આવશે. ચાલુ વર્ષથી **વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-** નક્કી કરેલ છે. જે મોહર્રમ માસની ૩૦ તારીખ સુધીમાં (એટલે કે તા.૬-૧-૨૦૧૧ સુધીમાં) જે જૂના ગ્રાહકોનું વાર્ષિક લવાજમ આવ્યું હશે તે ગ્રાહકો ગ્રાહક તરીકે ચાલુ રહેશે. નવા ગ્રાહકોને **માર્ચ-૨૦૧૧થી** અંક મોકલવામાં આવશે. ઉપરોક્ત દર્શાવેલી તારીખ સુધીમાં એટલે કે તા.૬-૧-૨૦૧૧ સુધીમાં જે જૂના ગ્રાહકોનાં લવાજમ આવ્યાં હશે તેમને જ અંક મોકલવામાં આવશે, જેની દરેકે નોંધ લેવી. મહેરબાની કરીને સમય મર્યાદા પછી લવાજમની રકમ મોકલવી નહીં. સમય મર્યાદા પછી આવેલ લવાજમ સ્વીકારવામાં આવશે નહીં. આપનું લવાજમ આપના ગામના મુખી/મોલ્વી સાહેબ, આપના વિસ્તારના માનદ્ પ્રતિનિધિ અથવા જાફરીબાગ, સિધ્ધપુરને સમય મર્યાદામાં આપી દઈને સહકાર આપવા વિનંતી છે. દરેક ગામના મુખી/મોલ્વી સાહેબ ઉપર જૂના ગ્રાહકોની યાદીની નકલ મોકલી આપવામાં આવેલ છે. આપ સૌએ ભૂતકાળમાં અમને જે રીતે સાથ અને સહકાર આપ્યો છે એ રીતે આપતા રહેશો એવી અપેક્ષા રાખીએ છીએ. **-વ્યવસ્થાપક જાફરી આવાઝ(માસિક)**

# તૌહીદ

લેખન

મોલ્વી અકબરઅલી મીચાંજી સુણસરા (ભાંગરોડીયા)

(ગતાંકનું ચાલુ)

મનકુલ છે કે એક માણસને યહૂદીઓના એક આલિમે પૂછ્યું કે ખુદા ક્યાં છે? તે માણસે જવાબ આપ્યો કે આસમાન ઉપર અર્શ છે તેની ઉપર છે. આ સાંભળીને યહૂદીના આલિમે કહ્યું કે એનો અર્થ એ કે શું ખુદા જમીનમાં નથી? તે વખતે તે માણસે કહ્યું, તારો કલામ બેદીન જેવો છે. માટે તું મારી પાસેથી દૂર થા, નહીં તો હું તને કતલ કરી નાખીશ. આ સાંભળીને યહૂદી આલિમ ઈસ્લામ ઉપર હસતો હસતો જતો હતો. રસ્તામાં મુશ્કિલકુશા મૌલાએ કાઈનાત હઝરત અલી(અ.) સાથે તેની મુલાકાત થઈ. તે વખતે હઝરત અલી(અ.)એ તે યહૂદીને ફરમાવ્યું, તારો સવાલ અને તે માણસનો જવાબ મેં સાંભળ્યો પણ તારા સવાલનો જે જવાબ છે તે મારાથી સાંભળ કે ખુદાએ તઆલા માટે ખાસ કોઈ મકામ નથી તેમ તેનાથી કોઈ મકામ ખાલી નથી અને તે આપણી સાથે છે બલ્કે તેનું ઈલ્મ અને તેની કુદરત આપણાથી સંબંધ રાખે છે.

તૌરેતમાં લખેલું છે કે હઝરત મૂસા(અ.)ની પાસે ચાર ફરિશ્તા બેઠેલા હતા. તેમને હઝરત મૂસા(અ.)એ પૂછ્યું કે આ વખતે તમે ક્યાંથી આવ્યા છો? એક ફરિશ્તાએ જવાબ આપ્યો કે હું સાતમા આસમાનથી ખુદા પાસેથી આવું છું. બીજા ફરિશ્તાએ કહ્યું હું પૂર્વ દિશાની છેલ્લા ભાગની જમીનમાંથી ખુદા પાસેથી આવું છું. ત્રીજા ફરિશ્તાએ કહ્યું કે હું પશ્ચિમ દિશાની છેલ્લા ભાગની જમીનમાંથી ખુદા પાસેથી આવું છું. ચોથા ફરિશ્તાએ કહ્યું કે હું સાતમી જમીનમાંથી ખુદા પાસેથી આવું છે. આ સાંભળીને હઝરત મૂસા(અ.)એ કહ્યું, પાક છે એ ખુદા કે જેનાથી કોઈ પણ જગ્યા ખાલી નથી. તે વખતે યહૂદીએ આ કોલની સચ્ચાઈ કબૂલ કરી કે અલ્લાહ દરેક જગ્યા ઉપર મોજુદ છે.

જે રીતે જમીનવાળા પોતાની આંખોથી જોવા માટે લાચાર છે એવી જ રીતે આસમાનવાળાઓ પણ ન તો તેને આજ સુધી જોઈ શક્યા છે કે ન તો કદી જોઈ શકશે. અલ્લાહ તો ફક્ત તેના ગુણોથી ઓળખાય છે. અલ્લાહનો ગુણ છે મોહંમદ વ આલે મોહંમદ.

અલ્લાહનાં વખાણ આપણી અલ્પ અને પામર બુધ્ધિથી શું થઈ શકે કે જે સમગ્ર સૃષ્ટિનો સર્જનહાર છે, પાલનહાર છે, પોતાના બંદાઓ ઉપર મહેરબાન છે. અલ્લાહ તો એટલો બધો મહાન છે કે તે આપણી કલ્પના શક્તિમાં પણ સમાઈ શકતો નથી. અલ્લાહના નૂરાની બંદાઓએ અલ્લાહની મહાનતાનો ચિતાર આપણી સમક્ષ રજૂ કર્યો છે. તેના ઉપરથી તેની મહાનતાનો આછેરો ખ્યાલ આપણને આવી શકે છે. આપણને અલ્લાહની મહાનતાનો ચિતાર પીરોએ બતાવ્યો છે. પીર મશાયખ(રહે.) બાવા હિદાયતનામાના બયાનમાં લખે છે :

**જીરે, કેણાં આખર રે તમે; તમો અંત હો અંતે,**
**અંતે નાં અંતે રે, તેને અમો હે જાણા;**
**જીરે, જાણા અંતે રે અમો, તમો ખાલિક રાજા,**
**જો નજર તમારી તો, એક પરમાણા.**

અર્થ : અમારું કહેવું છે કે અંતે પણ તું એકલો

**ખુદાએ લમ્યઝલ દેતા હૈ ઉનકો અજ્રે બેપાયાં,**
**જો કરતે હૈ અઝાદારોંકી ખુદ ખિદમત મોહર્રમમેં.**

(જેનો કદી વિનાશ થવાનો નથી તેવો અવિનાશી ખુદા એ લોકોને પુષ્કળ વળતર આપે છે કે જે લોકો મોહર્રમના મહિનામાં ઈમામ હુસૈન(અ.)ના અઝાદારોની જાતે જ ખિદમત કરે છે.)

જ છે તે બાબત અમે જાણી છે. છેવટે અમે એ જાણી લીધું છે કે તું જ અમારો સર્જનહાર અને રાજા છે. તારી દૃષ્ટિ દરેક માટે એક સમાન છે.

દુનિયાની આખીય વ્યવસ્થામાં આદિથી અંત સુધી એક સરખું સર્જન જોઈને કોઈ પણ માણસ એમ કહી શકે એમ છે કે તેનો સર્જક કોઈ એક જ છે. અલ્લાહ કુરઆનમાં ફરમાવે છે :

**લવ કાના ફીહિમા આલેહતુન ઈલ્લલ્લાહો લફસદતા.** (પારો-૧૭, આયત-૨૨)

જો આ જમીન અને આ આકાશના એકથી વધારે માલિક હોત તો એ બન્ને વચ્ચે આ લાખો વર્ષોમાં કોઈ ન કોઈ કાળે તો જરૂર મતભેદ પડ્યા હોત આપણે જાણીએ છીએ સૃષ્ટિના ક્રમમાં કશો ઝઘડો થયો હોવાનું અને તેનામાં ફેરફાર કર્યાનું ઈતિહાસમાં ક્યાંય જાણવા મળ્યું નથી. સૃષ્ટિના ક્રમમાં જે સરખાણું છે એ જ એક ખુદાની તૌહીદની મોટામાં મોટી દલીલ છે. ધર્મનો પાયો, દીને ઈસ્લામનો પાયો, દીનની બુનિયાદની પ્રથમ ઈંટ છે અલ્લાહના અસ્તિત્વનો સ્વીકાર કરવો તે. એ વગર ધર્મની ઈમારત ઊભી કરી શકાતી જ નથી. અગર ખુદાની તૌહીદનો ઈન્કાર કરવામાં આવે તો નબી અથવા રસૂલ, ધર્મના કાનૂનો, કયામત, હિસાબ કિતાબ અને પાપ પુણ્યની તમામ વાતો નિરર્થક થઈ જાય છે.

એક વખત હઝરત રસૂલે ખુદા(સ.)ને મૌલાએ કાઈનાત હઝરત અલી(અ.)એ પૂછ્યું, યા રસૂલિલ્લાહ ! 'વફા' શી ચીજ છે ? અલ્લાહના નબીએ જવાબ આપ્યો, તૌહીદ. ખુદાને એક કરી જાણવો અને તેની વહેદાનિયત અને યકતાઈની સાક્ષી આપવી.

## મહેફિલે માઅસૂમીન(અ.)

**શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા દ્વારા તા.૮-૦૧-૨૦૧૧ને શનિવારની રાત્રે મકામે એહલેબયત, તેજપુરા મુકામે મજલિસ તથા મોહંમદ વ આલે મોહંમદની ફઝીલતમાં શેર-શાયરીનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. તો આ કાર્યક્રમમાં હાજર રહેવા તમામ મોમિન ભાઈ બહેનોને હાર્દિક આમંત્રણ છે. તદુપરાંત શેર - શાયરી પઢવા ઈચ્છતા મોમિન ભાઈ બહેનોએ નીચે દર્શાવેલ મોબાઈલ નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.**

| | |
|---|---|
| શેરઅલી વિજાપુરા | ૯૪૨૭૬૧૮૧૧૦ |
| ઈસ્માઈલહુસૈન ડોડીયા | ૯૪૨૭૬૯૬૯૬૦ |

હઝરત અલી(અ.) ઈરશાદ ફરમાવે છે : **અવ્વલુદીના માએરફતહુ.** દીનની બુનિયાદ અલ્લાહની ઓળખ અને તેના અસ્તિત્વના એકરારમાં છે. સાથે સાથે આ વાતનો પણ એકરાર કરવો જોઈએ કે અલ્લાહે આખીય સૃષ્ટિનું હેતુસર અને સત્તા સાથે સર્જન કર્યું છે. કેટલીક વાર વાતાવરણની ખોટી અસર ઈન્સાનને મુંઝવણમાં મૂકે છે. જ્ઞાન અને બુધ્ધિની મર્યાદાનો ખ્યાલ નહીં કરતાં વધારે પડતો ઘમંડ રાખનારા અને સાગરને ગાગરમાં સમાવવાનો મિથ્યા પ્રયાસ કરનારાઓ જ કેવળ અલ્લાહના અસ્તિત્વનો ઈન્કાર કરે છે. પણ જ્યારે એવા જ માણસો કુદરતી કોપનો શિકાર બને છે અથવા સાંસારિક આપત્તિઓ એમની દશા બગાડીને એમને ખૂબ દુઃખભરી મુંઝવણમાં મૂકી દે છે ત્યારે તેમને અગમ્ય શક્તિનો એકરાર કરવો પડે છે અને તેની સહાયતા માટે યાચના કરવી પડે છે. એવી જ રીતે અઈમ્મએ માસૂમીન(અ.)નો આ દલીલમાં ઈશારો આપવામાં આવ્યો છે. (ક્રમશઃ)

**યું હી બેહતે રહેંગે યે હુસૈની ફૈઝકે ચશ્મેં,**
**કિયામત તક પિલાયા જાયેગા શરબત મુહર્રમમેં.**

(આવી રીતે હુસૈની દાનશીલતાનાં ઝરણાં વહેતાં જ રહેવાનાં અને કયામતના દિવસ સુધી મોહર્રમ મહિનામાં શરબત પીવડાવવામાં આવશે.)

ફારસીના મહાન કવિ શેખ સાઅદીની

# શાયરીનો રસાસ્વાદ

**'ગુલિસ્તાન'માંથી પસંદ કરેલ પંક્તિઓ**

## Hope (આશા)

**سگی را گـر کـلـوخـی بـر سـر آیـد**
**ز شادی بر جهد کین استخوانی اسـت**
**و گر نعشی دو کس بر دوش گیـرنـد**
**لئیم الطّبع پندارد کـه خوانی است**

**સગી રા ગર કલુખી બર સર આયદ**
**ઝ શાદી બર જહદ કીન ઈસ્તખ્વાની અસ્ત**
**વ ગર નઅશી દો કસ બર દોશ ગૈરનદ**
**લઈમુલ તબઅ પંદારદ કે ખ્વાની અસ્ત**

(જ્યારે કૂતરાના મોઢા ઉપર પથ્થરનો પ્રહાર કરવામાં આવે છે તો તે એવું વિચારીને આનંદપૂર્વક કૂદે છે કે તે હાડકાનો ટુકડો હશે; અને જ્યારે બે માણસો તેમના ખભા ઉપર કોઈ મૈયતને ઉપાડીને લઈ જાય છે ત્યારે કોઈ દરિદ્ર અને દુષ્ટ માણસ એવું વિચારશે કે તે તેના માટેનો ભોજન થાળ છે.)

**ز کارِ بسته مینديش و دل شکسته مدار**
**که آبِ چشمهٔ حیـوان درونِ تاریکیسـت**

**ઝ કારે બસ્તા મયન્દીશ વ દિલ શિકસ્તા મદાર**
**કે આબે ચશ્માએ હૈવાન દરવને તારીકીસ્ત**

(તમારી નિષ્ફળતાઓને કારણે હતાશ ન થતા અને સંતાપ ન અનુભવતા કારણ કે આબે હયાત* અંધકારભર્યા વિસ્તારોમાં (ઝુલ્મતમાં) પણ અસ્તિત્વ ધરાવતું હોય છે.)

**بـنـی آدم اعـضـای یکدیگرنـد**
**کـه در آفرینش ز یک گـوهـرنـد**
**چـو عضوی بـه درد آورد روزگار**
**دگـر عـضـوهـا را نـمـانـد قـرار**
**توکز محنت دیگران بی غـمـی**
**نشایـد کـه نامـت نهـنـد آدمـی**

**બની આદમ અઅઝાઈ યકદીગર નદ**
**કે દર આફરીનશ ઝ યક ગૌહર નદ**
**ચુ અઝવી બા દરદ આવર્દ રોઝગાર**
**દિગર અઝુહા રા નમાનદ કરાર**
**તૌકિઝ મેહનત દીગરાન બી ગમી**
**નશાયદ કે નામત નહનદ આદમી.**

(મનુષ્યો એક જ શરીરના જુદા જુદા અવયવો સમાન છે કેમકે તેમને બધાને એક જ તત્વ (માટી)માંથી પેદા કરવામાં આવ્યા છે. જ્યારે દુનિયા કોઈ એક અવયવને ઈજા પહોંચાડે છે ત્યારે બીજા અવયવો નિરાંત અનુભવતા નથી. તું કે જે અન્ય લોકોની યાતનાઓ પ્રત્યે ઉદાસીન છે, તું માણસ કહેવાને લાયક નથી.)

નોંધ : ઉપરોક્ત પંક્તિઓ યુનાઈટેડ નેશન્સ **(UNO)**ના એસેમ્બલી હૉલના પ્રવેશદ્વારની શોભામાં વધારો કરે છે.)

**بـه صـورت آدمـی شـد قطـرهٔ آب**
**که چِل روزش قرار انـدر رَحِمِ ماند**

* આબે હયાત એવા પાણીને કહે છે કે જેને પીવાથી માણસ અમર બની જાય છે.

**ઈલાહી ! જલ્દ આયેં મુન્તકિમ ખૂને હુસૈનીકા,**
**નસીબોં દુશ્મનાને આલ હો ઝિલ્લત મુહર્રમમેં.**

(યા ઈલાહી આલમીન ! ઈમામ હુસૈન(અ.)ના ખૂનનો બદલો જેમ બને તેમ જલ્દી આપી દેજે. નબી(સ.)ની આલના દુશ્મનોનાં નસીબ મોહર્રમમાં બદનામ થઈ જાય.)

**وگر چِل ساله را عقل و ادب نیست**
**به تحقِیقش، نشایـد آدمـی خوانـد**

**બા સૂરત આદમી શદ કત્રએ આબ**
**કે ચેલ રોઝશ કરાર અંદર રહમે માનદ**
**વગર ચેલ સાલહ રા અકલ વ અદબ નીસ્ત**
**બો તેહકીકશ, નશાયદ આદમી ખ્વાનદ**

(એક પાણીનું ટીપુ (વીર્ય) ગર્ભાશયમાં ચાલીસ દિવસ સુધી રહીને માનવ આકાર ધારણ કરે છે પરંતુ માણસ કે જે ચાલીસ વર્ષની ઉંમરનો થયો હોવા છતાં ય વિવેકબુધ્ધિ અને શિષ્ટાચારથી વંચિત હોય છે. તે ખરેખર તો માણસ કહેવાવાને લાયક નથી.)

**جوانمـردی و لـطـف اسـت آدمیـت**
**همیـن نقـش هیـولایـی مـپنـدار**
**هنر باید، که صورت می توان کرد**
**بـه ایوانها در از شنگـرف و زنـگار**
**چو انسان را نباشد فضل و احسـان**
**چه فرق از آدمـی تـا نقـش دیـوار؟**
**بـه دسـت آوردن دنیـا هـنر نیسـت**
**یکـی را گـر توانَی، دل بـدسـت آر**

**જવાંમર્દી વ લુત્ફ અસ્ત આદમીયત**
**હમીન નકશ હૈવલાયી મપન્દાર**
**હુનર બાયદ કે સૂરત મી તવાન કર્દ**
**બો ઐવાનહા દર અઝ શંગરફ વ જંગાન**
**ચુ ઈન્સાન રા નબાશદ ફઝલો એહસાન**
**ચે ફરક અઝ આદમી તા નકશે દીવાર**
**બો દસ્ત આવર્દનો દુન્યા હુનર નીસ્ત**
**યકી રા ગર તવાની દિલ બદસત આર**

(માનવતા, આઝાદી અને દયાભાવથી બનેલી છે. એવું કદી ન વિચારો કે તે માત્ર એક ભૌતિક સ્વરૂપ છે. સદ્ગુણો હોવા અત્યંત આવશ્યક છે કેમકે રાજમહેલની દીવાલો ઉપરનાં ચિત્રો સિંદુર અને મોરથૂથુની મદદથી દોરવામાં આવે છે. જો માણસ શ્રેષ્ઠતા અને પરોપકારના ગુણો ધરાવતો ન હોય તો પછી તેનામાં અને દીવાલ ઉપર દોરેલી આકૃતિઓમાં શું ફેર રહ્યો ? દુન્યવી ધન સંપત્તિ ભેગી કરવી એ જીવનની પરિપૂર્ણતા નથી. બીજું કંઈ નહીં તો એકાદ માણસના દિલને જીતી લે.) ✻


**ભોરણીયા સાદિકઅલી આર.**
મો.૯૯૦૯૪૮૮૨૨૫
૯૯૨૪૪૧૮૨૪૩

**બાલીસણા ઝાકિરહુસૈન જી.**
મો.૯૪૨૯૫૨૯૪૧૦
૯૪૨૮૮૪૯૪૭૭

**ન્યુ ચિરાગ ઈલેક્ટ્રીક**
**(સેલ્સ & સર્વિસ)**
**L.E.D. ડેકોરેશન**

અમારે ત્યાં ઈલેક્ટ્રીક સામાન, રિચાર્જેબલ ટોર્ચ તેમજ હોટલ, દરગાહ, ઝરીહ મુબારક કે ઈમામવાડાને લગતું L.E.D. સીરીઝનું દરેક પ્રકારનું કામ હોલસેલ તેમજ રીટેઈલ ભાવે કરી આપવામાં આવશે.

**L.E.D. સ્પેશ્યાલિસ્ટ**

**બસ સ્ટેન્ડની બાજુમાં, રીંગલ શોપીંગ સેન્ટર, વડનગર.**


**ઈસ્લામી કવીઝ નં. ૨૦૧ના જવાબો**

(૧) ઉમ્મુલ મસાએબ (૨) હજર મૌત (૩) હઝરત ઈસ્માઈલ(અ.)ના (૪) જન્નતુલ મોઅલ્લા (૫) મસ્જિદે શજરા (૬) ખતીબ

**કિયા હે ઝિક્રે આલે મુસ્તફા અલ્લાહને બરતર,**
**નઝર આતી હે ઉનકે ઝિક્રકી રિફ્અત મુહર્રમમેં.**

(અલ્લાહ તઆલાએ હઝરત મોહંમદ મુસ્તફા(સ.)ના આલના ઝિક્રને શ્રેષ્ઠ બનાવી દીધો છે. તેમના ઝિક્રની બુલંદી મોહર્રમમાં દ્દષ્ટિગોચર થાય છે.)

હઝરત પીર મશાયખ બાવા(રહે.) કૃત.....

# મશાયખવાણી

## તરીકત યા'ને ધરમ મૂલ

● સત ગુરૂ પીર મશાયખ વાચા ●

**બયાન નં.૭૮**

**દેખોને અઝાઝીલ શેતાંન નાંમા,**
**ઉસસુ પહેલા ગુનેકા નાં હુવા થા કાંમા.**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે તમે અઝાઝીલને જુઓ કે જેનું નામ શયતાન રાખવામાં આવેલ છે. આ અઝાઝીલે શયતાન બન્યો તે પહેલાં ગુનાહનું કોઈ કાર્ય કર્યું ન હતું.)

**પણ એણે રે સિજદા આદમકું નાં કીતા,**
**એ ભી કહા થા ઉસકે પહેલે જે મીતા.**

(પરંતુ એ શયતાને હઝરત આદમ(અ.)ની આગળ સિજદો ન કર્યો. જો કે અલ્લાહે જ તેને પહેલાં કોઈની આગળ સિજદો ન કરવાનું કહ્યું હતું.)

**કે મુજ બગેર સિજદા કિસીકું નાં કીજે,**
**કિતાબમાં લખીઆ સો સમજને લીજે.**

(અલ્લાહ તઆલાએ અઝાઝીલને એવું ફરમાવ્યું હતું કે મારા સિવાય બીજા કોઈની આગળ તારો સિજદો ન કરવો. બીજા કોઈની આગળ સિજદો ન કરવાનું કિતાબમાં જે લખાણ હતું તે અઝાઝીલે બરોબર સમજી લીધું હતું.)

**જો લખા સો પહેલા એ અઝાઝીલ જાંના,**
**પણ લખેકા રે ભેદ ઉને નાં પિછાંના.**

(અલ્લાહ સિવાય બીજા કોઈની આગળ સિજદો ન કરવાનું જે પહેલાંનું લખાણ હતું તે અઝાઝીલે જાણી લીધું પરંતુ તે લખાણમાં રહેલું રહસ્ય તેણે જાણ્યું નહીં.)

**જો ભેદ લખેકા ઉસ મન આતા,**
**તો હુકમ પીયાકી બિગત કમાતા.**

(જો અઝાઝીલના મનમાં અગાઉના લખાણનો ભેદ સમજમાં આવત તો તે આદમ(અ.)ની આગળ સિજદો કરવાના અલ્લાહના હુકમની વિગતને તે જાણી લેત.)

**તો તરીકતી હોકર સહી રાહ પાતા,**
**નાં આપ ગમાતા, દોઝખ નાં જાતા.**

(જો અઝાઝીલે અલ્લાહના હુકમનું રહસ્ય જાણી લીધું હોત તો તે તરીકતનો પથિક બનીને સાચો રસ્તો અપનાવી લેત અને તે અલ્લાહની નજરમાં રહેલું પોતાનું સ્થાન ન ગુમાવત અને દોઝખમાં પણ ન જાત.)

**પણ પિછલા રે હુકમ પીયાકા નાં માના,**
**ને પહેલે હુકમ કર કીયા રે ગમાંના.**

(અઝાઝીલે અલ્લાહનો પાછળનો જે હુકમ હતો તે ન માન્યો અને તેણે અલ્લાહના પહેલા હુકમ પર અટલ રહેવાનું ગુમાન કર્યું.)

**શહીદાને રહે હક ઝિંદએ જાવિદ હૈ બેશક,**
**મજાલિસમેં કિયા કરતે હૈ વો શિર્કત મુહર્રમમેં.**

(નિઃશંકપણે જે લોકો અલ્લાહના માર્ગમાં શહીદ થયા છે તે લોકો અજર અને અમર છે. તેઓ બધા મોહર્રમની મજલિસોમાં પણ સહભાગી બને છે.)

છત્રીસ કરોડ કિતાબોનો આલિમ અઝાઝીલ એ રહસ્યને સમજ્યો નહીં કે અલ્લાહ સિવાય બીજા કોઈની આગળ સિજદો ન કરવાનો પ્રથમ હુકમ પણ અલ્લાહનો જ હતો અને હઝરત આદમ(અ.)ની આગળ સિજદો કરવાનો બીજો હુકમ પણ અલ્લાહનો જ હતો.

**તબ જા ને શેતાંન નાંમ ધરાયા,**
**જો રાહ પીયાકી બિગત નાં પાયા.**

(જ્યારે અઝાઝીલને અલ્લાહના માર્ગની સાચી વિગત પ્રાપ્ત ન થઈ અને તેણે અલ્લાહના હુકમનો અનાદર કર્યો તો તેનું નામ શયતાન પાડવામાં આવ્યું.)

**એ રે પટાંતરા સુણ પંથી ભાઈ,**
**ફુરકાંન જેસી કરીએ રે કમાઈ.**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે અય તરીકતના પંથી ભાઈ ! તું અલ્લાહના હુકમના રહસ્યને સાંભળ અને ફુરકાન અર્થાત કુરઆનના હુકમો ઉપર અમલ કરીને આખેરતની કમાણી કર.)

**જો રાહ પીછે રાહ પીયાજી દિખાવે,**
**પંથી વે સાચા જે ઉસ મારગ જાવે.**

(અલ્લાહ તઆલા એક માર્ગ પછી બીજો માર્ગ બતાવતો હોય છે. તરીકતનો સાચો પથિક તો તેને કહેવાય કે જે અલ્લાહે બતાવેલા માર્ગે ચાલે.)

**નહીં તો અઝાઝીલ દેખો ને હાલા,**
**જો હુકમ પીયાકા ઉને નાં સંભાલા.**

(અલ્લાહે બતાવેલા માર્ગે ન ચાલીએ તો અઝાઝીલની જેવી હાલત થઈ એવી આપણી પણ હાલત થાય કેમકે તેણે અલ્લાહના હુકમની સંભાળ લીધી ન હતી, અલ્લાહનો હુકમ માન્યો ન હતો.)

**તો દોઝખી દેખતે, ને દુરિજન કીતા,**
**એ પંથીકું ભુલાવે, હુકમ યું દીતા.**

(જોત જોતામાં તો અલ્લાહે તેને દોઝખી અને દુરિજન-શયતાન બનાવી દીધો. શયતાનનું કાર્ય તરીકતના પથિકોને ગુમરાહ બનાવવાનું છે.)

**તો ફુરકાંન ભેદા નબી મહંમદ લહીએ,**
**જો પીયાને દિખાયા સો ભેદ કહીએ.**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે અય મોમિનો ! જો તમારે ફુરકાન-કુરઆનનો ભેદ જાણવો હોય તો આપણા નબી મોહંમદ મુસ્તફા(સ.)ની પાસેથી મેળવજો કેમકે આપણા નબી આપણને એ જ ભેદ બતાવશે કે જે અલ્લાહે તેમને બતાવ્યો છે.)

**જો ફુરકાંન ભેદ પંથી સમજને ધાવે,**
**તો સહી પંથી આપકું પંથ માંહી પાવે.**

(જો તરીકતનો પંથી કુરઆને મજીદનો ભેદ જાણવા માટે પ્રયત્ન કરે તો તે પોતાની જાતને સાચા પંથી તરીકે તેમજ સાચા પંથમાં જોશે.)

**જો રાહ પહેલીકું મન માંહે રાખે,**
**નો ભેદ ઉસીકા ખોલ કર દાખે.**

(જો કોઈ માણસ શયતાનની માફક પહેલા માર્ગને જ મનમાં રાખે અને તે માર્ગનો ભેદ ખોલીને બતાવે તો...)

**વે હુવા રે શેતાંન પંથી આપે,**
**વે દોઝખ જાવે આપણે રે પાપે.**

(તો તે અલ્લાહના માર્ગનો પંથી નહીં પરંતુ પોતે શેતાનના માર્ગનાં પંથી બની ગયો. તે પોતાના જ પાપે દોઝખમાં જશે.)

**લિબાસે માતમી હો બરેહના સર બરેહના પા હો,**
**અઝાદારોંકી હોતી હે યેહી સૂરત મુહર્રમમેં.**

(શરીર ઉપર માતમી કાળો પોષાક પરિધાન કરેલો હોય, માથું ઉઘાડું હોય અને પગ પણ ઉઘાડા હોય, મોહર્રમના મહિનામાં અઝાદારોની આવી પરિસ્થિતિ હોય છે.)

**એ તરીકતી પંથ એસી હો રાહ,**
**ચલે સોહી જાવે જે મનસું કમાહા.**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે (હે મોમિન બંધુઓ !) તરીકતનો પંથ આવો રસ્તો છે. જે માણસ પોતાના મનથી આખેરતની કમાણીની ઈચ્છા રાખતો હોય તે આ રસ્તા ઉપર ચાલ્યો જાય છે.)

**પીયાજી રે મેરા પંથમેં દિખાવે,**
**જો મન કર ધાવે તો બિગત સું પાવે.**


**-: રે તુંહી :-**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે મારો પીયુજી પથમાં ચાલતી વખતે જ રસ્તો બતાવે છે અને જે પોતાના સંપૂર્ણ મન સાથે આ માર્ગ પર ચાલે તો તે આ પંથની વિગતો મેળવશે.)

**હુકમ પહેલા મન ધર, ભુલા એ શેતાંન રે,**
**ભુલા એ શેતાંન;**
**દુજા હુકમ નાં માંન કર, દોઝખ કીયા મકાંન રે,**
**દોઝખ કીયા મકાંન.**

(અલ્લાહ તઆલાના પહેલા હુકમને જ પોતાના મનમાં ધારણ કરી રાખવાથી શયતાન ભૂલો પડ્યો, ગુમરાહ થયો અને આદમ(અ.)ની આગળ સિજદો કરવાનો અલ્લાહનો બીજો હુકમ ન માનીને શયતાને દોઝખને પોતાનું કાયમી સ્થાન બનાવી દીધું.) ✻

**નન્હે રોઝેદાર**



સલમાબાનુ નજરમોહંમદ ખોરજીયા
માતાઃશહરબાનુ(બાદરગઢ-મુંબઈ)
ઉ.વ. : ૬ રોઝા : ૭



મકબુલફાતમા હસનઅલી
મસી (સુરપુર)
ઉ.વ. : ૯ રોઝા : ૩૦

*તમારું દીની જ્ઞાન ચકાસો.*

# ? ઈસ્લામી કવીઝ નં. ૨૦૧

**(૧) નીચેનામાંથી બીબી ઝયનબ બિન્તે અલી(અ.) સાથે કયો ઈલ્કાબ સંબંધ ધરાવે છે ?**
(A) ઉમ્મુલ મસાએબ (B) ઉમ્મુલ કિતાબ
(C) ઉમ્મુલ બશર

**(૨) બિસ્તરે રસૂલ(સ.) ઉપર હિજરતની રાત્રે હઝરત અલી(અ.) જે ચાદર ઓઢીને સૂઈ ગયા હતા તે ચાદરનું નામ શું હતું ?**
(A) ચાદરે યમાની (B) હજર મૌત
(C) ચાદરે તત્હીર

**(૩) આપણા પયગમ્બર હઝરત મોહંમદ મુસ્તફા(સ.) નીચેનામાંથી કયા પયગમ્બરના વંશમાંથી ઉતરી આવેલ છે ?**
(A) હઝરત ઈબ્રાહીમ(અ.)ના
(B) હઝરત ઈસ્હાક(અ.)ના
(C) હઝરત ઈસ્માઈલ(અ.)ના

**(૪) હઝરત રસૂલે ખુદા(સ.)નાં માતા જનાબે આમેના બિન્તે વહબ કયા કબ્રસ્તાનમાં દફન થયેલ છે ?**
(A) જન્નતુલ મોઅલ્લા (B) જન્નતુલ બકીઅ
(C) ગોરિસ્તાને ગરીબાં

**(૫) મદીના શરીફથી હજ કરવા મક્કા આવતા હાજીએ કઈ મીકાત ઉપરથી એહરામ બાંધવાનો હોય છે ?**
(A) મસ્જિદે તન્ઈમ (B) મસ્જિદે જોહફા
(C) મસ્જિદે શજરા

**(૬) મિમ્બર ઉપર બેસીને ખુત્બો પઢનાર વ્યક્તિને શું કહેવાય છે ?**
(A) ઝાકિર (B) આલિમ (C) ખતીબ

**નબીકો તાઅઝિયત દેતે હૈ રો રો કર મજાલિસમેં,**
**સલફસે હૈ મુસલમાનોંકી યે આદત મુહર્રમમેં.**

(અઝાદારીની મજલિસોમાં રડી રડીને નબી સાહેબને તેમના નવાસાઓનો પુરસો-આશ્વાસન આપવામાં આવે છે. મોહર્રમ મહિનામાં મુસલમાનોની પૂર્વજોના વખતથી આવી આદત પડી ગઈ છે.)

# સર્વશ્રેષ્ઠ સ્મરણ

મૌલાના ઓબયદુલ્લાહ
અમૃતસરી દ્વારા સંપાદિત
**'અર્જહુલ મતાલિબ'**નો અનુવાદ

## જનાબે અમીર(અ.)ના અમલી ફઝાએલનું વર્ણન

### જંગે સિફ્ફીનમાં જનાબે અમીર(અ.)ની શુજાઅત

(ગતાંકનું ચાલુ)

જ્યારે જનાબે અમીર(અ.)ના દોસ્તોએ તેની આ વાતો સાંભળી તો જનાબે અબ્દુલ્લાહ બિન અબ્બાસ તેમની પાસે જવા માટે તૈયાર થયા. જનાબે અમીર(અ.)એ તેમને ફરમાવ્યું, તમે તેમની વાતોનો જવાબ આપવામાં ઉતાવળ ના કરતા. હું તમારી પાછળ પાછળ આવી રહ્યો છું. મારી વાટ જોજો. જ્યારે અબ્દુલ્લાહ બિન અબ્બાસ તેમની પાસે ગયા તો ખારજીઓએ તેમને પૂછ્યું, અય ઈબ્ને અબ્બાસ ! આપ ક્યાંથી તશરીફ લાવ્યા છો ? તેમણે ફરમાવ્યું, હું જનાબે રસૂલિલ્લાહ(સ.)ના જમાઈ અને તેમના પિત્રાઈ ભાઈની પાસેથી આવી રહ્યો છું કે જેઓ આપણા કરતાં વધારે ખુદાને ઓળખે છે અને તેના નબી(સ.)ની સુન્નતને વધારે જાણે છે.

ખારજીઓએ કહ્યું, અય ઈબ્ને અબ્બાસ ! અમે એક મોટા ગુનાહથી તૌબા કરી છે કેમકે અમને ખુદાના દીનમાં ન્યાયકર્તા નક્કી કરવામાં આવ્યા હતા. જો જનાબે અલી પણ અમારી માફક તૌબા કરે અને અમારા દુશ્મનોના મુકાબલા માટે તૈયાર થઈ જાય તો અમે પણ જનાબે અલીની તરફ આવીશું.તેમને જવાબ આપવાની બાબતમાં ઈબ્ને અબ્બાસ સબ્ર કરી ન શક્યા અને તેમને કહેવા લાગ્યા, હું તમને ખુદાની કસમ આપીને પૂછું છું કે જે ખુદાવંદે તઆલાએ ઈરશાદ ફરમાવ્યો છે તેનું સમર્થન શું તમે નથી કરતા ? કે પુરૂષ અને સ્ત્રીની બાબતમાં ફરમાવ્યું છે કે તમે પુરૂષો અને સ્ત્રીઓમાંથી એક એક ન્યાયકર્તા મુકર્રર કરો. તેઓ એ બન્નેમાં સંધી કરવાનો ઈરાદો કરે. ખુદા તઆલા તેમનામાં દોસ્તી પેદા કરી દેશે.

ખારજીઓ બોલ્યા, ખુદાની કસમ, હા, એ મુજબ જ છે. ઈબ્ને અબ્બાસે કહ્યું, હવે તમે બતાવો કે મોહંમદ(સ.)ની ઉમ્મતમાં હુકમ શા માટે મુકર્રર ન કરવામાં આવે ? ખારજીઓએ જવાબ આપ્યો, જે કાર્યના હુકમની ખુદાએ લોકોને સલાહ આપી છે તેમાં વિચાર કરવા માટે ખુદાએ તેમને હુકમ પણ આપેલ છે. તેમાં તેઓ વિચાર પણ કરી શકે છે અને હુકમ લગાવી શકે છે અને જે કાર્યમાં ખુદાએ જાતે જ હુકમ લગાવ્યો છે તેને ચાલુ કર્યો છે, તેમાં બંદાઓએ વિચાર કરવાનો અવકાશ જ નથી જેમકે વ્યભિચારીને એકસો કોરડા ફટકારવા અને ચોરના હાથ કાપી નાખવાનો હુકમ ખુદ ખુદાએ લગાવ્યો છે એ બધાં કાર્યામાં લોકોએ વિચાર કરવો જોઈએ નહીં.

ઈબ્ને અબ્બાસે કહ્યું, ખુદાએ તઆલાએ એ માણસની બાબતમાં કે તે અપરાધમાં શિકાર કરે અને એક સસલું કે જેની કિંમત એક દિરહમના ચોથા

**ગમે શબ્બીરકા દર્યા જો તુગ્યાની પે આતા હે,**
**ઉમડ આતે હે દિલ, રૂકતી નહીં રિક્કત મુહર્રમમેં.**

(હઝરતે શબ્બીરના ગમનો દરિયો જ્યારે એકદમ ઉભરાઈ જાય છે ત્યારે દિલ ઉમટી પડે છે અને મોહર્રમમાં રૂદનને રોકી શકાતું નથી.)

ભાગથી વધારે નથી તેને ઝુબ્હ કરે તો ફરમાવે છે કે તમારામાંથી જે ન્યાય આપનારા હોય તેઓ તેની કુરબાનીનો હુકમ લગાવે. ખારજીઓએ કહ્યું, અય ઈબ્ને અબ્બાસ ! શું તમે શિકારનો હુકમ અને સ્ત્રી-પુરૂષના મામૂલી ગમના હુકમને મુસલમાનોના ખૂનના હુકમ બરાબર ગણો છો ? અને શું તમારી દૃષ્ટિએ ઉમર બિનુલ આસ આદિલ છે ? કાલે તો તે આપણી સાથે લડી રહ્યો હતો. જો એ આદિલ છે તો આપણે આદિલ ગણાઈ નહીં શકીએ. તમે ખુદાના હુકમમાં ન્યાયકર્તા(ની જરૂર) ગણો છો એમ છતાંય કે ખુદા તઆલાએ મોઆવિયા અને તેના મિત્રોની બાબતમાં એવી રીતે આત્મીયતા ચાલુ ફરમાવી છે કે કાંતો તેમને કતલ કરી નાખવામાં આવે કે પોતાની વાતથી રોકાઈ જાય. તમે હુકમનામામાં લડાઈનો માપદંડ લખી દીધો છે એમ છતાંય કે જઝીયો આપવાનો એકરાર કરનારાઓ સિવાય સૂરએ બરાત નાઝિલ ફરમાવીને ખુદા તઆલાએ હરબવાસીઓની સાથે ઈસ્લામના લોકોની એકબીજાથી વિદાયને બિલકુલ કાપી નાખી છે.

આવી રીતે વાતચીત થઈ રહી હતી એવામાં જનાબે અમીર(અ.) પણ આવી પહોંચ્યા અને અબ્દુલ્લાહ બિન અબ્બાસને ફરમાવ્યું, શું મેં તમને એમની સાથે વાતચીત કરવાની મનાઈ કરી ન હતી? પછી ખારજીઓ તરફ જોઈને ફરમાવવા લાગ્યા, તમારો કોઈ વકીલ છે ખરો કે જે તમારા તરફથી જવાબ આપી શકે ? બધાએ એકી અવાજે કહ્યું, અબ્દુલ્લાહ બિન અલકવી અમારો વકીલ છે. જનાબે અમીરે તેને પ્રશ્ન કર્યો કે તમે અમારા ઉપર આક્રમણ શા માટે કર્યું છે ? તેણે જવાબ આપ્યો કે સિફ્ફિનના દિવસની તમારા હુકમની નિયુક્તિએ અમને એ બાબત પર મજબૂર કરી દીધા છે.

જનાબે અમીર(અ.)એ ફરમાવ્યું, જયારે શામીઓએ કુરઆન ઊંચાં કર્યાં હતાં ત્યારે મેં તમને નહોતું કહ્યું કે હું તેમના ફરેબને તમારા કરતાં વધારે જાણું છું. તે લોકોએ કુરઆન શરીફ માત્ર દગાબાજીના કારણે ઊંચાં કર્યાં છે જેથી તમને ફરેબ આપીને તમને પોતાની લડાઈથી દૂર રાખે. આથી તેમણે આ દગાબાજીને સ્થાપિત કરીને લડાઈને અટકાવી દીધી અને તમારા ઉપર આફત નાઝિલ થવાના ઉમેદવાર બની બેઠા.

જનાબે અમીર(અ.)એ તેમને ભૂતકાળની બધી જ બાબતો કહી સંભળાવી અને ત્યાર પછી એવું ફરમાવ્યું કે એ દિવસે તમે મારી એક પણ વાત ન માની. મેં ન્યાયનામામાં એવી શરત લખી હતી કે બન્ને ન્યાયકર્તાઓ એ કાર્યને જીવિત કરે કે જેને કુરઆને જીવિત કરેલ છે અને એ કાર્યને મારવા માટે કટિબધ્ધ બને કે જેને કુરઆને મારેલ છે. કુરઆન **'અલ્હમ્દોલિલ્લાહ'** અને **'વન્નાસ'**ના બે પાસાઓની વચ્ચે લખાયેલું છે. તે પોતે કંઈ બોલતું નથી પરંતુ લોકો તેનાથી વાત કરે છે.

ખારજીઓએ કહ્યું, ફરમાવો કે આપે માપદંડ શા માટે નક્કી કર્યો હતો ? જનાબે અમીરે ફરમાવ્યું, એટલા માટે કે એ માપદંડમાં અમારી હકીકતથી અપરિચિત માણસ પરિચિત થઈ જાય અને જે પરિચિત હોય તેને વધારે સાબિતીઓ મળી જાય. વધુમાં એ પણ વિચાર હતો કે કદાચ ખુદા તઆલા આ મુદત દરમિયાન આ ઉમ્મતમાં એકતા પેદા કરી દે અને તેને યોગ્ય રસ્તો બતાવી દે. ખારજીઓએ

**યે હી અજ્રે રિસાલત હૈ, યે હી ખૂશ્નુદીએ ખાલિક,**
**યે હી ઈસ્લામી શૌકત, યે હી નુસરત મુહર્રમમેં.**

(આ જ નબી સાહેબની રિસાલતનો બદલો છે અને આ જ સર્જનહાર અલ્લાહની પ્રસન્નતા છે. આ જ ઈસ્લામનો દબદબો છે અને આ જ ઈસ્લામની મદદ છે.)

કહ્યું, હવે એ બતાવો કે જે દિવસે ન્યાયનામુ લખવામાં આવ્યું હતું અને કાતિબે (લહિયાએ) એવું લખ્યું હતું (કે આ એવું કાર્ય છે જેની ઈચ્છા અમીરુલ મોમિનીન અલી અને મોઆવિયા કરે છે) તો ઉમરૂ બિનુલ આસના ઈન્કારને કારણે આપ **'મોમિનીન'** શબ્દવાળા આપના નામને છેકી નાખ્યું હતું અને કાતિબને એવું લખાવ્યું (કે આ એવું કાર્ય છે કે જેની અલી અને મોઆવિયા ઈચ્છા રાખે છે) આથી જ્યારે આપ અમીરુલ મોમિનીન ન થયા અને અમે લોકો મોમિન છીએ, આથી આપ અમારા અમીર ન રહ્યા.

જનાબે અમીરે જવાબ આપ્યો કે તમને ખબર હશે કે હુદૈબિયાના દિવસે હું જનાબે રસૂલિલ્લાહ(સ.)નો કાતિબ હતો. હઝરત(સ.)એ મને ફરમાવ્યું હતું કે લખો. (આ એવું કાર્ય છે કે જેના ઉપર મોહંમદ રસૂલિલ્લાહ અને સુહૈલ બિન ઉમરૂ સુલેહ કરે છે.) આના ઉપર સુહૈલ કહેવા લાગ્યો કે જો અમે આપને અલ્લાહના રસૂલ માનતા હોત તો આપ જનાબ સાથે જંગ શા માટે કરત ? આથી જે રીતે આં હઝરત(સ.)એ (પોતાનું પવિત્ર નામ છેંકી નાખ્યું હતું) એવી જ રીતે મેં પણ **'મોમિનીન'** શબ્દ સાથે જોડાયેલું મારું નામ છેંકી નાખ્યું છે. આ કાર્યમાં આં હઝરત(સ.)નું કાર્ય મારા માટે અનુકરણીય હતું. હવે બતાવો કે તમારી કોઈ હુજ્જત બાકી રહી ગઈ છે ખરી ?

બધા લોકો ચૂપ થઈ ગયા. જનાબે અમીરે તેમને ફરમાવ્યું, હવે ઊભા થાઓ અને તમારા શહેરમાં ચાલો, ખુદા તમામ ઉપર રહમ ફરમાવે. તેઓ કહેવા લાગ્યા, અમે શહેરમાં આવીશું ખરા પરંતુ હુકૂમતનો માપદંડ સમાપ્ત થઈ જાય ત્યાં સુધી અમે અહીં રોકાઈશું. જનાબે અમીર તેમની પાસેથી પાછા તશરીફ લાવ્યા. તે લોકો પોતાના વચનમાં બિલકુલ જૂઠ્ઠા હતા. જ્યારે ન્યાય કરનારાઓએ ચુકાદો આપી દીધો અને હાની બિન શરીહ ઈબ્ને અબ્બાસની સાથે જનાબે અમીરની ખિદમતમાં પહોંચી ગયો અને હુકૂમતના ચુકાદાથી આપને પરિચિત કર્યા તો આપે ઊભા થઈને લોકોને એક ખુત્બો સંભળાવ્યો અને હમ્દ અને નઆત પછી ઈરશાદ ફરમાવ્યો કે આ સંશોધન ગુનાહોનો નિરાશાપૂર્ણ વારસો અને શરમીંદગીનું પરિણામ છે. મેં તમને આ બન્ને વ્યક્તિઓની હુકૂમતથી પરિચિત કર્યા હતા પરંતુ તમે બધાએ મારી વાત ન માની અને મારા અભિપ્રાયને છોડી દીધો. એ બન્ને માણસોએ કે જેમને તમે હુકમ તરીકે નિયુક્ત કર્યા હતા તેમણે ખુદાની કિતાબને પીઠ પાછળ ફેંકી દીધી અને જે કાર્યને મારવાનો કુરઆને હુકમ આપ્યો હતો તેને જીવંત કરી દીધું અને જે કાર્યને જીવંત કરવાનો કુરઆને હુકમ આપ્યો હતો તેને મારી નાખ્યું. અને ખુદાની હિદાયત ત્યજી દઈને બન્ને જણ પોત પોતાની ઈચ્છાઓને અનુસરનારા બની ગયા અને ખુદાની રોશન હુજ્જત અને હઝરત(સ.)ની નૂરાની સુન્નતને છોડી દઈને બન્નેએ પોતાના અભિપ્રાયથી ચુકાદો આપ્યો અને ચુકાદામાં પણ વિવાદ સર્જ્યો અને બન્ને જણ સાચા રસ્તાથી વંચિત રહ્યા. આથી તમે શામની સફર કરવા માટે તૈયાર થઈ જાઓ અને પગના જોરે લશ્કર અહીંથી કૂચ કરી જાય. આટલું ફરમાવીને આપ મિમ્બર ઉપરથી નીચે ઉતર્યા અને ખારજીઓને એક પત્ર લખ્યો કે જેનું તાત્પર્ય આ મુજબ હતું : (ક્રમશઃ)

**કોઈ બીના દિખાતા હૈ કે સરવર હૈ શરીકે ગમ,**
**કોઈ અંધા સુનાતા હૈ કે બિદ્અત હૈ મુહર્રમમેં.**

(પોતાની આંખોંથી દેખતો માણસ બતાવે છે કે સરવરે દો આલમ હઝરત મોહંમદ મુસ્તફા(સ.) ઈમામ હુસૈન(અ.)ના ગમમાં સહભાગી છે જ્યારે છતી આંખે આંધળો માણસ મોહર્રમમાં બિદ્અતનાં ગાણાં સંભળાવતો હોય છે.)

## જ્ઞાન ગોષ્ઠિ

: સંપાદક :

'મોમિન રત્ન'

### ઈસ્લામી શિષ્ટાચાર

### કાઝિમુલ ગૈઝ

- **કાઝિમુલ** ગૈઝનો અર્થ થાય ગુસ્સાને પી જવો, અન્યને માફી આપી દેવી.
- **કાઝિમુલ ગૈઝ** અને સબર બન્ને એકબીજાને મળતા આવે છે પરંતુ કાઝિમુલ ગૈઝ ખાસ કરીને પોતાને અન્યાય થયો હોય છતાં પણ તે ગુસ્સાને પી જાય અને પોતાની જાતને અંકુશમાં રાખે તે સંદર્ભમાં વપરાય છે અને તે ઈસ્લામ ધર્મમાં ખૂબ જ પ્રશંસનીય કાર્યોમાંનું એક ગણાય છે.
- અંગ્રેજીમાં એક ઉક્તિ છે 'Bury the hatchet' જેનો ભાવાર્થ થાય (કુહાડીથી) વેર લેવાનો પ્રયત્ન કરવો એના કરતાં તો કુહાડીને જ દફનાવી દો અને મગજમાંથી વેર લેવાની ભાવનાને જ કાઢી નાખો.
- બીજી પણ ખૂબ જ પ્રચલિત ઉક્તિ છે : 'Forgive and forget' માફ કરી દો અને ભૂલી જાઓ. આ ઉક્તિ પણ ઉપરની ઉક્તિ જેવો જ અર્થ બતાવે છે.
- આનો અર્થ એવો થતો નથી કે તમે લોકોને ચારેય બાજુથી ખંધાઈ કરવા દો અને પછી તેમને માફ કરી દો. આ બાબત એ લોકો માટે લાગુ પડે છે કે જેમના ઉપર તમારી સત્તા ચાલતી હોય અથવા એ લોકો માટે કે જેઓ તૌબા કરતા હોય અથવા તો એ લોકો માટે કે જેમણે કોઈ કાર્ય ઈરાદાપૂર્વક ન કર્યું હોય.
- ગુસ્સાને ગળી જવો એ કડવી દવા પીવા સમાન બાબત છે અને જેમનું મનોબળ અથવા ઈચ્છા શક્તિ મજબૂત હોય એ જ લોકો ગુસ્સાને પી શકે છે. આ બાબત પયગમ્બર(સ.)ની નીચેની હદીસ ઉપરથી જોઈ શકાય છે :

**'તમારામાંથી સૌથી મજબૂત એ છે કે જે પોતાના નફ્સ ઉપર વિજય મેળવે છે જ્યારે કે તે ગુસ્સે થયેલો હોય અને તમારામાંથી સૌથી મોટો સાબિર એ છે કે જેણે તેના દુશ્મનને હંફાવી દીધો હોવા છતાં તેને માફ કરી દે છે.'**

- બીજી પણ એક હદીસ છે :

**'(વજનદાર) પથ્થરને ઊંચકવામાં તમે અત્યંત શક્તિ સમજો છો કે હકીકતમાં તો જ્યારે ગુસ્સાથી ભરેલો માણસ પોતાની જાતને અંકુશમાં રાખે છે તેને સમજો છો ?**

- ગુસ્સાને પી જવો એટલે કે પોતાની જાતને શાંત કરી દેવી, ઠંડી પાડી દેવી.

**'નિઃશંકપણે ગુસ્સો શયતાન તરફથી છે અને શયતાનને આગમાંથી બનાવેલ છે અને આગને પાણીથી હોલવવામાં આવે છે તેથી જ્યારે જ્યારે કોઈ માણસ ગુસ્સે ભરાય તો તેણે વુઝૂ કરી લેવું જોઈએ.'**

- વુઝૂ માણસના શરીરને શાંત પાડવાની અસર ધરાવે છે અને તેને ઠંડું પાડી દે છે. વળી વુઝૂ

**મુહર્રમ અય 'મનાઝિર' કયા કિયામતકા નમૂના હૈ,**
**હકો બાતિલકી આતી હૈ નઝર સૂરત મુહર્રમમેં.**

(અય મનાઝિર ! મોહર્રમનો મહિનો કયામતનો કેવો નમૂનો છે ! મોહર્રમના મહિનામાં હક અને બાતિલની પરિસ્થિતિ નજરે પડે છે.)

આપણને અલ્લાહની યાદ પણ અપાવે છે જેથી આપણે ફરીથી આપણી જાત ઉપર અંકુશ પ્રાપ્ત કરીએ છીએ.

- ઈમામ અલી મુર્તઝા(અ.)એ ફરમાવ્યું છે :

**'જો તમારામાંથી કોઈને ગુસ્સો ચઢે તો જો તે ઊભેલો હોય તો તેણે નીચે બેસી જવું જોઈએ અને જો તે બેઠેલો હોય તો તેણે સૂઈ જવું જોઈએ.'**

- આપણામાંથી બધાએ પોતાની જિંદગી દરમિયાન કોઈક સમયે તો ગુનાહ કર્યા હશે અને કેટલાક ગુનાહ તો કદાચ સજાને પાત્ર હશે. પરંતુ જો અલ્લાહ પોતાની અનંત દયાથી આપણને માફ કરી શકતો હોય તો પછી જ્યારે માણસો પોતાના કાર્ય માટે દિલગીરી વ્યક્ત કરતા હોય ત્યારે તેમની સાથે ગુસ્સે થવાનો આપણને શું અધિકાર છે ?
- સર્વશક્તિમાન અલ્લાહ તઆલાએ ફરમાવ્યું, **અય આદમની ઓલાદ ! ગુસ્સે થાઓ ત્યારે મને યાદ કરો જેથી હું તમને યાદ કરું જ્યારે કે તમે મારા ગઝબને પાત્ર હો અને તમારો નાશ ન કરું.'**

**'તમારા માઅબૂદ પાસેથી માફી મેળવવાની હોડમાં ઉતાવળ કરો, અને એ બાગ માટે પણ કે જેની પહોળાઈ (સમગ્ર) જન્નતોની અને પૃથ્વીની પહોળાઈ જેટલી છે, જેને સદાચારીઓ માટે તૈયાર કરેલ છે. જે લોકો વિપુલતાની હાલતમાં કે પ્રતિકૂળતાની હાલતમાં (મુક્તપણે) ધનને ખર્ચે છે, જેઓ ગુસ્સાને પી જનારા છે અને (બધા) માણસોને માફ કરે છે; કેમકે અલ્લાહ એવા લોકોને જ ચાહે છે કે જેઓ નેકી કરે છે. (૩:૧૩૩)**

- આપણા સાતમા ઈમામ મૂસા કાઝિમ(અ.)ને આ કારણે જ તો **'અલ કાઝિમ'**નો દુર્લભ ઈલ્કાબ મળ્યો છે. આપ કાઝિમુલ ગૈઝ (ગુસ્સાને પી જનાર)નું આદર્શ ઉદાહરણ છે. આપની સાથે અત્યંત ધૃણાપૂર્વકનો વ્યવહાર કરવામાં આવ્યો અને આપને ઝાલિમોએ આપની શહાદત સુધી જેલમાં ગોંધી રાખ્યા તેમ છતાંય આપે પોતાના ગુસ્સાને નિયંત્રણમાં રાખ્યો અને ધૈર્યપૂર્વક કષ્ટો સહન કર્યા.

અલ્લાહ તઆલા ફરમાવે છે :

**'માટે જે વસ્તુ તમને આપવામાં આવી છે તે માત્ર (આ ક્ષણભંગુર) સંસારી જીવનની પૂંજી છે, અને જે કાંઈ અલ્લાહની પાસે છે તે કેટલું ય બેહતર અને વધુ ટકી રહેનારું છે, (આ) તે લોકોના માટે કે જેઓ ઈમાન લાવ્યા છે તથા પોતાના પરવરદિગાર પર શ્રધ્ધા રાખે છે * અને જેઓ મહાન ગુના અને નિર્લજ્જ કાર્યોથી બચતા રહે છે અને જ્યારે તેઓ ક્રોધે ભરાય છે ત્યારે તેઓ માફ કરી દે છે.**

## વિશ્વાસઘાત

- દરેક મનુષ્યની પોતાની અમુક ખાનગી ગુપ્ત બાબતો હોય છે. આવી ગુપ્ત બાબતોને તે મુઝવણને કારણે, શરમને કારણે, અપરાધના કારણે કે આવાં બીજાં કોઈ કારણોને લીધે અન્ય લોકોની આગળ ખુલ્લી કરવા માગતો નથી હોતો.
- જ્યારે કોઈ માણસ પોતાની આવી ખાનગી વાત આપણને કહેતો હોય છે ત્યારે તે એવા વિશ્વાસથી કહેતો હોય છે કે આપણે તેની આ ગુપ્ત વાતને બીજા કોઈની આગળ ન કહીએ.
- પયગમ્બરે અકરમ(સ.)એ ફરમાવ્યું છે :

**'જે માણસ કોઈને આપેલ વચનને પાળતો**

**ન સૂનો ગર બૂરા કહે કોઈ, રોક લો ગર ગલત ચલે કોઈ,**
**ન કહો ગર બૂરા કહે કોઈ. બક્ષ દો ગર ખતા કરે કોઈ.** -મિર્ઝા ગાલિબ

(જો કોઈ ખરાબ વાત હોય તો ન સાંભળો. જો કોઈ ખરાબ વાત હોય તો કોઈને ન કહો. જો કોઈ ખોટા રસ્તે જઈ રહ્યો હોય તો તેને રોકી લો. જો કોઈ અપરાધ કરે તો તેને માફ કરી દો.)

**નથી તેનો કોઈ ધર્મ નથી હોતો.'**

- કુરઆન શરીફમાં સૂરા-૮, આયત-૨૭માં અલ્લાહ તઆલા ફરમાવે છે :

**'અય તમે કે જેઓ ઈમાન લાવ્યા છો, અલ્લાહનો અને રસૂલનો વિશ્વાસઘાત ન કરો અને તમને સોંપવામાં આવેલી વસ્તુઓમાં ઈરાદાપૂર્વક ખયાનત ન કરો.'**

- જો કોઈ માણસ આપણા હાથમાં અમુક પૈસા આપે અને એવું કહે કે તમે મહેરબાની કરીને આ પૈસા સાચવજો અને કોઈને પણ આપતા નહીં.
- હવે જો આપણે આ બાબત પર સહમત થઈએ અને ત્યાર પછી આ પૈસા બીજા કોઈને આપી દઈએ, ભલેને આપણે તે પૈસા પાછા મેળવવાના હોઈએ તો પણ આપણે વચનભંગ કર્યો કહેવાશે.
- ગુપ્ત રહસ્યોની બાબતમાં પણ આવું જ છે. કોઈએ આપણને કોઈ વસ્તુ સાચવવા માટે આપી હોય ભલેને પછી તે કોઈ ભૌતિક વસ્તુ હોય કે કોઈ ખાનગી વાત હોય, તે વસ્તુ અમાનત છે, કોઈની થાપણ છે અને આ વસ્તુ બીજા કોઈને આપી દેવાનો કે કોઈની ખાનગી વાતને જાહેર કરી દેવાનો આપણને કોઈ અધિકાર નથી. એવું કરવું એ અમાનતમાં ખયાનત કરી એવું કહેવાશે.
- પયગમ્બરે ઈસ્લામ(સ.)એ ફરમાવ્યું છે :

**'જ્યારે કોઈના ઘરમાં પ્રવેશવાની પરવાનગી આપવામાં આવે તો ચાર બાબતો એવી છે કે જે તંગદસ્તી(નિર્ધનતા)નું કારણ બને છે :**

ઉપરોક્ત ચાર બાબતોમાંની એક છે વિશ્વાસઘાત.

- આપ(સ.)એ એવું પણ ફરમાવ્યું છે :

**'મુનાફિક(ઢોંગી માણસ) ત્રણ ખાસિયતોથી ઓળખાય છે :**

**(૧) જ્યારે તે બોલે છે ત્યારે જૂઠું બોલે છે.**

**(૨) તે હંમેશાં વચનભંગ કરે છે.**

**(૩) જ્યારે તેના ઉપર વિશ્વાસ મૂકવામાં આવે છે ત્યારે તે વિશ્વાસભંગ કરે છે.**

- જ્યારે કોઈ માણસ આપણી આગળ કોઈ રહસ્ય પ્રગટ કરે અને આપણને એવું લાગે કે આ રહસ્યને બીજાને કહેવાથી આપણે તેને (રહસ્ય કહેનારને) મદદરૂપ થઈશું. આવા સંજોગોમાં આપણે શું કરવું?
- આવા સંજોગોમાં જો આપણે તેનો પરિચય ન આપીએ અને આપણે નિખાલસપૂર્વક એવું માનીએ કે આ બાબત તેના ભલા માટે જ છે તો આ રહસ્યને બીજાની આગળ પ્રગટ કરવું ગુન્હો નહીં ગણાય.
- એક બાબત આપણે યાદ રાખવાની જરૂર છે. ઈમામ અલી(અ.)એ ફરમાવ્યું છે કે જો આપણે આપણાં રહસ્યોને પોતે જ જાળવી શકતા ન હોઈએ અને બીજાઓને કહેતા ફરીએ તો આપણે બીજાઓનાં રહસ્યોનું રક્ષણ કરવાની આશા કેવી રીતે રાખી શકીએ કે જ્યારે આપણે પોતાનાં જ રહસ્યો સાચવી શકતા ન હોઈએ ? (ક્રમશઃ)

## ટચૂકડી વાત

સૂફી સંત ઈબ્રાહીમ બિન અદહમને પૂછવામાં આવ્યું,

'ઝોહદ અને તકવો કઈ રીતે અખત્યાર કરી શકાય ?'

જવાબ મળ્યો,

'કબરને જુઓ, તેની ભયાનકતાનો વિચાર કરો કે ત્યાં મદદ કરનાર કોઈ નહીં હોય. આખેરતનો રસ્તો ઘણો લાંબો અને વિકટ છે. તેને પસાર કરવા માટે કોઈ સાધન કે સામાન નથી અને કયામતનો ન્યાયાધિશ ખુદા છે કે જે જબ્બાર છે, તેની પાસે કોઈ પણ બહાનુ કે બચાવ નહીં ચાલી શકે.'

(આવા વિચારો અને મનન કરવાથી માણસમાં તકવો અને ઝોહદ પેદા થઈ શકે છે.)

# આપણા ઘરની વાતો

● **ઈલ્મ-ઓ-અમલ સ્કૂલ, કાકોશી(ઈંગ્લીશ મીડીયમ) સ્માર્ટ ક્લાસ સિસ્ટમના ઉદ્‌ઘાટન પ્રસંગે નામદાર બાવા સાહેબની પધરામણી :**

તા.૩૦-૯-૨૦૧૦ને ગુરૂવારના રોજ સાંજે ૫-૦૦ કલાકે પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) તથા હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)ની પધરામણી ઈલ્મ-ઓ-અમલ સ્કૂલ, કાકોશીમાં સ્માર્ટ ક્લાસ (ઓડીયો-વિઝયુઅલ) સીસ્ટમના ઉદ્‌ઘાટન પ્રસંગે થઈ હતી. સૌ પ્રથમ કાકોશીના મુખી તથા ઈલ્મ-ઓ-અમલ સ્કૂલના પ્રિન્સિપાલ મોહંમદહુસૈન ગોદડે નામદાર બાવા સાહેબનું ફુલહારથી સ્વાગત કર્યું હતું. ત્યાર પછી નામદાર બાવા સાહેબના હસ્તે કોમ્પ્યુટરાઈઝડ Smart Class સીસ્ટમનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું અને નામદાર બાવા સાહેબે સ્માર્ટ ક્લાસ સિસ્ટમ નિહાળી તે વિષે પૂછપરછ કરી હતી. ત્યાર બાદ ઈલ્મ-ઓ-અમલ સ્કૂલના સ્ટાફ સાથે બેઠક(મીટીંગ) કરી હતી જેમાં નામદાર બાવા સાહેબે એજ્યુકેશનના અનુસંધાનમાં તમામ સ્ટાફને હિદાયત કરી હતી. નામદાર બાવા સાહેબ ઉપરોક્ત કાર્યથી ખૂબ જ ખુશ થયા અને પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસેન બાવા સાહેબ(મદ્દે.)એ ગામડામાં આવી સરસ અને આધુનિક સ્કૂલ નિહાળી ખુશી વ્યક્ત કરી અને સ્કૂલની મુલાકાત લઈ પ્રસન્નતા અનુભવી હતી અને અંતે નામદાર બાવા સાહેબે વિદાય લીધી હતી. કાકોશી તથા ખડીયાસણા ગામમાં નામદાર બાવા સાહેબના દીદાર માટે રોડની બન્ને બાજુએ માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો.

આ સ્માર્ટ ક્લાસ સીસ્ટમનો (ઓડીયો-વિઝયુઅલ) પ્રોગ્રામ તાજેતરમાં સમગ્ર પાટણ જિલ્લામાં સૌ પ્રથમ ફક્ત ઈલ્મ-ઓ-અમલ સ્કૂલ ખાતે શરૂ કરવામાં આવેલ છે જે આપણા સમાજ, ગામ અને ઈલ્મ-ઓ-અમલ સ્કૂલ, કાકોશી માટે ગૌરવની અને ખુશીની બાબત છે. નામદાર બાવા સાહેબની દુઆથી સ્કૂલની સ્થાપના ૨૦૦૪માં થઈ ત્યારે પ્રથમ વર્ષે કે.જી. અને ધો.૧ શરૂ કરેલ હતું. સદર સ્કૂલને ધો.૫ થી નવીન આધુનિક કમ્પ્યૂટર તેમજ AV રૂમની સગવડો સાથેની બિલ્ડીંગમાં લઈ ગયા અને અત્યારે સાતમા વર્ષે કે.જી.થી લઈ ધો. ૭ સુધીના વર્ગો ચાલે છે. સ્કૂલમાં હાલ વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૫૩૬ છે.

● **આબુરોડ(રાજસ્થાન)માં હાજરપીરની પધરામણી :**

આબુરોડ મોમિન જમાઅતની યાદી જણાવે છે કે મુ.તા.૨૩ ઝિલકાદ, તા.૧-૧૧-૨૦૧૦ના રોજ નામદાર હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)ની પધરામણી થયેલ હતી. પહેલા દિવસે શિસ્ત અને સાદગીથી નાની બાળાઓએ ગુરૂવાણી દ્વારા નામદાર બાવા સાહેબનું સ્વાગત કર્યું હતું. મજલિસની શરૂઆત કુરઆનની તિલાવત, દુરૂદ શરીફ અને પ્રાસંગિક પ્રવચન દ્વારા કરવામાં આવી હતી. ત્યાર બાદ નામદાર બાવા સાહેબે પોતાની અમૃતવાણીમાં બાપ બેટાના સંબંધો વિષે તથા કઈ રીતે જીવન જીવવું તેની થોડીક વાતો સમજાવી દુઆ માગી હતી. મોલ્વી સાહેબે ફાતિહા પઢાવી મજલિસ પૂર્ણ કરી હતી. ત્યાર બાદ બીજા અને ત્રીજા દિવસે નામદાર બાવા સાહેબે આબુરોડ ખાતે રહેતા મોમિન ભાઈઓના ઘેર તેમજ દુકાને બીછાણા કરી બે દિવસની રાત્રીની મજલિસમાં પોતાની અમૃતવાણીનું

રસપાન કરાવ્યું હતું. છેલ્લે તા.૪-૧૧-૨૦૧૦ના રોજ વિદાય પ્રસંગે આપ નામદારે પોતાના ત્રણ દિવસના રોકાણના અનુભવ બાબતે પ્રશંસા કરતાં એવું જણાવ્યું હતું કે મોમિન ભાઈ-બહેનો અને બાળકોની શિસ્ત તથા બિછાણા દરમિયાન આબુરોડના હિન્દુ ભાઈઓએ શિસ્ત અને નમન સાથે નામદારનું સ્વાગત કરેલ જે આપને ખૂબ જ પસંદ પડેલ હતું. અંતે નામદાર બાવા સાહેબે દુઆ માગી વિદાય લીધી હતી.

● **ઈન્નાલિલ્લાહે :**



બાદરપુર નિવાસી **મર્હૂમ મો.હુરીબેન રહીમભાઈ સુથાર** મુ.તા.૧ શવ્વાલ-૧૪૩૧, તા.૧૧-૯-૨૦૧૦ને શનિવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે નમ્ર, હસમુખા, લાગણીશીલ, માયાળુ અને પીરો મુરશિદ તથા એહલેબયત(અ.)નાં ચાહક હતાં. --->



<--- ઈલોલ તલાવ નિવાસી **મર્હૂમા મો.સુગરાબેન આબિદઅલી ડોડીયા** મુ.તા.૧૧ શવ્વાલ-૧૪૩૧, તા.૨૧-૯-૨૦૧૦ને મંગળવારના રોજ હૃદયરોગના હુમલાથી ૪૫ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા નેક દિલ અને સ્વભાવે માયાળુ તથા સખત પરિશ્રમી હતાં.



મજાદર(મહેરપુરા) નિવાસી **મર્હૂમ મો.ગુલામહુસૈન નુરમોહંમદ વલુડા** મુ.તા.૧૦, ઝિલહજ-૧૪૩૧, તા.૧૯-૧૦-૨૦૧૦ને મંગળવારના રોજ હૃદયરોગના હુમલાથી ૫૪ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે મિલનસાર અને પીરો મુરશિદ તેમજ પંજેતન પાક(અ.)ના આશિક હતા. મર્હૂમ મોહર્રમ માસમાં ઈમામ હુસૈન(અ.)ની નોબત વગાડવામાં માહિર હતા. મર્હૂમના અવસાનથી જમાઅત તેમજ સમગ્ર ગામે ઘેરા શોકની લાગણી અનુભવી હતી. --->



<--- બાદરપુર નિવાસી **મર્હૂમ મો.હાજી મુખી કમાલભાઈ સાવદીભાઈ બટ્ટી** મુ.તા.૫ ઝિલહજ-૧૪૩૧, તા.૧૨-૧૧-૨૦૧૦ને શુક્રવારના રોજ ૭૬ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે નેક, ઈમાનદાર, પરહેઝગાર, ગરીબો પ્રત્યે હમદર્દી રાખનાર, દયાળુ, નરમ, સહનશીલ, રહેબરના ચાહક અને આશિકે હુસૈન(અ.) હતા. તેઓ ઘણા વર્ષની બાદરપુરના મુખી હતા તેમજ બાદરપુર વિભાગની એકતા કમિટીના પ્રમુખ અને સમગ્રી શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅતની જાફરી સુપર કાઉન્સીલના ઉપ પ્રમુખ હતા. તેઓ હાજરપીર પ્રત્યે ઊંડી આસ્થા ધરાવતા હતા.



<--- ઈલોલ તલાવ નિવાસી **મર્હૂમ મો.એહસાનઅલી ઈસ્માઈલભાઈ હાજી** મુ.તા.૫ ઝિલહજ-૧૪૩૧, તા.૧૨-૧૧-૨૦૧૦ને શુક્રવારના રોજ પેટની લાંબી બીમારી બાદ ૩૦ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે નેક અને એહલેબયત(અ.)ના ચાહક હતા. તેઓ મોહર્રમ માસમાં નૌહા પઢતા હતા.

અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનની ગરીકે રહેમત કરે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૧૦૦/- મો.હાજીયાણી ફાતમાબેન નુરમહંમદ(કઠોર)તરફથી જનાબા સૈયદા ઈતરતફાતેમા બેગમ સાહેબાની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૧/- મો.ફિરોઝહુસૈન કાસિમભાઈ(કઠોર) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.) તથા મર્હૂમ કાસિમભાઈની રૂહના સવાબ અર્થે.

**રૂા.૫૦૧/- આબુરોડ(રાજસ્થાન) મોમિન જમાઅત તરફથી નામદાર બાવા સાહેબની પધરામણી થઈ તેની ખુશાલી પ્રસંગે.**

**મર્હૂમા મો.સુગરાબેન આબિદઅલી ડોડીયા (ઈલોલ તલાવ)ની રૂહના સવાબ અર્થે તેમના કુટુંબીજનો તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૫૦૦/- મો.આબિદઅલી નુરભાઈ ડોડીયા
રૂા.૫૦૦/- મો.ગુલામહૈદર નુરભાઈ ડોડીયા
રૂા.૧૦૦/- મો.મુસ્તાકઅલી નુરભાઈ ડોડીયા
રૂા.૧૦૦/- મો.ઝોહરાબેન નુરભાઈ ખરોડીયા
રૂા.૧૦૦/- મો.હબીબાબેન એહસાનઅલી હાજી

**મર્હૂમ મો.એહસાનઅલી ઈસ્માઈલભાઈ હાજી (ઈલોલ તલાવ)ની રૂહના સવાબ અર્થે તેમના પરિવારજનો તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૫૦૦/- મો.ગુલામહૈદર નુરભાઈ ડોડીયા
રૂા.૧૦૦/- મો.આબિદઅલી નુરભાઈ ડોડીયા
રૂા.૧૦૦/- મો.મુસ્તાકઅલી નુરભાઈ ડોડીયા
રૂા.૧૦૦/- મો.હબીબાબેન હૈદરઅલી વાઘ
રૂા.૧૦૦/- મો.નાસેરાફાતેમા હૈદરઅલી વાઘ
રૂા.૧૦૦/- મો.રૂકૈયાબેન અકબરઅલી બાદરપુરા
રૂા.૧૦૦/- મો.રાશેદાફાતેમા અકબરઅલી બાદરપુરા
રૂા.૧૦૦/- મો.મહંમદઅલી ગુલામભાઈ હાજી
રૂા.૨૦/- મો.અલજીભાઈ ગુલામભાઈ લોઢા
રૂા.૫૦૦/- મો.ઈસ્માઈલભાઈ ગુલામભાઈ હાજી
રૂા.૨૫૦/- મો.હબીબભાઈ ગુલામભાઈ હાજી

**રૂા.૩૭૮૬/- મો.મર્હૂમ હાજી કમાલભાઈ સાવદીભાઈ બટ્ટી(બાદરપુર)ની રૂહના સવાબ અર્થે તેમના કુટુંબીજનો તરફથી મળેલ ડોનેશન.**

**મર્હૂમા મો.હુરીબેન રહીમભાઈ સુથાર (બાદરપુર)ની રૂહના સવાબ અર્થે તેમના સ્નેહીજનો તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૧૦૧/- મો.ઝયનબબેન રહીમભાઈ સુથાર
રૂા.૧૦૧/- મો.ગુલામહૈદર રહીમભાઈ સુથાર
રૂા.૫૧/- મો.ઝહેરાબેન ગુલામહૈદર સુથાર
રૂા.૫૧/- મો.મહેંદીઅલી ગુલામહૈદર સુથાર
રૂા.૫૧/- મો.આબિદઅલી ગુલામહૈદર સુથાર
રૂા.૨૫/- મો.મન્સુરાબેન મહેંદીઅલી સુથાર
રૂા.૨૫/- મો.હુસૈનાબેન આબિદઅલી સુથાર
રૂા.૧૧/- મો.કાઝિમઅલી આબિદઅલી સુથાર
રૂા.૧૧/- મો.શહીદાફાતેમા મહેંદીઅલી સુથાર
રૂા.૧૦૧/- મો.ઈસ્માઈલભાઈ રહીમભાઈ સુથાર
રૂા.૫૧/- મો.કુલસુમબેન ઈસ્માઈલભાઈ સુથાર
રૂા.૨૫/- મો.ઝહીરઅબ્બાસ ઈસ્માઈલભાઈ સુથાર
રૂા.૨૫/- મો.રહેમતફાતમા ઈસ્માઈલભાઈ સુથાર
રૂા.૨૫/- મો.ઈમરાનહૈદર ઈસ્માઈલભાઈ સુથાર
રૂા.૫૧/- મો.ગુલામઅબ્બાસ નાથુભાઈ સુથાર
રૂા.૨૫/- મો.હલીમાબેન ગુલામઅબ્બાસ સુથાર
રૂા.૫૧/- મો.ઈસ્માઈલભાઈ સુલેમાનભાઈ સુથાર
રૂા.૫૧/- મો.ગુલામહૈદર અલજીભાઈ સુથાર
રૂા.૫૧/- મો.સુગરાબેન ગુલામહૈદર સુથાર
રૂા.૨૫/- મો.રહેમતફાતેમા ગુલામહૈદર સુથાર
રૂા.૨૫/- મો.ફતેહઅલી ગુલામહૈદર સુથાર

રૂા.૨૫૦/- મો.ગુલામહુસૈન, યાકુબભાઈ, જુસબભાઈ, શબ્બીરઅલી તથા હૈદરઅલી વસો જમાઅતમાં જોડાયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- બંદએ ખુદા તરફથી મર્હૂમ મો.ગુલામહુસૈન નુરમહંમદ વલુડા(મજાદર-મહેરપુરા)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૦૦/- ગુડલક ટ્રાન્સપોર્ટ કં.(વસો) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.)ની રૂહના સવાબ અર્થે.

**મર્હૂમ મો.ગુલામહુસૈન નુરમોહંમદ વલુડા (મજાદર-મહેરપુરા)ની રૂહના સવાબ અર્થે તેમના સ્નેહીજનો તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૨૫૧/- મો.ખાતુનબેન ગુલામહુસૈન વલુડા
રૂા.૧૦૧/- મો.મહંમદઅલી ગુલામહુસૈન વલુડા

રૂા.૧૦૦/- મો.હસનઅલી ગુલામહુસૈન વલુડા
રૂા.૧૦૦/- મો.અકબરઅલી ગુલામહુસૈન વલુડા
રૂા.૧૦૦/- મો.સાજીદઅલી ગુલામહુસૈન વલુડા
રૂા.૧૦૦/- મો.સાકિરઅલી ગુલામહુસૈન વલુડા
રૂા.૧૦૦/- મો.સિરાજએહમદ ગુલામહુસૈન વલુડા
રૂા.૧૦૦/- મો.આબિદહુસૈન ગુલામહુસૈન વલુડા
રૂા.૧૦૦/- મો.એહમદઅબ્બાસ ગુલામહુસૈન વલુડા
રૂા.૧૦૦/- મો.હુસૈનાબાનુ મહંમદઅલી વલુડા
રૂા.૫૦/- મો.અબ્બાસઅલી મહંમદઅલી વલુડા
રૂા.૧૦૦/- મો.આબેદાબાનુ હસનઅલી વલુડા
રૂા.૫૦/- મો.મોહસિનઅલી હસનઅલી વલુડા
રૂા.૧૦૦/- મો.સાબેરાબાનુ અકબરઅલી વલુડા
રૂા.૫૦/- મો.અનવરહુસૈન અકબરઅલી વલુડા
રૂા.૧૦૦/- મો.સાકેરાબાનુ સાજીદઅલી વલુડા
રૂા.૧૦૦/- મો.અહમદઅલી સુલેમાનભાઈ મહેતા
રૂા.૧૦૦/- મો.તાહેરાબાનુ અહમદઅલી વલુડા
રૂા.૧૦૦/- મો.કુલસુમફાતેમા અહમદઅલી વલુડા
રૂા.૧૦૦/- મો.મહેંદીહસન અહમદઅલી વલુડા
રૂા.૧૦૦/- મો.ઝયનબફાતેમા અહમદઅલી વલુડા
રૂા.૫૦/- મો.અઝમતફાતેમા શબ્બીરઅલી વલુડા
રૂા.૫૦/- મો.ફતેહઅલી શબ્બીરઅલી વલુડા
રૂા.૫૦/- મો.કામયાબઅલી સાદિકઅલી વલુડા
રૂા.૧૦૦/- મો.મતલુબઅલી દાઉદભાઈ મહેતા
રૂા.૧૦૦/- મો.ફાતેમાબેન મતલુબઅલી મહેતા
રૂા.૧૦૦/- મો.અબ્બાસઅલી મતલુબઅલી મહેતા
રૂા.૧૦૦/- મો.ફતેહઅલી મતલુબઅલી મહેતા
રૂા.૧૦૦/- મો.સિરાજએહમદ મતલુબઅલી મહેતા
રૂા.૧૦૦/- મો.ઈરફાનાબાનુ મતલુબઅલી મહેતા
રૂા.૧૦૦/- મો.ગુલામહુસૈન દાઉદભાઈ સુણસરા
રૂા.૫૦/- મો.શબ્બીરઅલી ગુલામહુસૈન સુણસરા મુખી
રૂા.૫૦/- મો.શહરબાનુ શબ્બીરઅલી સુણસરા
રૂા.૨૫/- મો.મોહંમદઅલી ગુલામહુસૈન સુણસરા
રૂા.૩૦/- મો.મંજૂરહુસૈન આદમભાઈ સુણસરા
રૂા.૨૫/- મો.જાફરઅલી સુલેમાનભાઈ અલાદ
રૂા.૨૫/- મો.નજરમોહંમદ સુલેમાનભાઈ અલાદ
રૂા.૨૫/- મો.અબ્બાસઅલી સુલેમાનભાઈ અલાદ
રૂા.૨૫/- મો.આબિદઅલી સુલેમાનભાઈ અલાદ
રૂા.૫૦/- મો.મહંમદઅલી ગુલામહુસૈન સિધ્ધપુરા
રૂા.૫૦/- મો.ઝયનબબેન મહંમદઅલી સિધ્ધપુરા
રૂા.૫૦/- મો.ઈસ્માઈલઅલી મહંમદઅલી સિધ્ધપુરા
રૂા.૫૦/- મો.શૌકતઅલી મહંમદઅલી સિધ્ધપુરા

રૂા.૧૦૦/- મો.આબેદાબાનુ હસનઅલી વલુડા (મજાદર-મહેરપુરા)તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૧૦/- મો.તાહેરાબેન અહમદઅલી મહેતા (હૈદરાબાદ)તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.), જનાબા સૈયદા ખૈરૂન્નિસા બેગમ સાહેબા તથા જનાબા સૈયદા ઈતરતફાતેમા બેગમ સાહેબાની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦/- મો.નજરમોહમંદ ઈબ્રાહીમભાઈ ખોરજીયા(મુંબઈ)તરફથી સલમાબાનુએ માહે રમઝાનના સાત રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૫૧/- મો.નાસીરઅલી ઈસ્તિયાકહુસૈન તથા મો.ઝાકેરાફાતેમા હસનઅલી તરફથી મર્હૂમા મો.મરીયમબીબી દાઉદભાઈ, મર્હૂમ મો.ગુલામઅલી દાઉદભાઈ તથા મર્હૂમા મો.સઈદાબાનુ ગુલામઅલીની રૂહના સવાબ અર્થે.


## રહેમત સેલ્સ

અમદાવાદ સીટી, રીંગ રોડ, સાણંદ, રાજસ્થાન એરીયા તેમજ સમી, હારીજ, શંખેશ્વર, મહેસાણા જિલ્લાના ગામોમાં જમીન લે-વેચ માટે મળો.

**નોંધ :** હોટલ માટે જમીન તથા ચાલુ હાલતમાં હોટલ આપવા-લેવા માટે મળો.

**અબ્બાસઅલી એન. હીરા(બાદરપુરવાળા)**
મોબાઈલ : ૯૯૦૪૧૫૧૧૪૭